
ભાગ ૪



# સમાધિ શતક

આચાર્ય યશોવિજયસૂરિ

આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ - ૬૪

# સમાધિ શતક

ભાગ-૪

આચાર્ય યશોવિજયસૂરિ

• સૌજન્ય •

ગુરુભક્તો તરફથી...

**સમાધિ શતક (ભાગ-૪)**

**મૂલ્ય : ૮૦-૦૦ રૂ.**

**પ્રથમ આવૃત્તિ : જૂન, ૨૦૧૨**

**પ્રાપ્તિસ્થાન**


- **સેવંતીલાલ એ. મહેતા**
  ૪-ડી, સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરત
  ફોન : ૨૬૬૭૫૧૧ (મો.) ૯૮૨૪૧ ૫૨૭૨૭
  E-mail : omkarsuri@rediffmail.com
  mehta_sevantilal@yahoo.co.in

- **સરસ્વતી પુસ્તક ભંડાર**
  હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

- **ધીરૂભાઈ વડેચા**
  ૧૦૧, શ્રી ભુવન, પહેલે માળે, ૨૮૯, એસ.વી.પી. રોડ, મુંબઈ-૦૪
  ફોન : ૨૩૮૭૬૩૧૫ (મો.) ૯૩૨૩૧ ૭૬૩૧૫

- **આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
  વાવ પંથક વાડી, દશાપોરવાડ સોસાયટી,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
  સુરેશભાઈ કે. મહેતા ફોન : ૨૬૫૮૦૦૫૩ (મો.) ૯૪૨૯૩ ૫૫૯૫૩

- **વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ**
  હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)-ગુજરાત
  ફોન : ૨૭૪૪-૨૩૩૧૨૯


મુદ્રક : **કિરીટ ગ્રાફિક્સ**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, પાનકોરનાકા, અમદાવાદ-૧ (મો.) ૯૮૯૮૪૯૦૦૯૧

## તારક છાયા

**શ્રી ઝીંઝુવાડા મંડન પરમ તારક**
**શ્રી શાંતિનાથ ભગવાન**
**શ્રી મહાવીરસ્વામી ભગવાન**

## દિવ્ય આશિષ

પૂજ્યપાદ, વચનસિદ્ધ યુગપુરુષ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, નિઃસ્પૃહ શિરોમણિ
મુનિપ્રવરશ્રી **વિનયવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, ભક્તિયોગાચાર્ય, સંયમૈકદષ્ટિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ભદ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વિદ્વદ્વર્ય મુનિપ્રવર શ્રી **જનકવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, સંયમૈકનિષ્ઠ મુનિપ્રવરશ્રી **હ્રીંકારવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, તપસ્વિરત્ન મુનિપ્રવરશ્રી **વિલાસવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, શાસનધુરીણ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ૐકારસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, આગમપ્રજ્ઞ શ્રુતસ્થવિર
પ્રવર્તક મુનિપ્રવરશ્રી **જંબૂવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, આરાધનારત મુનિરાજશ્રી **જિનચન્દ્રવિજયજી** મહારાજા સાહેબ

## આશિષ

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **અરવિન્દસૂરીશ્વરજી** મહારાજા
પૂ. સાધ્વીજી **કલ્પલતાશ્રીજી** મહારાજ (માતુશ્રી મહારાજ)

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૭૭ | પ્રભુનું સુરક્ષાચક્ર | ૨ |
| ૭૮ | આત્મદ્રષ્ટા સાધક | ૧૦ |
| ૭૯ | કોન્સ્યસ સ્લીપ | ૧૬ |
| ૮૦ | મુનિત્વ : ક્ષણ ક્ષણની જાગૃતિ | ૨૨ |
| ૮૧ | જ્ઞાન દ્વારા સ્વરૂપસ્થિતિ | ૨૯ |
| ૮૨ | 'બહાર જેવું કંઈ છે જ નહિ !' | ૩૭ |
| ૮૩ | જીવન્ત દીપના સાન્નિધ્યમાં | ૪૨ |
| ૮૪ | પોતાનું પોતાની ભીતર સ્થિર થવું | ૪૯ |
| ૮૫ | સ્વરૂપ સ્થિતિની ઝલક | ૫૫ |
| ૮૬ | વિરહાસક્તિનું મહાકાવ્ય | ૬૨ |
| ૮૭ | જ્ઞાની પુરુષની જાગૃતિ | ૬૯ |
| ૮૮ | સમાધિ છે લક્ષ્ય | ૭૫ |
| ૮૯ | સાધનાની અભ્યસ્તતાનાં ત્રણ ચરણો | ૮૨ |
| ૯૦ | સર્વસ્વીકારની સાધના | ૮૮ |
| ૯૧ | 'ઐસા હિ રંગ દે કિ...' | ૯૨ |
| ૯૨ | 'સુરત નિરત કો દીવલો જોયો'... | ૯૮ |
| ૯૩ | વિસ્મય : યોગનું પ્રવેશ દ્વાર | ૧૦૪ |
| ૯૪ | ક્ષણ ક્ષણની જાગૃતિ | ૧૧૨ |
| ૯૫ | 'તમે છો જ્યોતિર્મય !' | ૧૧૮ |
| ૯૬ | 'જૈન કહો ક્યું હોવે ?' | ૧૨૩ |
| ૯૭ | નિશ્ચય જાણ્યો કોણે કહેવાય ? | ૧૩૦ |
| ૯૮ | ઉદાસીનભાવમાં મહાલવાની ક્ષણો | ૧૩૬ |
| ૯૯ | 'ચેતન ! અબ મોહિ દરિસન દીજે !' | ૧૪૧ |
| ૧૧૦ | 'પૂરન બ્રહ્મ કી સેજે રે...' | ૧૪૭ |
| ૧૦૧ | 'રોમ રોમ શીતલ ભયો...' | ૧૫૨ |
| ૧૦૨ | સાધનાની અષ્ટપદી | ૧૫૮ |
| ૧૦૩ | ઊર્ધ્વરિતસ્તા | ૧૬૪ |
| ૧૦૪ | 'તબ દેખે નિજ રૂપ' | ૧૭૧ |
| ● | **પરિશિષ્ટ-૧** | ૧૭૪ |
| ● | **પરિશિષ્ટ-૨** | ૧૭૯ |


● ● ●

## ૭૭

# આધાર સૂત્ર

*ભાવલિંગ જાતેં ભયે,*
*સિદ્ધ[1] પનરસ ભેદ;*
*તાતેં આતમકું નહિ,*
*લિંગ ન જાતિ ન વેદ...(૭૭)*

સિદ્ધોના પંદર ભેદ (સ્વલિંગ સિદ્ધ, અન્યલિંગ સિદ્ધ આદિ) છે. તેથી ભાવલિંગની જ પ્રધાનતા થઈ.

આત્માને નથી લિંગ, નથી જાતિ, નથી વેદ....

[જાતેં = જેથી]
[ભયે = થયા]
[તાતેં = તેથી]

૧. સિદ્ધા, A - B - D - F

# ૭૭

## પ્રભુનું સુરક્ષાચક્ર

'શ્રી આદિજિન વિનતિ'માં મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે પ્રભુ સાથેની વાતચીતનો એક મઝાનો લય બાંધ્યો છે. બાળક માની સાથે વાત કરતું હોય એ લય બહુજ મઝાનો લાગે છે :

'કૃપા કરી મુજ દેવ રે, ઈહાં લગી આણિયો,
નરક નિગોદાદિક થકી એ- ૩૧
આવ્યો હવે હજૂર રે, ઊભો થઈ રહ્યો,
સામું શ્યેં જુઓ નહિ એ- ૩૨'

વીતરાગ સ્તોત્રમાં પણ કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિ મહારાજે આ લય પકડ્યો છે. ઉપરની કડીઓ વીતરાગ સ્તોત્રના અનુવાદ રૂપ જ, તેથી લાગે.

પ્રભુ ! તારી કૃપાથી જ હું અહીં સુધી આવ્યો છું.[1] પણ અત્યારે સાધના-પથમાં જ્યારે ચાલી રહ્યો છું ત્યારે ક્યારેક એવું કેમ લાગે છે કે તારો એ કૃપાનો હાથ છૂટી ગયો છે ![2]

શબ્દ-વાચનામાં ત્યાં ક્યાંય આનો જવાબ અપાયો નથી. પણ અશબ્દ-વાચનામાં પ્રત્યુત્તર અપાયો છે. ને પરમચેતના તરફથી મળતો પ્રતિસાદ તો મધુર જ રહેવાનો ને !

ત્યાં એવું કહેવાયું છે કે જ્યાં સુધી ભક્ત અસહાય હતો, ત્યાં સુધી પરમચેતનાનો સાથ રહ્યો. પણ સાધનાનું કર્તૃત્વ પોતાના હાથમાં સાધકે લીધું ત્યારે પરમચેતનાનો સાથ છૂટ્યો હોય એવું અનુભવાયું.

● ● ●

સાધક, ભક્ત પોતાની આ નબળી કડીને લક્ષ્યમાં નથી લેતો. એ કહે છે :

---

१. भवत्प्रसादेनैवाह-मियतीं प्रापितो भुवम् ।
२. रत्नत्रयं मे ह्रियते, हताशो हा ! हतोऽस्मि तत् ॥

ઉવેખશો અરિહંત રે, જો આણિ વેળા;

તો માહરી શી વલે થશે એ. ૩૫

પ્રભુ ! જો તમે મારી ઉપેક્ષા કરશો તો મારી શી હાલત થશે ?

કેવી હાલત થઈ શકે ?

ઊભાં છે અનેક રે, મોહાદિક વૈરી,

છળ જુએ છે માહરા એ. ૩૬

તેહને વારો વેગે રે, દેવ ! દયા કરી,

વળી વળી શું વિનવું એ. ૩૭

મારી હાલત કફોડી થશે એ આપ જાણો જ છો ને, પ્રભુ ? મોહ આદિ શત્રુઓ મારા ઉપર ત્રાટકવાની રાહ જોઈને બેઠા છે. આપનું રક્ષાચક્ર મારા પર નથી એવો ખ્યાલ આવતાં જ બધા શત્રુઓ મારા ઉપર તૂટી નહિ પડે ?

• • •

પ્રભુ કેવું મઝાનું સુરક્ષાચક્ર આપી દે છે ! ભક્તની સમર્પિત દશા એ સુરક્ષાચક્રને સ્વીકારી શકે છે.

પદાર્થો, વ્યક્તિઓ કે શરીર પર રાગદશા ઊભરવા લાગે; દુશ્મનો સક્રિય બને, ત્યાં જ પ્રભુનું સુરક્ષાચક્ર ભક્તને બચાવી લે છે.

કેવી રીતે કામ કરે છે એ સુરક્ષાચક્ર ?

સમર્પિત દશા રાગની સામે રાગને ટકરાવે. અશુભ રાગની ધારા તૂટી જાય. પ્રભુના પ્રશમ રસને જોતાં જો એ જ ગમી જાય તો પદાર્થરાગ આદિ શું કરશે ?

રાધનપુરના શ્રેષ્ઠિવર્ય કમળસીભાઇ. પૂરા માતૃભક્ત. માની જીવનસંધ્યાએ એકવાર તેમણે માને પૂછેલું : મા ! તારા બસ્સો તોલાના સોનાના દાગીના છે. એનું શું કરવું છે ?

માએ કહ્યું : તારા શ્રાવિકાએ મારી ખૂબ સેવા કરી છે. એને એ દાગીના આપજે. કમળસીભાઈએ કહ્યું : મા ! તું કહેશે, તેમ જ થશે. પણ તું એટલું વિચાર કે તારી પુત્રવધૂને તું એ દાગીના આપીશ, તો એણીને તેના પર રાગ થશે અને તેણી કર્મબંધ કરશે. અને જો તું કહે તો એ સોનાની પ્રભુની આંગી બનાવીએ તો હજારો લોકો એનાં દર્શન કરીને પોતાનાં કર્મો ખપાવશે... તું વિચાર કરીને કહે. તું કહીશ તેમ કરીશ.

માએ કહ્યું : બેટા ! વિચાર કરતાં મને લાગે છે કે પ્રભુની આંગીમાં સોનું વપરાય એ બરોબર છે.

• • •

સંસારના રાગની સામે પ્રભુનો રાગ. જેને પ્રભુ ગમી ગયા, તેને બીજું કાંઈ જ નહિ ગમે.

કેવું મઝાનું પ્રભુનું આ સુરક્ષાચક્ર !

અહંકાર પ્રબળ છે આપણો. પણ રાખનો ને ધૂળનો અહંકાર કર્યો... હવે પ્રભુ મળ્યા એનો અહંકાર કરવો છે.

અહંકારની સામે અહંકાર ટકરાવવાનો છે.

• • •

ભક્તની ભક્તિધારામાં આંસુ જ આંસુ છે. હકીકતમાં, પોતાની આંખોમાંથી નીકળતાં આંસુના રેલાતા પ્રવાહમાં જ ભક્તને વહેવાનું હોય છે.

'તુમે છો દયાસમુદ્ર રે, તો મુજને દેખી,
દયા નથી શ્યેં આણતાં એ. ૩૪'

પ્રશ્ન થાય કે બાળક પર શું મા દયા કરે ? બાળકને એ ચાહે, પ્રાણાર્પણથી વહાલ આપે; બાળક પર દયા....? નારદના ભક્તિસૂત્રમાં એક સરસ સૂત્ર આવે છે : "दैन्यप्रियत्वाच्च ॥"પ્રભુને દીનતા ગમે છે. કેમ ? શા માટે ? શા માટે પ્રભુને પોતાનું બાળક દીન-હીન હોય તે ગમે ?

દીનતાનો અર્થ છે અહીં ઓગળી જવું. પીગળી જવું. ભક્ત ઓગળે, પીગળે, રડે; પ્રભુની કૃપાધારાને ખૂબ વેગથી એ ઝીલી શકે.

• • •

ભક્તની ભીનાશ ક્યારેક વિતૃષ્ણામાં પણ – નિરાશામાં ફેરવાય છે. તેને લાગે છે કે પ્રભુ પોતાના પર ધ્યાન નથી આપતા. એ લયમાં એ શું કહેશે પ્રભુને ? :

'મરુદેવી નિજ માય રે, વેગે મોકલ્યાં,
ગજ બેસારી મુક્તિમાં એ. ૩૮
ભરતેસર નિજ નંદ રે, કીધો કેવળી,
આરીસો અવલોકતાં એ. ૩૯'

પ્રભુ ! આદિનાથ દેવ ! મરુદેવાજી તમારી માતા. તમે એમને સહેજ પણ કષ્ટ વિના હાથીના હોદ્દેથી જ કેવળી બનાવી મોક્ષે મોકલ્યાં... ભરત ચક્રવર્તી તમારા પુત્ર. તેમને તમે આરીસા ભુવનમાં દર્પણમાં પોતાનું રૂપ જોતાં કેવળજ્ઞાની બનાવી દીધા.

જોકે, ખ્યાલ છે કે પ્રભુને વહાલા-દવલા જેવું કંઈ છે જ નહિ; પરંતુ પ્રભુની જોડે આ રીતે વાતો કરવાનો પણ એક અનોખો આનંદ હોય છે ને !

બાકી ખ્યાલ છે કે મરુદેવા માતા પ્રભુના રૂપને જોતાં, ભગવદ્દર્શનથી પ્રાપ્ત થતાં આનંદને પામીને કેવળી થઈ મોક્ષે ગયાં છે.[3] પરંપરામાં આવો કથાપ્રવાહ ચાલે છે કે મેં પુત્ર માટે - એના વિરહમાં આવી પીડા ભોગવી, ને પુત્ર મારી સામે પણ આવતો નથી; કેવો આ સંસાર છે ! આવી સંબંધોની અનિત્યતાનું ભાવન કરતાં તેઓ અન્તકૃત્ કેવળી થઈ મોક્ષે સિધાવ્યાં.

અહોભાવ દ્વારા, શુભના વેગ દ્વારા શુદ્ધની પ્રાપ્તિ એવો એક ક્રમ થયો. વૈરાગ્ય દ્વારા શુદ્ધની - સ્વરૂપની પ્રાપ્તિ એવો બીજો ક્રમ થયો.

ભરત ચક્રવર્તી પાસે ઉદાસીનતાની મઝાની એક ધારા હતી જ. આરીસા ભુવનમાં એ ઉદાસીનતાની ધારા શુક્લધ્યાનની ધારામાં ફેરવાઈ.

• • •

સ્તવનાકારે કહ્યું : પ્રભુ ! મરુદેવા માતાને તમે પોતાની માતા હતી એટલે મોક્ષે જલદી મોકલી દીધાં ! ભરત ચક્રવર્તી પોતાનો પુત્ર હતો એટલે એને આરીસા ભુવનમાં જ કેવળી બનાવી દીધા !

---

૩. साऽपश्यत् तीर्थकृल्लक्ष्मीं, सूनोरतिशयान्विताम् ।
तस्यास्तद्दर्शनानन्दात्, तन्मयत्वमजायत ॥

साऽऽरुह्य क्षपकश्रेणि - मपूर्वकरणक्रमात् ।
क्षीणाष्टकर्मा युगपत् केवलज्ञानमासदत् ॥ त्रिषष्टि पर्व १-५२८/२९

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

*ભાવલિંગ જાતેં ભયે,*
*સિદ્ધ પનરસ ભેદ;*
*તાતેં આતમકું નહિ,*
*લિંગ ન જાતિ ન વેદ...*

સિદ્ધો પંદર ભેદે કહેલ છે. જેમાં સ્વલિંગ સિદ્ધ, અન્યલિંગ સિદ્ધ, ગૃહલિંગ સિદ્ધ આદિ ભેદો આવે છે. ભરત ચક્રવર્તી ગૃહસ્થના વેષમાં જ કેવળજ્ઞાન પામ્યા. મરુદેવા માતા ગૃહસ્થના વેષમાં જ કેવળી થઈ મોક્ષે સિધાવ્યાં.

ભરત ચક્રવર્તીએ કેવળી બન્યા પછી તરત મુનિનો વેષ સ્વીકારી લીધો છે.

જોકે, ભરત ચક્રવર્તીની જન્માન્તરીય સાધનાનું આ પ્રતિબિંબન હતું.

• • •

અન્યલિંગ સિદ્ધતા જૈનદર્શનની ઉદારતાની દ્યોતિકા છે. કોઇ પણ પંથમાં રહેનાર પણ તેવાં ગુણસ્થાનોની સ્પર્શના કરીને સિદ્ધિ પામી શકે છે.

નિશ્ચયનયના આ બિન્દુને વ્યવહાર નયના એ મન્તવ્ય વડે આપણે સમતુલિત કરવું જોઇએ કે આવા કેવળી - ગૃહસ્થ વેષમાં કે અન્ય પંથના સંતના વેષમાં થયેલા - જો એમનું આયુષ્ય હોય તો દેવોએ આપેલ સાધુવેષ સ્વીકારે છે. અને શ્રમણના મનોહર વેષમાં પૃથ્વી પર વિચરે છે.

■

## ૭૮
# આધાર સૂત્ર

*પંગુદૃષ્ટિ જ્યું અંધમેં,[1]*
*દૃષ્ટિભેદ નહુ દેત;*
*આતમદૃષ્ટિ શરીરમેં,*
*ત્યું ન ધરે ગુન હેત...(૭૮)*

જેમ સમજુ માણસ પાંગળા/લૂલાની દૃષ્ટિને આંધળાની દૃષ્ટિ માનતો નથી. તેમ જ દેહ અને આત્માના ભેદને જે જાણે છે, તે આત્માની દૃષ્ટિને શરીરમાં ધારણ કરતો નથી. અર્થાત્ અન્તરાત્મા શરીરથી ન્યારો રહે છે. અને એ જ એના ગુણોના કારણરૂપ બને છે.

૧. અંધને, B - F

# ૭૮

## આત્મદ્રષ્ટા સાધક

જ્ઞાનમાં ડૂબેલ વ્યક્તિત્વના આનન્દને કઈ રીતે કહી શકાય ? ના, તમે એને વર્ણવી ન જ શકો.[1]

---

१. ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव शक्यते ।
नोपमेयं प्रियाश्लेषैर्नापि तच्चन्दनद्रवैः ॥ -अध्यात्मोपनिषत् २-१३

મુનિજીવનમાં જેમ જેમ સાધક આગળ વધતો જાય, તેમ તેમ તેજોલેશ્યા[2] - ચિત્તપ્રસન્નતા વધે છે એવું જે ભગવતી સૂત્રમાં કહ્યું છે, તે આવા જ્ઞાનમાં ડૂબેલ સાધક માટે છે.

એક સ્પષ્ટ પ્રતીતિ અહીં થયા કરે કે આત્મતત્ત્વ સિવાયના તમામ અનાત્મો સાથેની પોતાની દૂરી છે, અલગાવ છે. કોઈ પણ અનાત્મ તત્ત્વ સાથે પોતાને કશું લાગતું, વળગતું નથી.

દેહ પણ પોતાથી ભિન્ન છે એવી પ્રતીતિ. દેહમાં કંઈક થઇ રહ્યું હોય અને એ જોવાનું થતું હોય. એ અનુભવને સજ્ઝાયકાર મહર્ષિએ ગજસુકુમાલ મુનિના શબ્દોમાં આ રીતે મૂક્યો છે :

*'મારું કાંઈ બળતું નથી જી,*
*બળે બીજાનું રે એહ...*
*પાડોશીની આગમાં જી,*
*આપણો અળગો ગેહ....'*

માથા પર અંગારા મુકાયા છે. એની દાહકતા મસ્તિષ્કના એ તીવ્ર સંવેદનશીલ ભાગ પર અસર પાડી રહી છે અને સાધક એને જુએ છે.

દેહ છે દૃશ્ય.

સાધક છે દ્રષ્ટા.

કેવું મઝાનું આ અલગાવ બિન્દુ !

• • •

---

૨. तेजोलेश्या विवृद्धिर्या, पर्यायक्रमवृद्धितः ।
भाषिता भगवत्यादौ, सेत्थम्भूतस्य युज्यते ॥ -अध्यात्मोपनिषत् २-१४

આ જ્ઞાનની દ્વિવિધતા બતાવાઈ છે. સવિકલ્પ સમાધિ અને નિર્વિકલ્પ સમાધિ.

શુભ ઉપયોગરૂપ આ જ્ઞાન તે સવિકલ્પ સમાધિ અને શુદ્ધ ઉપયોગરૂપ આ જ્ઞાન તે નિર્વિકલ્પ સમાધિ છે. નિર્વિકલ્પ સમાધિમાં માત્ર આત્માનું જ ધ્યાન હોય છે.[3]

'निर्विकल्पस्तदेकदृक्'. નિર્વિકલ્પ સમાધિમાં માત્ર આત્મતત્ત્વનું જ ધ્યાન હોય છે.

નામ પ્રમાણે જ, નિર્વિકલ્પ સમાધિમાં કોઈ વિકલ્પ નથી હોતા. નથી કોઈ ત્યાં દૃશ્ય, નથી કોઈ વચન ત્યાં, નથી કોઈ વિચાર ત્યાં[4].

યાદ આવે પરમપાવન દશવૈકાલિક સૂત્ર : 'संपिक्खए अप्पगमप्पगेण....' આત્માને આત્મા વડે જોવાનો.

જ્ઞાનસાર પ્રકરણ આ જ લયને સમર્થિત કરતાં કહે છે : આત્મા આત્માને આત્મા વડે આત્માને વિષે જુએ. સાધક તરીકે પ્રતિષ્ઠિત થયેલ આત્મા શુદ્ધ આત્મતત્ત્વને ધ્યાન વડે સ્વરૂપ દશામાં સ્થિર થઈને જુએ.[5]

● ● ●

---

३. शुभोपयोगरूपोऽयं समाधिः सविकल्पकः ।
शुद्धोपयोगपरूपस्तु, निर्विकल्पस्तदेकदृक् ॥ अेजन, २-१६

४. यद् दृश्यं यच्च निर्वाच्यं, मननीयं च यद् भुवि ।
तद्रूपं परसंश्लिष्टं, न शुद्धद्रव्यलक्षणम् ॥ अेजन, २-१८

५. आत्मात्मन्येव यच्छुद्धं, जानात्यात्मानमात्मना ।
सेयं रत्नत्रये ज्ञप्ति - रूच्याचारैकता मुनेः ॥- ज्ञानसार, १३

આખીય ચર્ચાનો સાર આટલો થશે : 'अप्पा अप्पम्मि रओ...' આત્મા સ્વભાવમાં રમમાણ રહે. આનંદની એક અનોખી દુનિયામાં. જ્ઞાનના અદ્‌ભુત લોકમાં.

એ જ્ઞાનની વ્યાખ્યા જ કેવી તો મઝાની હતી ! વાંચતાં જ મોઢું હસું-હસું થઈ રહે તેવી. તો એ જ્ઞાન મળ્યા પછીની ભીતરી હલચલની તો વાત જ શી કરવી ?

એ વ્યાખ્યા કેટલી મઝાની હતી ? વારંવાર ચગળવી ગમે તેવી. અનાત્મ તત્ત્વનો સંપૂર્ણ ભેદ જ્યાં પ્રતીત થાય તે જ્ઞાન...

આવા જ્ઞાનમાં ડૂબકી મારવાનું સુખ... શબ્દોને પેલે પારનું સુખ....

● ● ●

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

*પંગુદષ્ટિ જ્યું અંધમેં,*
*દષ્ટિભેદ નહુ દેત;*
*આતમદષ્ટિ શરીરમેં,*
*ત્યું ન ધરે ગુન હેત...*

પાંગળાની દષ્ટિને આંધળાની દષ્ટિ ન મનાય તેમ શરીરને આત્મા શી રીતે માની શકાય ?

બાહ્યદષ્ટિ વ્યક્તિ શરીર અને આત્માનો અભેદ કરી દે છે. સાધક તો શરીરથી આત્મતત્ત્વને બિલકુલ ભિન્ન માને છે, અનુભવે છે.

સાધક 'હું' શબ્દથી કોને પકડશે ?

સાધક હું શબ્દ વડે આનંદઘન આત્માને જ સ્વીકારે છે.

અને એક બહુ મઝાની વાત એ છે કે સાચું હું જ્યારે પકડાય છે ત્યારે ખોટું હું છૂટી જાય છે.

■

## ૭૯
# આધાર સૂત્ર

*સ્વપ્ન વિકલતાદિક[1] દશા,*
*ભ્રમ માને વ્યવહાર;*
*નિશ્ચય નયમેં દોષક્ષય,*
*વિના સદા ભ્રમચાર...(૭૯)*

વ્યવહાર નય સ્વપ્નદશાને અને વિકલતા - ઉન્મત્તપણા આદિ દશાને ભ્રમરૂપ માને છે.

નિશ્ચયનયની દૃષ્ટિએ તો રાગાદિ દોષોનો ક્ષય ન હોય તો સદાય ભ્રમ જ ભ્રમ છે. અને એ ક્ષય થયેલ હોય તો ભ્રમ છે જ નહિ.

[ભ્રમચાર = ભ્રમણા]

૧. સ્વપ્ન વિકલ્પનાદિક દશા, C

# ૭૯

## કોન્સ્યસ સ્લીપ

ખેડૂત રાત્રે ખેતરે હતો : પાકની રખેવાલી માટે. થાકને કારણે ઊંઘ આવી ગઈ. અને સ્વપ્ન ચાલુ થયું : પોતે રાજા બની ગયો છે. (મનુષ્યની અતૃપ્ત એષણાઓ પણ સ્વપ્નરૂપે ટપકી પડતી

હોય છે. રાજાને જોયા પછી એની ઋદ્ધિ ગમી ગઈ. હવે ? હવે શું ? સ્વપ્નમાં રાજા બની ગયો તે.) પાંચ દીકરાઓ છે એને. અચાનક કો' અગમ્ય માંદગીમાં પાટવી રાજકુમાર પટકાયો. રાજવૈદ્યની દવાની અસર ન થઈ. એ ગુજરી ગયો. ક્રમશઃ બીજા ચાર પણ ગયા. સ્વપ્નમાં જ એ હલબલી ઉઠ્યો. પાંચે દીકરાઓની ચિરવિદાય. રોકકળનું વાતાવરણ.

અને એના ઘરે ઘટના એવી બની કે રાત્રે દશેકના સુમારે સાપ નીકળ્યો. ખેડૂતના એકના એક જુવાનજોધ દીકરાને એ ડંખ્યો. અને તરત એ ખતમ.

હવે ખેડૂતને તરત ખબર તો આપવી જ જોઈએ. બે જણા ફાનસ લઈ અંધારી રાત્રે ખેતરે આવ્યા. ખેડૂતને જગાડ્યો. કહ્યું : ચાલો, ઘરે. ઘરે આવ્યો ખેડૂત. જોયું તો જુવાનજોધ દીકરો નિશ્ચેષ્ટ પડ્યો છે. સ્તબ્ધતા એની આંખોમાં છે. પણ એ રડતો નથી. આવા સમયે ખૂબ રડાય તો દુઃખ હળવું પડે. એને રડાવવા માટે બીજા કહે છે : જુઓ, તો ! આ જુવાનજોધ દીકરો આપણને સહુને મૂકીને ચાલતો થઈ ગયો.

ખેડૂત હજુ સ્વપ્નની અસરમાં છે. એ વિચારે છે : હું કોને રડું ? પેલા પાંચને-કે આ એકને ?

• • •

સ્વપ્ન.......

સ્થૂલભદ્ર મુનિવરે કોશાને કહેલું : 'સપનાની સુખલડી, ભૂખ ભાંગે નહિ જો.....' તો સ્વપ્નનો એક અર્થ એવો થાય કે તમે ખાવ, પીઓ, વસ્તુઓનો ઉપભોગ કરો અને છતાં અતૃપ્તિ રહે તે સ્વપ્ન.

સપનામાં પરોઢિયે ચાર વાગ્યે ગુલાબજાંબુ અને સમોસાં ખાધાં. સવારે નવકારસી ટાણે એ કહેશે : લાવો, ચા-નાસ્તો ! અરે, પણ આ ખાધું એનું શું ?

સ્વપ્નમાં એ ખાધેલું ને !

• • •

દિવસે વિચારેલું હોય, એ વિચારોની સ્મૃતિ આડી ને અવળી રાત્રે ઊથલી પડે, તે સ્વપ્ન.

• • •

બુદ્ધની પાસે એક સાધક આવેલ. એણે કહ્યું : મને સાધના-દીક્ષા આપો !

બુદ્ધે તેને પૂછ્યું : તને રાત્રે સ્વપ્ન આવે છે ? પેલો સફાઈ આપવા ગયો : હા, સાહેબ, પણ સરસ સપનાં આવે છે.

બુદ્ધે કહ્યું : જેને સ્વપ્ન આવતા હોય તેને હું દીક્ષા નથી આપતો. તું આશ્રમમાંથી બહાર જતો રહે !

બુદ્ધનો આશય સ્પષ્ટ હતો. સાધકે દિવસે ભરપૂર સાધના કરી હોય. રાત્રે એનું શરીર, શ્રમને કારણે, ઘસઘસાટ નિદ્રિત બને તો એવી નિદ્રામાં સ્વપ્ન ક્યાંથી આવે ?

સ્વપ્ન આવે છે અર્ધી ઊંઘમાં, તન્દ્રામાં. ઘસઘસાટ ઊંઘમાં નહિ.

• • •

સાધકની નિદ્રા કેવી હોય ?

સંથારા પોરિસીના સૂત્રમાં મઝાનો ઉલ્લેખ છે : 'अतरंत पमज्जए भूमिं...' સાધકને રાત્રે પડખું બદલવું છે, તો તે ઊંઘમાં પણ ચરવળા કે રજોહરણ વડે પડખાની જગ્યા અને પડખું બદલવાની જગ્યા પૂંજશે.

શી રીતે આવું થઈ શકે ?

આપણા અજ્ઞાત મનને સંદેશ આપીને આપણે આ કરી શકીએ. જ્ઞાત મન કદાચ બેહોશીમાં સર્યું હોય, અજ્ઞાત મન જાગૃત છે.

વાત સીધી અને સટ સમજાય તેવી છે. શરીર થાક્યું છે તો તે સૂઇ જાય, જ્ઞાત મને પણ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે તો તે સૂઈ જાય. અજ્ઞાત મન તો જાગૃત જ હોય ને !

આને જ કોન્સ્યસ સ્લીપ કહેવાય છે.

• • •

કોન્સ્યસ સ્લીપ / હોશપૂર્વકની નીંદ મેળવવાનો એક માર્ગ આવો છે : પહેલાં તમારી કહેવાતી જાગૃતિમાં ઉજાગરના અંશને ભેળવો. પછી સ્વપ્નાવસ્થામાં અને એ પછી નિદ્રામાં.

ઉજાગરની વ્યાખ્યા આવી છે : વિકલ્પો વગરની ભીતરની પૃષ્ઠભૂ પર હોશનું છવાવું. સંપૂર્ણ ઉજાગર દશા તેરમા ગુણઠાણે હોય છે. પણ સાધનાવસ્થામાં ઉજાગરની આંશિકતા હોય છે. પછી એ વધતી જાય.

જાગૃતિમાં વિકલ્પો ન આવે તેવું ન કરી શકાય ત્યાં સુધી વિકલ્પોને જોવાના. વિકલ્પોમાં ભળવું નહિ. આ વિકલ્પોથી દૂરી જાગૃતિમાં આવી. પછી સ્વપ્નો આવવા બંધ થાય. અને તે પછી ઊંઘમાં પણ હોશ ચાલુ રહે. એવું બની શકે કે તમે ઊંઘતા હો (મતલબ કે તમારું શરીર અને જ્ઞાત મન

સુતા હોય) અને છતાં તમને ખ્યાલ હોય કે હાથ કઈ રીતે મુકાયો છે. હાથ માથાની નીચે છે કે બાજુમાં છે એ પણ તમને ખ્યાલ આવે. આ છે કોન્સ્યસ સ્લીપ. 'अतरंत पमज्जए भूमिं...' સૂત્ર દ્વારા સંથારા પોરિસી સૂત્રે કહેલ સાધકની હોશપૂર્ણ નિદ્રા.

• • •

અહીં સાધનાનો વ્યવહારપક્ષ અને નિશ્ચયપક્ષ કડી દ્વારા મુકાયો છે :

સ્વપ્ન વિકલતાદિક દશા,<br>
ભ્રમ માને વ્યવહાર;<br>
નિશ્ચય નયમેં દોષક્ષય,<br>
વિના સદા ભ્રમચાર....

વ્યવહાર નય માને છે કે સ્વપ્ન આદિ દશાઓમાં વિકલ્પોની બહુલતા હોવાથી એ દશાઓનો કોઈ અર્થ નથી.

પ્રમાદ આદિ દોષનો ક્ષય હોય ત્યારે જ જાગૃતિનો પણ કંઈક અર્થ છે એમ નિશ્ચય નય માને છે.

એટલે કે નિશ્ચય નય જેટલો સમય સાધક જાગૃત હોય તેટલો જ સમય તેની દશાને તે સમ્યગ્ માને છે.

એક મઝાની વ્યાખ્યા ભક્ત માટેની યાદ આવે : ક્ષણે ક્ષણે પ્રભુનું જેને સ્મરણ થાય તે ભક્ત. આવી જ સાધકની વ્યાખ્યા છે : ક્ષણે ક્ષણે જે જાગૃત હોય તે સાધક.

■

## ૮૦

## આધાર સૂત્ર

*છૂટે નહિ બહિરાતમા,*
*જાગત ભી પઢિ ગ્રન્થ;*
*છૂટે ભવથેં અનુભવી,*
*સુપનં[1]-વિકલ નિર્ગ્રન્થ...(૮૦)*

બહિરાત્મદશામાં ગ્રસ્ત મનુષ્ય ગ્રન્થો ભણે અને જાગતો રહે તો પણ કર્મથી છૂટતો નથી. અને અનુભવી સાધક, દૃઢ અભ્યાસને કારણે, નિદ્રા લેતો હોય કે ઈન્દ્રિયાદિથી ક્ષતિગ્રસ્ત હોય તોય સંસારથી છૂટે છે. [બીજો અર્થ : અનુભવી સાધક સ્વપ્ન-રહિત (સ્વપ્નાવસ્થા/નિદ્રાવસ્થા આદિથી પર જઈને) બનીને સંસારથી છૂટી જાય છે.]

[ભવથેં = ભવથી]

૧. સુપતિ, B - F  સુપત, D

## ૮૦

### મુનિત્વ :
### ક્ષણ ક્ષણની જાગૃતિ

સાધક સવારે ચાર વાગ્યે ઊઠી ગયો.

મળસ્કાનો આ સમય.

બ્રાહ્મ મુહૂર્ત.

નરસિંહ મહેતાએ આ સમયને બિરદાવતાં કહ્યું : 'પાછલી રહે ખડ ઘડી બાકી જ્યાહરે, સાધુપુરુષે સૂઈ ન રહેવું.'

સૂર્યોદય પહેલાંની છ ઘડી : બે કલાક અને ચોવીસ મિનિટ. હજારો યોગીઓ, સાધકો આ સમયે ધ્યાનમાં બેઠા હોય; તમે ધ્યાનમાં જોડાવ તો એ બધા જ યોગીઓનાં મઝાનાં આન્દોલનો તમને મળે.

પેલો સાધક સવારે વહેલો જાગ્યો તો ખરો, પણ પછી ધ્યાનમાં જોડાવાને બદલે એ જોવા લાગ્યો : આ બધા સાધકો કેવા એદી છે ? સાધકે તો સવારે વહેલાં ઊઠી જ જવું જોઈએ. એક્કે ઊઠતા નથી. માત્ર ગુરુ જાગીને સાધના કરે છે.

ગુરુની સાધના પૂરી થઇ ત્યારે તે ગુરુ પાસે આવ્યો અને ગુરુને કહે : હું એકલો જ વહેલો જાગ્યો. બાકીના આ બધા સાધકો..... છિઃ, છિઃ, એમને સાધક કહેવાય ? સવારના છ સુધી ઘોર્યા કરવું....

ગુરુએ પ્રેમથી કહ્યું : બેટા ! તું વહેલો ઊઠ્યો, એ મેં જોયું. મારે તને પૂછવું છે કે તેં વહેલા ઊઠીને શું મેળવ્યું ? બીજાની નિન્દા કે બીજાના તિરસ્કારમાં જ તેં સમય વીતાવ્યો હોય તો, તારે એ સમજવું જોઇએ કે આના કરતાં તું મોડો ઊઠ્યો હોત તો વધારે સારું ન થાત ?

સાધક વિચારમાં પડ્યો. એને લાગ્યું કે પોતાના વહેલા ઊઠવાનો કોઇ જ અર્થ નહોતો; જો એ સમય તિરસ્કાર ને નિન્દામાં જ વ્યતીત થયો હોય.

• • •

જાગતા રહેવું સાધક માટે ખરેખર જરૂરી છે. અને એટલે પરમપાવન આચારાંગ સૂત્ર કહે છે : 'सुत्ता अमुणी, सया मुणिणो जागरंति ।' સંસારી સૂતેલ જ છે. અને મુનિ સદા જાગતા હોય છે.

આ જાગૃતિને જ્ઞાનસાર પ્રકરણે આ રીતે વર્ણવી : 'मन्यते यो जगत्तत्त्वं, स मुनिः परिकीर्तितः...' જે જગતના તત્ત્વને જાણે, અનુભવે તે મુનિ.

આત્મદ્રવ્યનો અનુભવ... પર્યાયોને માત્ર જોવાના છે. પર્યાયોમાં રમવાનું નથી. પરમાં જવાનું નથી.

રાજકુમારી પ્રભંજના.

તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા ઘણી. સાધ્વીજી ભગવતીઓ પાસે જઈ તત્ત્વજ્ઞાન શીખે. રોજ અભ્યાસ કરવા જાય.

રાજાએ પોતાની આ દીકરીના લગ્ન માટે સ્વયંવર મહોત્સવની તૈયારી કરી. મહોત્સવના દિવસો નજીક આવ્યા. રાજધાનીના માર્ગો દૂર, દૂરથી આવેલ રાજાઓ ને રાજકુમારોના રથો વડે શોભે છે. નગરીની બહાર મોટા મંડપો અને શમિયાણા બંધાયા. સાધ્વીજીઓની નજરમાં આ બધું આવતું જ નથી. તેઓની દૃષ્ટિ, ઈર્યાસમિતિમાં ડૂબેલી હોય છે. અને તેમને ખ્યાલ છે કે બહારની દુનિયામાં કંઈક બન્યા કરતું હોય છે, જેનો સાધક માટે કોઈ અર્થ નથી.

રાજકુમારીનું અભ્યાસ માટે રોજ આવવાનું ચાલુ છે. અને એક પણ સાધ્વીજી ભગવતીને ખ્યાલ નથી કે રોજ ભણવા આવતી રાજકુમારીના લગ્ન સ્વયંવર વિધિથી થવાનાં છે.

પર પ્રત્યેનો અલગાવ બિન્દુ એ જ તો પોતાની સાથેનો લગાવ બિન્દુ છે. ક્યાંક તોડ, ક્યાંક જોડ. ક્યાંક ડીટેચમેન્ટ, ક્યાંક અટેચમેન્ટ.

સાધ્વીજી ભગવતીઓ પરની દુનિયાને એ રીતે અલવિદા કરી ચૂકી છે કે એમને પરની દુનિયામાં થતું કશું જ જાણવાની ઈચ્છા થતી નથી.

જે દિવસે રાજકુમારીનો સ્વયંવર હતો, તે દિવસે રાજકુમારી તૈયાર થઈ દેરાસરે થઈ ઉપાશ્રયે આવી. વન્દન કર્યાં. એક પણ સાધ્વીજીને એનાં વસ્ત્રો કે અલંકારોનો ખ્યાલ સુદ્ધાં નથી આવતો.

પ્રભંજનાની સખીઓએ સાધ્વીજી ભગવતીઓને કહ્યું કે આજે બહેન સ્વયંવર માટે જઇ રહ્યાં છે. મોટાં સાધ્વીજીએ એટલું જ કહ્યું : સંસારનું બંધન કેટલું તો તીવ્ર છે ! અગણિત જન્મોથી આ રાગ, દ્વેષ અને અહંકારે કેટલો તો જીવને બદ્ધ કર્યો છે !

રાજકુમારી આ સાંભળતાં ત્યાં જ બેસી ગઈ. શુભ ભાવોનો વેગ શુદ્ધમાં-ગુણાનુભૂતિમાં ફેરવાય છે. શુક્લધ્યાનની ધારા અને ત્યાં જ કેવળજ્ઞાન.

સાધ્વીજી ભગવતીઓની પર પ્રત્યેની કેવી ઉદાસીનતા ! સ્વનો આનંદ મળવા લાગે એટલે પર પ્રત્યેની પરાઙ્મુખતા આવવા જ લાગે છે.

● ● ●

પર પ્રત્યેની ઉદાસીનતા તે જ જાગૃતિ.

સ્વની દુનિયામાં પ્રવેશ તે જ જાગૃતિ.

બાકી, આંખો ખુલ્લી હોય તેને જાગૃતિ કહેવી તે તો ભ્રમ જ છે.

આ જ લયમાં કડીને જોઈએ :

*છૂટે નહિ બહિરાતમા,*
*જાગત ભી પઢિ ગ્રન્થ;*
*છૂટે ભવથેં અનુભવી,*
*સુપન-વિકલ નિર્ગ્રન્થ.*

પહેલાં કડીનો પૂર્વાર્ધ. બહિરાત્મદશામાં વર્તતો મનુષ્ય જાગતો દેખાય કે ગ્રંથો ભણતો કે ભણી ચૂકેલો હોય તો પણ એ જાગૃતિ કે એ ગ્રન્થ-પઠનથી એની મુક્તિ થતી નથી.

જાગવું જ્યારે ભીતરનું હોય ત્યારે જ એનો કંઈક અર્થ છે. એ જ રીતે ગ્રન્થોનો અભ્યાસ પણ ભીતરને બદલે તો જ એ સાર્થક કહેવાય.

એક ભાઈ એક સંત પાસે આવેલા. તેમણે કહ્યું : મહારાજશ્રી, અમદાવાદની એમ. જે. લાઈબ્રેરીનાં ઘણાં બધાં પુસ્તકો મેં વાંચી લીધાં છે. એ ભાઈ સંત પાસે પગ પર પગ ચડાવી બેઠેલા. છીંકણીની ડબ્બી હાથમાં, ચપટી ભરીને સૂંઘતા જાય.

મહારાજશ્રીએ આ જોયું. તેમણે એ ભાઇને પૂછ્યું : એક કબાટમાં કેટલાં પુસ્તકો રહેતાં હશે ? પેલા ભાઇ કહે : મોટાં હોય તો દોઢસો-બસો, નાનાં હોય તો ત્રણસો જેટલાં....

મહારાજશ્રીએ આગળ કહ્યું : એક કબાટ વર્ષો સુધી આ પુસ્તકોને પોતાનામાં રાખે. પણ એથી કબાટને શો લાભ ?

પેલા ભાઇ કહે : કંઈ જ નહિ.

મહારાજશ્રીએ પ્રેમથી કહ્યું : તમે પણ એ વિચારજો કે હજારો પુસ્તકો વાંચ્યા પછી તમને કેટલો લાભ થયો ? ક્યાંક એવું તો નથી ને, કે આપણું શરીર, મન હાલતા-ચાલતા કબાટ જેવું જ હોય !

એ ભાઈ વિચારમાં પડી ગયા.

કડીનો પૂર્વાર્ધ : 'છૂટે નહિ બહિરાતમા, જાગત ભી પઢિ ગ્રન્થ.....' બહિરાત્મદશા છે, અન્તર્મુખતા પનપી નથી; ત્યાં સુધી કહેવાતી જાગૃતિ (શરીરના સ્તરની) કે બહારના સ્તર પર ગ્રન્થો વાંચવાનો કોઈ અર્થ નથી.

તો શું કરવું જોઈએ ?

કડીનો ઉત્તરાર્ધ એ અંગે કહે છે : 'છૂટે ભવથેં અનુભવી, સુપન-વિકલ નિર્ગ્રન્થ.' અનુભવી સાધક, આત્માનુભૂતિવાળો સાધક સંસારભાવથી છૂટે છે.

આત્માનુભૂતિ : ક્ષણ ક્ષણની જાગૃતિ. એવો સાધક ઊંઘમાં પણ જાગૃત હોય છે. એની સ્વપ્નાવસ્થામાં પણ જાગૃતિ (ઉજાગર)નું મિશ્રણ થયેલું છે.

શિવસૂત્રનું પ્રસિદ્ધ સૂત્ર યાદ આવે : 'त्रिषु चतुर्थं तैलवदासेच्यम्.' જાગૃતિ, સ્વપ્નાવસ્થા અને નિદ્રાવસ્થામાં ઉજાગરને ધીરે ધીરે મેળવવું.

• • •

'સુપન-વિકલ નિર્ગ્રન્થ.' સ્વપ્નરહિત છે નિર્ગ્રન્થ. આ એક ઉપલક્ષણ છે. સાધકે પોતાની નિદ્રા, સ્વપ્ન અને જાગરણમાં ઉજાગર ભેળવેલ છે.

આવો અન્તરાત્મદશામાં આવેલ સાધક સંસારભાવથી છૂટે છે. સ્વરૂપસ્થિતિને તે પામી લે છે.

■

## ૮૧
# આધાર સૂત્ર

*પઢિ પાર કહાં પાવનો,*
*મિટ્યો ન મન કો ચાર;*
*જ્યું કોલ્હુંકે બેલકું,*
*ઘરહી કોસ હજાર...(૮૧)*

જો વિકલ્પો ન મટે તો ભણીને પણ પાર કઈ રીતે પામી શકાય ? ઘાણીનો બળદ આખો દિવસ ફર્યા કરે અને માને કે હું કેટલુંય ચાલ્યો ! પણ એ તો ઘેરનો ઘેર જ છે.

[કોલ્હુંકે = ઘાણીના]

# ૮૧

## જ્ઞાન દ્વારા સ્વરૂપસ્થિતિ

મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સંતો નામદેવ, જ્ઞાનદેવ અને મુક્તાબાઈ યાત્રાએ ગયેલાં. વળતાં પાછા ફરતાં ગોરા કુંભારના ગામે ગયાં. ગોરો કુંભાર બહુ જ સારો સાધક લેખાતો.

નામદેવે ગોરા કુંભારને ત્યાં માટલાને ઘડવા, ટીપવાના ઓજારો જોયા. તેમાં એક ટપલું હતું. નામદેવે એને હાથમાં ઊચકી ગોરા કુંભારને પૂછ્યું : આનાથી શું થાય ?

કુંભાર કહે : એ ટપલું છે. એનાથી ઘડો બરોબર ટીપાય. ઘડો કાચો છે કે પાકો, તેની ખબર પડે આનાથી.

અને પછી ગોરાએ હસતાં હસતાં એ ટપલું મુક્તાબાઈના માથાને અડાડ્યું. નામદેવ ગુસ્સે થઈ ગયા. એમને થયું કે મુક્તાબાઈ જેવી સિદ્ધયોગિનીને મસ્તકે ટપલું ?

પણ, ગોરો કુંભાર ખરેખર ઊંચકાયેલ સાધક હતો. તેણે કહ્યું : આ (નામદેવ) કાચો ઘડો છે... સાધકથી ગુસ્સે થવાય જ કેમ ?

નામદેવે કાનની બુટ પકડી.

• • •

યોગિપરંપરામાં આવા યોગીઓ ઘણા થયા; જે ભીતરથી 'પહોંચેલા' હોય, બહારથી સામાન્ય કામ કરતા હોય. પોતાની સાધનાને ગુપ્ત રાખવાની આ કેવી કળા !

સૂફી સંતોમાં તો એવી ઘટનાઓ નોંધાઈ છે કે તેઓ જૂત્તાનું સમારકામ કરતા હોય કે એવું કંઈક કામ કરતા હોય. કોઈ સાધક પોતાના ગુરુ પાસેથી આ સંતનું નામ લઈને આવ્યો હતો અને વિનવે કે મને સાધના આપો ! સંતને એ સાધક એકદમ યોગ્ય લાગે તો જ તેને એ સાધના આપે. નહિતર, રવાના કરી દે....

• • •

નામદેવને સહેજ ગુસ્સો આવ્યો અને ગોરા કુંભારે તેને નાપસંદ કર્યો.

સાધના પરિપક્વ બની ક્યારે કહેવાય ? જ્યારે તેણે સાધકના વ્યક્તિત્વને પૂરેપુરું બદલી નાખ્યું હોય.

'અધ્યાત્મોપનિષદ્' યાદ આવે :

'तेनात्मदर्शनाकाङ्क्षी, ज्ञानेनान्तर्मुखो भवेत्...' આત્મદર્શનની આકાંક્ષાવાળો સાધક જ્ઞાન વડે અન્તર્મુખ બને.

જ્ઞાન સાધકને અન્તર્મુખ બનાવે. બહિર્મુખતામાં છે વિકલ્પો જ વિકલ્પો. અન્તર્મુખતામાં છે સ્વની અનુભૂતિ.

• • •

પરમપાવન 'દશવૈકાલિક સૂત્ર' મઝાનાં ચરણો આપે છે : જ્ઞાન, એકાગ્રચિત્તતા, સ્વરૂપસ્થિતિ[૧].

જ્ઞાન એ, જે સાધકને એકાગ્રચિત્ત બનાવે. એકાગ્રચિત્તતા સાધકને સ્વરૂપસ્થિતિમાં મૂકી દે.

જ્ઞાનની આ વ્યાખ્યામાં માહિતીજ્ઞાન નહિ આવે. માહિતીજ્ઞાન વિકલ્પોને વધારશે. શાસ્ત્રોનું જ્ઞાન પણ જો અહંકારને ઉભારશે તો....?

સ્થૂલભદ્ર મુનિ ગુફામાં અધ્યયન કરે. યક્ષા આદિ સાત સાધ્વીજીઓ - સંસારી અવસ્થાની તેમની બહેનો - તેમને વન્દન કરવા આવે. જ્ઞાનથી સ્થૂલભદ્ર મુનિને ખ્યાલ આવી ગયો કે બહેનો વન્દન કરવા આવે છે. તેમણે પોતાની વિદ્યાથી સિંહનું રૂપ વિકુર્વ્યું.

---

१. नाणमेगग्गचित्तो य, ठिओय ठावइ परं ॥ —दशवैकालिक सूत्र

સાધ્વીજીઓ આવ્યાં. ભાઈ મહારાજને બદલે સિંહને જોયો. ગુફામાં એવો કોઈ ખૂણો ખાંચરો નથી, જેમાં ભાઈ મહારાજ ક્યાંય હોય. ગભરાયેલ સાધ્વીજીઓ ગુરુ ભગવંત પાસે આવ્યાં. ગુરુદેવને નિવેદન કર્યું. ગુરુએ જ્ઞાનથી જોયું કે સ્થૂલભદ્રે જ સિંહનું રૂપ ધારણ કરેલ. અને હવે તે મૂળ સ્વરૂપમાં આવી ગયો છે. તેમણે કહ્યું સાધ્વીજીઓને : જાવ, તમને ત્યાં જ સ્થૂલભદ્ર મળશે.

સાતે સાધ્વીજીઓ ચાલી નીકળ્યાં. પગમાં સહેજ પણ કંપન, થિરકન નથી. કેવી શ્રદ્ધા આ ગુરુવચન પર ! નજરે જોયેલું ખોટું હોઇ શકે, ગુરુદેવ કહે તે સત્ય જ હોય.

સ્થૂલભદ્રજી મળ્યા બહેનોને.

પાઠના સમયે ગુરુદેવ પાસે વાચના લેવા આવ્યા. ગુરુદેવે કહ્યું : તને આપેલ વિદ્યા શાસન-ભક્તિ માટે વપરાઈ શકે. તારા અહંકારના પ્રદર્શન માટે તેં વિદ્યાને વાપરી. તું વિદ્યા માટે અયોગ્ય છે.

• • •

જ્ઞાન એ, જે વિકલ્પોને - રાગ, દ્વેષ, અહંકારમાંથી ઊપજતા વિકલ્પોને - દૂર કરે. જ્ઞાન એ, જે સાધકને એકાગ્રચિત્ત બનાવે.

પરમપાવન આચારાંગ સૂત્રનું એક વચન યાદ આવે. : 'अणेगचित्ते खलु अयं पुरिसे, से केयणं अरिहइ पुरइत्तए....' મનુષ્ય અનેક ચિત્તવાળો છે, અનેકાગ્ર; જે ચાળણીને પાણીથી ભરવા માગે છે. છિદ્રવાળી ચાળણી પાણીથી કેમ ભરાય ? તેમ પળે પળે પલટાતું મન શાન્ત કેમ બની શકે ? ઘડીકમાં એક ગીત સરસ લાગે; રોજ એ સાંભળવા મળે તો કંટાળો એ ગીત પર જ આવે.

અનેકાગ્રતા દુઃખનું કારણ. આધારશિલા જ - મનની - અસ્થિર હોય, તમે એના પર સુખનો મહેલ કઈ રીતે ઊભો કરી શકો ?

માર્ક્ટ્વેઈન સારા તત્ત્વજ્ઞ. પ્રવચનકાર પણ સારા. એકવાર સવારે તેઓ મિત્ર સાથે ગાડીમાં નીકળ્યા. એક જગ્યાએ પ્રવચન આપવાનું હતું. પ્રવચન અપાઈ ગયું. પ્રવચન સરસ રહ્યું. ગાડીમાં બેઠા પછી મિત્રે માર્ક્ટ્વેઈનને કહ્યું : તમારું પ્રવચન સરસ રહ્યું. માર્ક્ટ્વેઇન પૂછે છે : કયું પ્રવચન ? મિત્ર નવાઇથી પૂછે છે : સવારથી હું તમારી સાથે જ છું. તમે એક તો પ્રવચન કર્યું છે. અને તમે પૂછો છો : કયું પ્રવચન ?

માર્ક્ટ્વેઈન કહે છે : એક ભાષણ પ્રવચન આપતાં પહેલાં મનમાં ચાલતું હતું; શું બોલવું ? પછી પ્રવચન અપાયું. અને અત્યારે મનમાં ત્રીજું પ્રવચન ચાલે છે કે કેવું સરસ પ્રવચન રહ્યું !

મનની આ જ તો ચાલબાજી છે. એ અતીતમાં અને અનાગતમાં વિચર્યા કરે છે. વર્તમાનમાં તો રહેતું જ નથી.

આપણને, આથી જ, સાધના અપાઈ વર્તમાનયોગની. વર્તમાનમાં જ ઉદાસીનભાવે રહેવું.

એક યાત્રિક એક સાંજે એક ગામના નાનકડા મન્દિરે પહોંચ્યો. કાલે સવારે જે બાજુ જવાનું છે, ત્યાં જતાં રસ્તામાં નદી આવે છે એનો એને ખ્યાલ હતો. એણે પૂજારીને પૂછ્યું : નદી કેવડી છે ? કેટલા ડગ પાણી છે ? પાણી ઢીંચણસમાણું કે કેડસમાણું ?

પૂજારીએ કહ્યું : થોડાક જ ડગ પાણીમાં ચાલવાનું છે. પાણી ઢીંચણસમાણું જ છે. ઘણા લોકો રોજ એ નદીને ઊતરે છે. તમે આરામથી ઊતરી જશો.

વાત અહીં પૂરી થઇ જવી જોઈતી હતી. પરંતુ યાત્રિક બહુ જ જિજ્ઞાસુ, વધુ પડતો; એણે પૂછ્યા જ કર્યું આગળ : તમે નદીને ક્યારે ક્યારે ઊતરેલા ? છેલ્લે ક્યારે નદી ઊતરેલા ?.... ત્યારે પાણી કેટલું હતું ?

પૂજારીએ આટલું જ કહ્યું : હું નદી ઊતરું છું ત્યારે જ ઊતરું છે. એ પહેલાં હું નદી ઊતરતો નથી.

નદી ઊતરતી વખતે જ નદી ઊતરવાની.... ન એની પહેલાં, ન એની પછી... અને એ પણ ઉદાસીનભાવે.

ઉદાસીનભાવની મહત્તાને વર્ણવતાં અમૃતવેલની સજ્ઝાય કહે છે :

*'દેખિયે માર્ગ શિવનગરનો,*
*જે ઉદાસીન પરિણામ રે;*
*તેહ અણછોડતાં ચાલીએ,*
*પામીએ જિમ પરમધામ રે...'*

ઉદાસીનતા છે રાજમાર્ગ; મોક્ષ માટેનો. તેને જ સતત પકડી રાખવો જોઈએ.

• • •

'णाणमेगग्गचित्तो य ठिओ...' જ્ઞાન, એકાગ્રચિત્તતા, સ્વરૂપસ્થિતિ.

એકાદ જપના પદ પર એકાગ્ર બનાયું. આ થશે સાધન એકાગ્રતા. હવે જ્યારે બરોબર એકાગ્ર બનાયું છે એવું લાગે ત્યારે સાધક જપના એ પદને છોડી દેશે. અને નિજગુણની - જ્ઞાતાભાવ, ઉદાસીનભાવ આદિની - સ્પર્શનામાં જશે. નિજગુણની સ્પર્શના, તે પછી, નિજરૂપની સ્પર્શનામાં ફેરવાશે.

આ થયું સ્વરૂપસ્થિતિનું ચરણ.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

*પઢિ પાર કહાં પાવનો,*
*મિટ્યો ન મન કો ચાર;*
*જ્યું કોલ્હુંકે બેલકું,*
*ઘરહી કોસ હજાર...*

મનના વિકલ્પો જો છૂટ્યા નહિ તો ભણીને શું પમાયું ? ભણવાનો શો અર્થ ? આન્તરયાત્રા શરૂ થાય એ જ તેનો અર્થ છે. આન્તરયાત્રા માટેની પૃષ્ઠભૂ છે નિર્વિકલ્પતા. આ પૃષ્ઠભૂની આધારશિલા પર આ કડી વહી છે.

અને જો વિકલ્પો ચાલુ રહ્યા તો....? 'જ્યું કોલ્હુંકે બેલકું, ઘરહી કોસ હજાર.' વિકલ્પોની ગતિ એટલે શું ? એ તો છે નિરર્થક ચાલવાનું. ઘાણીનો બળદ સવારથી સાંજ સુધી ચાલ્યા કરે, પણ ગતિ કેટલી થઈ ? એ માત્ર કુંડાળામાં જ ફર્યો છે. ચાલવાનું થયું, ગતિ ન કહેવાય એને.

આન્તરયાત્રામાં આપણે આગળ વધવું છે. તે માટે જોઈશે આત્માનુભૂતિ.

■

## ૮૨

## આધાર સૂત્ર

*જિહાં બુદ્ધિ થિર પુરુષ કી,*
*તિહાં રુચિ તિહાં મન લીન;*
*આતમ-મતિ આતમ-રુચિં[1],*
*કાહુ કૌન અધીન ?...(૮૨)*

જ્યાં મનુષ્યની બુદ્ધિ સ્થિર થઈ છે, ત્યાં જ તેની રુચિ થાય છે, મન પણ તેમાં લીન થાય છે.

જે સાધકની બુદ્ધિ આત્મતત્ત્વમાં જ સ્થિર થયેલી છે, તે આત્મરુચિ સાધક બીજા કશામાં મનને નહિ લગાવે.

[કાહુ = શા માટે]

૧. આતમ રુચિ આતમ મતિ, B - F

# ૮૨

## 'બહાર જેવું કંઈ છે જ નહિ !'

પરમતારક શ્રી કુન્થુનાથ પ્રભુના સ્તવનમાં પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કહે છે :

*અસ્તિત્વ સ્વભાવ જે આપણો રે,*
*રુચિ વૈરાગ્ય સમેત;*
*પ્રભુ સન્મુખ વન્દન કરીને,*
*માંગીશ આતમ હેત....*

પ્રભુની પાસે હું માંગીશ અસ્તિત્વ. Being. મને જોઈએ મારું શુદ્ધ અસ્તિત્વ. હોવાપણું.

અસ્તિત્વ.

પોતાનું પોતાનામાં હોવાપણું.

કેવું તો એ આનન્દપૂર્ણ છે !

એ સ્વના વૈભવી લયમાં એકવાર જવાયું, પછી પરમાં છે શું ? વિકલ્પો છૂટી જશે. પરનો નાતો છૂટી જશે.

વિમલા તાઈને સંત તુકડોજી મહારાજ જોડે નાનપણથી સત્સંગ. એકવાર વિમલાજી નોર્વે ગયેલાં. સંતે તેમને બોલાવ્યા. વિમલાજી આવ્યા ત્યારે સંતે કહ્યું : મારા શરીરમાં કેન્સરના રોગાણુઓએ પરિષદ ભરી છે. વિખરાવાનું નામ લેતી નથી. સંત હસતાં રહ્યા, ભજન ગાતાં રહ્યા. છેલ્લે તેમણે કહ્યું : જીવવું કેમ એ તો મેં તને શીખવ્યું છે. હવે મરવું કેમ તેની કળા શીખવવા તને અહીં બોલાવી છે.

• • •

સ્વની દુનિયામાં પ્રવેશ પછી, એ દુનિયા સાથે એવો તો નાતો જોડાઈ જાય છે કે પર જેવું કંઈ રહેતું જ નથી.

સંત નિસર્ગદત્તજીને પુછાયું. બહારથી ભીતર જવાનો માર્ગ કયો ? પુલ કયો ? તેમણે કહ્યું : બહાર જેવું કંઈ છે જ નહિ, તમે પુલની વાત ક્યાં કરો છે ?

• • •

પર જોડે અ-લગાવ.

એક રબ્બાઈ (સંત)ને ત્યાં મહેમાન આવ્યા. રબ્બાઈના ઘરમાં ફર્નિચર હતું જ નહિ. મહેમાને પૂછ્યું : કેમ આવું ઘર ? કંઈ જ રાચરચીલું નહિ. સોફા નહિ, ખુરસી નહિ....

રબ્બાઈ કહે : તમારા સોફા ક્યાં છે ? લાવો, મૂકી દઈએ. મહેમાન કહે : આ ઘર થોડું મારું છે કે હું સોફા લઈને અહીં આવ્યો હોઉં ?

રબ્બાઈ કહે : મારું પણ એવું જ છે.... આ ઘર મારું ક્યાં છે ?

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ :

*જિહાં બુદ્ધિ થિર પુરુષ કી,*

*તિહાં રુચિ તિહાં મન લીન;*

*આતમ-મતિ આતમ-રુચિ,*

*કાહુ કૌન અધીન ?*

જ્યાં બુદ્ધિ છે, જ્યાં રુચિ છે ત્યાં જ મન લીન થશે. જો રુચિ બહાર જ બહાર રહી; તો આન્તરયાત્રા ક્યાં શરૂ થવાની ?

બુદ્ધિથી રુચિ અને રુચિથી તે વિષયમાં મનની લીનતા. આ ક્રમ છે.

હવે જો બુદ્ધિ આત્મતત્ત્વમાં સ્થિર થશે તો ત્યાં રુચિ થશે જ. કારણ કે એ આનન્દઘનતા કોને ન ગમે ? આંશિક આનન્દની અનુભૂતિ પણ એક કેફ આપી જાય, તો સંપૂર્ણ આનન્દમયતાની તો વાત જ શી કરવી ? આ રુચિ મનને તેમાં સ્થિર કરશે.

સરસ છે ઉત્તરાર્ધ : 'આતમ-મતિ આતમ-રુચિ, કાહુ કૌન અધીન ?' આત્મતત્ત્વને જાણ્યું, ગમ્યું; હવે ? હવે મન એને પ્રાપ્ત કરવાના ઉપાયોમાં જ લાગેલું રહશે.

• • •

યાજ્ઞવલ્ક્યજીને સંન્યાસી બનવાનો વિચાર થયો. પોતાની સંપત્તિ બન્ને પત્નીઓમાં વહેંચી સંન્યાસ માટે વિચાર્યું. બન્ને પત્નીઓને આ વાત કરી. ત્યારે મૈત્રેયી નામની પત્નીએ કહ્યું : 'येनाहं नामृता स्यां, किमहं तेन कुर्याम् ?' જેનાથી મને અમૃતત્વ ન મળે તે ધનનું મારે શું કામ ? -

તેણી પણ સંન્યાસિની થઈ.

મૈત્રેયીની સાધના આ રહી : 'आत्मा वा अरे ! श्रोतव्यः, मन्तव्यः निदीध्यासितव्यः इति....' આત્મતત્ત્વને સાંભળવું જોઈએ, તેના પર અનુપ્રેક્ષા થવી જોઈએ અને ત્યારબાદ થશે આત્માનુભૂતિ. 'કાહુ કૌન અધીન ?' એવો સાધક પરમાં સ્થિર કેમ થશે ? એ પરાધીન નહિ જ હોય. એ હશે સ્વાધીન.

■

# ૮૩
# આધાર સૂત્ર

*સેવત પરમ પરમાતમા,*
*લહે ભવિક તસ રૂપ;*
*બતિયાં સેવત જ્યોતિકું,*[1]
*હોવત જ્યોતિ સ્વરૂપ...(૮૩)*

પરમાત્માની સેવા કરવાથી ભવ્ય જીવ તે પરમાત્માના રૂપને પામે છે.

જે રીતે દીપથી ભિન્ન એવી વાટ દીપની જ્યોતિને સ્પર્શીને પોતે પણ જ્યોતિસ્વરૂપ બને છે.

[બતિયાં = બત્તી (વાટ, દીવેટ)]

૧. જ્યોતિ જ્યું, B - F

# ૮૩

## જીવન્ત દીપના સાન્નિધ્યમાં

'શ્રી આદિજિન વિનતિ'માં પૂજ્યપાદ વિનય વિજય મહારાજ પ્રભુને કહે છે :

*કહેશો તુમે જિણંદ રે, ભક્તિ નથી તેહવી,*
*તો તે ભક્તિ મુજને દિયો એ. ૨૦*

પ્રભુ ! કદાચ તમે કહેશો કે તને કઈ સંપત્તિ પર મોક્ષ આપું ? મોક્ષ માટે તો

અન્તસ્તરમાંથી ઊઠતી દિવ્ય ભક્તિ જોઈએ. તો, હું તમને કહીશ, પ્રભુ ! કે તમે મને તેવી ભક્તિ આપો.....

બહુ જ હૃદયસ્પર્શી આ સંવાદ : ભક્તિ પ્રભુ આપે. બધું જ શુભ પ્રભુ જ આપે છે ને !

આપણે ભક્તિને શી રીતે પામી શકીએ ? ભક્તિ એટલે સંપૂર્ણ શરણાગતિ. ભક્તનું વૈભાવિક રૂપે ન હોવું. આપણે આપણા અહંકારને કઈ રીતે ફગાવીશું ?

પ્રભુ જ સદ્‌ગુરુ-સમર્પણ આપણને આપશે અને સદ્‌ગુરુ આપણા અહંકારના આંચળાને દૂર ફગાવી દેશે. એટલે જ તો પ્રાર્થનાસૂત્ર 'જય વીયરાય !'માં ભક્ત માગે છે : 'સુહગુરુજોગો.' પ્રભુ ! મને સદ્‌ગુરુયોગ આપ.

સદ્‌ગુરુયોગ મળ્યા પછી મળશે 'તવ્વયણ સેવણા'. સદ્‌ગુરુનાં વચનોની સેવા. અને સદ્‌ગુરુ શું કહેશે ? સદ્‌ગુરુનું કાર્ય જ તો પ્રભુ સાથે આપણું મિલન કરાવવાનું છે ને !

આપણા યુગના સમર્થ વિદ્વાન પૂજ્યપાદ જમ્બૂવિજયજી મહારાજ દાર્શનિક શાસ્ત્રોના પ્રકાંડ પંડિત. દાર્શનિક ગ્રન્થોના સંપાદનમાં પણ એમની હથોટી. એકવાર એમના ગુરુદેવે એમને કહ્યું : તારી શક્તિ છે, તો પ્રભુની વાણીનું, આગમ ગ્રન્થોનું સંપાદનકાર્ય કર ને ! પૂ. જમ્બૂવિજયજી મહારાજે ગુરુદેવના એ વચનને શિરોધાર્ય કર્યું અને આગમગ્રન્થો બહુ જ સરસ રીતે સંપાદિત કરીને શ્રીસંઘને આપ્યા.

• • •

ભક્તનો પ્રભુ સાથેનો સંવાદ આગળ ચાલે છે :

*વળી કહેશો ભગવંત રે, નહિ તુજ યોગ્યતા,*

*હમણાં મુક્તિ જાવા તણી એ. ૨૧*

*યોગ્યતા તે પણ નાથ રે, તુમ હિ જ આપશો,*

*તો તે મુજને દીજીએ એ. ૨૨*

પ્રભુ ! કદાચ તમે કહેશો કે મોક્ષે જવાની તારી યોગ્યતા પરિપક્વ થઈ નથી. માટે તને મોક્ષ કેમ મળી શકે ? પ્રભુ ! યોગ્યતા મારામાં ન હોય તો તે મને આપો ! બીજું કોણ મને યોગ્યતા આપશે ?

આ જ સન્દર્ભે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે કે પ્રભુ ! કાળલબ્ધિ ભલે મારી પરિપક્વ ન હોય, ભાવલબ્ધિ તો તમારા હાથમાં જ છે ને ![૧]

મોક્ષે જવા માટેના કાળ આદિનું પરિપક્વ થવું તે કાળલબ્ધિ. પ્રભુની અસાધારણ કૃપાને પામવી/ઝીલવી તે ભાવલબ્ધિ.

પ્રભુ ! ભાવલબ્ધિ તો આપના હાથમાં જ છે ને ! તો, તે આપો !

પ્રભુ ! આપની પરમ કૃપાને પામીને હું આપના ભણી આવું.

● ● ●

---

૧. કાળલબ્ધિ મુજ મતિ ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગયવર સાથે રે. —સંભવજિન સ્તવના.

આ જ લયમાં પ્રસ્તુત કડી આસ્વાદવી ગમશે :

*સેવત પરમ પરમાતમા,*
*લહે ભવિક તસ રૂપ;*
*બતિયાં સેવત જ્યોતિકું,*
*હોવત જ્યોતિ સ્વરૂપ.....*

પરમાત્માની સેવા કરતાં સાધક પરમાત્મદશાને પામે છે. જેવી રીતે દીવાની સળગતી વાટ જોડે સાદી વાટને સ્પર્શાવીએ તો એ સાદી વાટ પણ જ્યોતિર્મય દીપના રૂપમાં પરિણમે છે.

પરમાત્માની સેવા એટલે પ્રભુની આજ્ઞાનું પરિપાલન. જેમ જેમ પ્રભુની આજ્ઞાના પાલન ભણી આગળ વધાય તેમ વિભાવો હટતાં જાય, શુદ્ધ સ્વરૂપ નીખરતું જાય.

કાવ્યાત્મક પ્રસ્તુતિ શ્રીપાળ રાસમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે આપી છે :

*હરવ્યો અનુભવ જોર હતો જે,*
*મોહમલ્લ જગ લૂંઠો...*
*પરિ પરિ તેહના મર્મ દાખવી,*
*ભારે કીધો ભૂંઠો રે....*

અનુભવ. સ્વગુણાનુભવ કે સ્વરૂપાનુભવ. એ મોહને પરાસ્ત કરી દે છે. એક વિકલ્પ મળ્યો ને ! અત્યાર સુધી માત્ર પરમાં જ રહેવાની વાત હતી. પરથી જ સુખ મેળવવાની ભ્રમણા હતી. સ્વાનુભૂતિ થતાં - સ્વાનુભૂતિનો સૂર્યોદય થતાં, વિભાવનું ધુમ્મસ છંટાયું.

• • •

'બતિયાં સેવત જ્યોતિકું.....' ગુરુની ઑરા - આભા ભક્તને કેવી રીતે ઝળાંહળાં કરી દે છે એનું સરસ ઉદાહરણ બુદ્ધના જીવન પ્રસંગમાં મળે છે.

બુદ્ધ વૃક્ષ નીચે બેઠેલા છે.

મૌનમાં ડૂબેલ છે તેઓ.

એક સાધક આવે છે અને બુદ્ધના આભામંડલમાં પ્રવેશે છે. થોડીવાર બેસે છે. બુદ્ધ તો મહામૌનમાં છે. થોડી ક્ષણો પછી પેલો સાધક ઊભો થાય છે. બુદ્ધને પ્રણમે છે અને કહે છે : ભગવન્ ! આપે મને ખૂબ આપ્યું. હું આપનો ખૂબ ખૂબ ઋણી છું. તે ગયો.

પાછળથી પટ્ટશિષ્ય આનંદે બુદ્ધને પૂછેલું : આપ તો એક શબ્દ પણ બોલ્યા નહોતા. તેણે કેમ કહ્યું કે આપે મને ખૂબ આપ્યું.

બુદ્ધ કહે છે : આનંદ ! તેની પાસે કોડિયું, તેલ અને વાટ તૈયાર હતાં. હવે એને જરૂર હતી એક જીવન્ત દીપની. એ મારી આભામાં બેઠો. એની વાટ જળી ઊઠી અને તે આભાર માનીને ચાલવા લાગ્યો.

• • •

'સેવત પરમ પરમાતમા....'નો એક અર્થ તો આગળ કર્યો : સેવા એટલે પ્રભુની આજ્ઞાનું પાલન. બીજો અર્થ આવો પણ કરી શકાય : સશક્ત મૂર્તિચૈતન્યથી સભર પરમાત્માનાં આન્દોલનો ગ્રહણ કરીને પણ સાધક પોતાની સાધનાને ઊંચકી શકે.

આપણા પૂર્વજોને આ આન્દોલનશાસ્ત્રનું ઊંડું જ્ઞાન હતું. તેથી તેમણે એવાં દેરાસરો બનાવ્યાં - ભોંયરાવાળાં; જેમાં આન્દોલનો ઘૂમરાયાં કરે અને તે આન્દોલનોની ધારામાં પ્રવેશતાં જ ભક્ત પોતાની ભક્તિધારાને ઉચકાતી અનુભવે.

એક વખત હું એક ગામમાં ગયેલો. ભોંયરાવાળું જિનાલય. ભોંયરામાં એટલાં સરસ મઝાનાં આન્દોલનો.... કલાકો સુધી હું ત્યાં બેઠો. બપોરે તે ગામના સંઘાગ્રણીઓ મારી પાસે આવ્યા. તેમણે મને કહ્યું કે તેઓ આ દેરાસરના સ્થાને નવું દેરાસર બનાવવા માગે છે. મારો અભિપ્રાય તેમણે માગ્યો. મેં એમને પ્રેમથી સમજાવ્યું કે તમે દેરાસર નવું બનાવી શકશો, પણ આ આન્દોલનો ક્યાંથી લાવશો ? તેઓએ મારી વાત સ્વીકારી. એ દેરાસર તેમ જ રાખ્યું તેમણે....

■

## ૮૪

## આધાર સૂત્ર

*આપ આપમેં[1] સ્થિત હુએ,*
*તરુથેં અગ્નિ ઉદ્યોત;*
*સેવત આપ હિ આપકું,*
*ત્યું પરમાતમ હોત...(૮૪)*

આત્મા આત્મામાં સ્થિર થવાથી પરમાત્મારૂપ બને છે. જેમ વૃક્ષ પોતે પોતાની સાથે ઘસાતાં તેમાં (વૃક્ષમાં) અગ્નિ પ્રગટે છે તે રીતે આત્મા પણ નિર્મળ આત્મદ્રવ્યનું ધ્યાન કરતાં પરમાત્મરૂપ થઈ જાય છે.

[તરુથેં = વૃક્ષથી]

૧. આપ હી આપ મેં, C - D - F

# ૮૪

## પોતાનું પોતાની ભીતર સ્થિર થવું

શ્રીપાળ રાસની એક કડીમાં મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે સાધનાનો સાર આપી દીધો છે :

*આગમ નોઆગમ તણો,*
*ભાવ તે જાણો સાચો રે;*
*આતમભાવે થિર હોજો,*
*પરભાવે મત રાચો રે....*

પીસ્તાલીસ આગમ ગ્રન્થો અને સાધનાપદ્ધતિ (નોઆગમ)નો સાર આટલો જ છે : આત્મભાવમાં સ્થિર થવું અને પરભાવમાં જવું નહિ.

મઝાની ઝેન કથા યાદ આવે. સવારના પહોરમાં શિષ્ય ગુરુ પાસે આવ્યો. ગુરુ કહે છે : આજે તો મઝાનું સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં મેં આવું આવું જોયું. તું એની વ્યાખ્યા કર.

શિષ્યે કહ્યું : જી. અને તરત જ એ ગયો રસોડામાં. ગરમ પાણીની બાલટી લઈ આવ્યો. ગુરુના હાથ ધોવડાવ્યા.

ત્યાં બીજો શિષ્ય આવ્યો. ગુરુએ એને કહ્યું : આજે મને આવું સ્વપ્ન આવ્યું. તું એની વ્યાખ્યા કર. પેલા શિષ્યે પણ કહ્યું : જી. તે પણ ભાગ્યો રસોડા ભણી. ગરમ ચાની કીટલી તે લઈ આવ્યો. ગુરુને ચા આપી.

ગુરુ બેઉ પર ખુશ થયા.

શિષ્યોનું અર્થઘટન સાચું હતું : સ્વપ્નની વ્યાખ્યા શી હોઈ શકે ? સ્વપ્ન આવ્યું ને ગયું. ખુલ્લી આંખે જે સ્વપ્નો દેખાય છે - વિકલ્પો; તેનો પણ કોઈ અર્થ નથી; તો બંધ આંખના સ્વપ્નનો શો અર્થ ?

શિષ્યોને એ પણ ખ્યાલ હતો કે ગુરુ પોતાની પરીક્ષા કરી રહ્યા હતા... 'પરભાવે મત રાચો રે...'

• • •

'આતમભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે....' કેટલો મોટો આ મન્ત્ર છે ! એ દિશામાં આગળ ધપવા માટે જોઈશે સતત જાગૃતિ. પરમાં જવાયું, ખ્યાલ આવ્યો; તરત પર છૂટી જવું જોઈએ.

સાધક કોઈની આગળ પ્રભુના મહિમાને જ વર્ણવી રહ્યો હોય. અને શ્રોતા અહોભાવથી ઝૂમી રહ્યો હોય. પણ એ વખતે પોતાની વક્તૃત્વ કળા પર સાધકને અહંકાર આવે તો...? તો, પ્રભુની વાત કરતાં કરતાં એ પરભાવમાં તણાઈ ગયો.

એની જાગૃતિ એ વખતે એ હોવી જોઈએ કે શ્રોતાની ઉપાદાન-શુદ્ધિ જ એના અહોભાવના નિખારમાં મહત્ત્વની છે. પોતાના શબ્દો નહિ જ. પોતે તો કરી રહ્યો છે માત્ર સ્વાધ્યાય... સામાને મળ્યું એનું કારણ છે એના ઉપાદાનની શુદ્ધિ.... જેને કારણે એનો અહોભાવ પ્રગાઢ બન્યો.

આ જાગૃતિ સાધકને પરભાવમાં ન જવા દે. સ્વભાવમાં સ્થિર રાખે.

• • •

આઈન્સ્ટાઇનના જીવનની એક ઘટના યાદ આવે. એક વ્યક્તિના ત્યાં તેઓ સાયંભોજન માટે ગયેલા. ભોજન પછી થોડી આડી અવળી વાતો થઈ. આ મહાન વૈજ્ઞાનિક એ ભૂલી ગયા કે પોતે કો'કને ત્યાં જમવા આવ્યા છે. એમને એમ જ લાગ્યું કે પોતે પોતાના ઘરે છે....

ફિજુલ વાતોમાં આ મહાન વૈજ્ઞાનિક સમય બગાડવા માગતા નહોતા. એમને હવે સૂઈ જવું હતું. જેથી મળસ્કે તાજા-માજા થઇ પોતાની પ્રયોગશાળામાં તેઓ જઇ શકે.

જજમાનના મનમાં પણ એવું કે સાહેબે પોતાનો કીમતી સમય આપ્યો. પોતાને ત્યાં જમવા પધાર્યા. હવે એમનો વધુ સમય ન લેવાય. પણ સાહેબને કેમ કહેવાય કે આપને હવે જવું છે ?

છેવટે આઇન્સ્ટાઇને કહ્યું : હવે આરામ કરીએ. જજમાન કહે : ચાલો, સાહેબ ! આપને આપના ઘરે મૂકવા આવું. ત્યારે આઇન્સ્ટાઇનને ખ્યાલ આવ્યો કે તેઓ બીજાના ઘરે હતા....

વિજ્ઞાનના પ્રયોગોમાં રત આ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક ઘરને ભૂલી ગયેલા..... સામાન્ય વાતો વીસરાઇ જ જવાય. સાધક આવું ન કરી શકે ?

સાધકની જાગૃતિ પરભાવથી એને દૂર રાખે જ.

• • •

આ લયમાં પ્રસ્તુત કડી જોવી ગમશે :

*આપ આપમેં સ્થિત હુએ,*

*તરુથેં અગ્નિ ઉદ્યોત;*

*સેવત આપ હિ આપકું,*

*ત્યું પરમાતમ હોત....*

કેટલી મજાની સાધના કડીનું પહેલું ચરણ આપે છે ! : ‘આપ આપ મેં સ્થિત હુએ...’ બીજું કંઇ જ કરવાનું નથી સાધકે. પોતાની અંદર ઠરવાનું છે એણે. કહો કે હોવાનું...

કેવી આ વિડંબના કે આપણે આપણે જ નથી અને બીજું બધું છીએ. નાટકમાં જેણે કોઇનો રોલ ભજવવાનો હોય તે વ્યક્તિ થોડો સમય તો તે વ્યક્તિના વેષમાં રહે; પણ પછી....?

આપણા માટે યક્ષપ્રશ્ન આ થશે : આપણે આપણે કેટલો સમય ?

બીજી વાત : રાવણનો રોલ ભજવનાર પણ ભીતરથી માને છે કે હું રાવણ નથી. કર્મોદયને કારણે, વૈભાવિકરૂપમાં આપણે હોઈએ ત્યારેય, આ મારું મૂળ સ્વરૂપ તો નથી જ એવો તો ખ્યાલ આવે ને ?

• • •

'આપ આપમેં સ્થિત હુએ....' પોતાનું પોતાની ભીતર સ્થિર થવું... સ્વગુણોમાં કે સ્વરૂપમાં સ્થિર થવું.

ઉદાહરણ કેટલું સરસ આપ્યું ! 'તરુથેં અગ્નિ ઉદ્યોત...' ઝાડની ડાળી બીજી ડાળી સાથે અથડાય અને અગ્નિ પ્રગટે. અહીં બીજા કોઈની જરૂરિયાત પડતી નથી. તેમ, સાધક રૂપે રહેલ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની જાણકારી મેળવી તે શુદ્ધ સ્વરૂપ ભણી - નિર્મળ આત્મદ્રવ્યને પામવા ભણી ઢળે છે.

'સેવત આપ હિ આપકું, ત્યું પરમાતમ હોત.....' નિર્મળ આત્મદ્રવ્ય તરફ ઢળતાં જ જવાનું, ઢળતાં જ જવાનું.... એક ક્ષણે સંપૂર્ણ નિર્મલીકરણ મળી જશે....

■

## ૮૫

# આધાર સૂત્ર

*યાહિ પરમ પદ ભાવિએ,*
*વચન અગોચર સાર;*
*સહજ જ્યોતિ તો પાઈયે,*
*ફિર નહિ ભવ અવતાર...(૮૫)*

વચનને અગોચર, શબ્દોને પેલે પાર છે પરમ પદ, મોક્ષ. તેનું ભાવન કરવાથી સહજ જ્યોતિ પમાય છે અને ફરી સંસારમાં ભમવાનું રહેતું નથી.

# ૮૫

## સ્વરૂપ સ્થિતિની ઝલક

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે વચન-ગુપ્તિની સજ્ઝાયમાં, શબ્દો શમી જાય ત્યારે ભીતર જે પરમરસ ઝળકે છે, તેની વાત કરતાં કહ્યું :

*વચનાશ્રવ પલટાવવા,*
*મુનિ સાધે સ્વાધ્યાય, સલુણા;*
*તેહ સર્વથા ગોપવે,*
*પરમ મહારસ થાય....*

બોલવાની ઈચ્છા થઇ; શું બોલવું ? સ્વાધ્યાય રટવાનો. ગાથાઓ ગોખવાની. શબ્દો વહી ગયા; શબ્દ દ્વારા થતો કર્મબંધ ન થયો.

ડાયબેટિક પેશન્ટ હોય. ડૉક્ટરે ગળ્યું ખાવાની ના પાડી છે. ક્યારેક ઈચ્છા થઈ ગઈ મીઠું, મીઠું ખાવાની. હવે ? ડૉક્ટર કહેશે : એકાદ સફરજન ખાઇ લ્યો ? ફળની સાકર એટલું નુકશાન નહિ કરે અને ગળ્યું ખાવાની ઈચ્છા સંતોષાઈ જશે.....

તો, સરસ માર્ગ બતાવાયો : ‘વચનાશ્રવ પલટાવવા, મુનિ સાધે સ્વાધ્યાય....’ બોલવાની ઈચ્છાનું સ્વાધ્યાયમાં - સૂત્રો કંઠસ્થ કરવામાં રૂપાન્તરણ. આ જ તો છે ઊર્ધ્વીકરણ.

ઈચ્છાઓ ઊઠ્યા પછી એમને શાન્ત કરવાના માર્ગોમાં શ્રેષ્ઠ છે આ ઊર્ધ્વીકરણ. ચેતનાનું ઊર્ધ્વગમન.

ઈચ્છાઓની અગ્નિ માટે શમનરૂપ માર્ગનો તો કોઈ અર્થ જ નથી. એ તો આગમાં લાકડાં નાખવાં જેવું છે.

ઊર્ધ્વીકરણ છે વૃત્તિઓનું રૂપાન્તરણ....

• • •

દમન - ઈચ્છાઓ પરનું નિયન્ત્રણ આધારશિલા રૂપે હોય છે ત્યારે ઊર્ધ્વીકરણ કઇ રીતે થાય છે એની મજાની વાત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે શ્રીપાળરાસમાં કહી છે :

*ઈચ્છારોધે સંવરી,*
*પરિણતિ સમતા યોગે રે;*
*તપ તે એહિ જ આતમા,*
*વરતે નિજગુણ ભોગે રે....*

ઈચ્છાઓનું નિયન્ત્રણ સમત્વમાં ફેરવાય; રાગ-દ્વેષ-અહંકારની શિથિલતામાં; ત્યારે તપ બને છે આત્મગુણોનો ભોગ. સાધક નિજગુણની આનંદમયી આધારશિલા પર મહાલે છે. સંત કબીરજીના શબ્દોમાં 'બિનુ પગ નિરત કરો તિહાં....' ચરણો નથી, (ઘૂંઘરૂની તો વાત જ પછી ક્યાં રહી ? - 'પગ બાંધ ઘૂંઘરું મીરાં નાચી રે...') પણ નૃત્ય ચાલુ છે. એક ઓચ્છવ.... આનન્દભર્યો માહોલ....

• • •

'વચનાશ્રવ પલટાવવા, મુનિ સાધે સ્વાધ્યાય...' બોલવાની વૃત્તિનું કેવું મઝાનું આ રૂપાન્તરણ ! સ્વાધ્યાય. નિમ્નગામી વૃત્તિનું ઊર્ધ્વીકરણ. બોલીને આશ્રવમાં જવાને બદલે સ્વના અધ્યાય દ્વારા શુદ્ધ ભણી જવાની યાત્રાનો પ્રારંભ.

જો કે, બોલવાની ઈચ્છા હોય તો તો આ રૂપાન્તરણ મઝાનું થયું. પણ બોલવાની ઈચ્છા જ જતી રહે તો....?

કડીનો ઉત્તરાર્ધ કહે છે : 'તેહ સર્વથા ગોપવે, પરમ મહારસ થાય....' બોલવાની ઈચ્છા જ જો જતી રહે તો ભીતરના પરમ રસને આસ્વાદવાનું થાય.

'પરમ મહારસ.' આમ જુઓ તો 'રસો વૈ સઃ'...રસ એક જ છે. ભીતર છે તે. પણ આપણે લોકો સામાન્ય ઘટનાને 'રસ' તરીકે ઉલ્લેખવા લાગ્યા ત્યારે આવા મહાપુરુષોને 'રસ'ની આગળ વિશેષણો મૂકવા પડ્યા. 'પરમ મહારસ...' જે રસને સાધક અનુભવી શકે, કહી ન શકે.

• • •

આ સન્દર્ભમાં કડી શરૂ થાય છે :

યાહિ પરમ પદભાવિએ,
              વચન અગોચર સાર;
સહજ જ્યોતિ તો પાઈએ,
              ફિર નહિ ભવ અવતાર...

• • •

'યાહિ પરમ પદ ભાવિએ, વચન અગોચર સાર....' શબ્દોને પેલે પાર છે સ્વરૂપસ્થિતિ. પરમ પદ.

સ્વરૂપસ્થિતિને તમે અનુભવી શકો. કહી શી રીતે શકો ? જે જે લોકો સ્વરૂપસ્થિતિની આંશિક ઝલક પણ પામ્યા, તે લોકોએ એ સ્થિતિ માટે એક જ શબ્દ વાપર્યો છે : અદ્દ્ભુત !

કલ્પનાને પણ પેલે પારની ઘટના માટે તમે બીજો કયો શબ્દ પ્રયોજી શકો ?

અને, જે જે લોકોએ આ સ્વરૂપસ્થિતિની આંશિક ઝલક મેળવી, તે લોકોએ બીજું નિવેદન આ આપ્યું : વાહ ! આ આટલું સરળ હતું !

• • •

લાઓત્સે વૃક્ષ નીચે બેઠેલા. એક પાંદડું ઉપરથી પડ્યું. પાંદડું શું પડ્યું, લાઓત્સેની ભીતરથી કશુંક ખર્યું - મોહ, અજ્ઞાન - અને લાઓત્સેને સ્વરૂપ સ્થિતિનો અણસાર મળી ગયો.

એક સાધિકા કાવડમાં પાણી લઈ પૂનમની રાત્રે ચાલી રહી છે. કાવડના આગળના ઘડાના પાણીમાં પૂર્ણ ચન્દ્રનું પ્રતિબિંબ પડી રહ્યું છે. સાધિકા એ પ્રતિબિમ્બને જોતી ચાલે છે. ઠેસ વાગે છે. એ પડી જાય છે. કાવડના ઘડાનું પાણી ઢળી જાય છે. હવે ચન્દ્ર ક્યાં ? હવે કાવડના ઘડાના પાણીમાં ચન્દ્ર નથી. હવે ભીતર ચન્દ્રનો ઉદય થઈ ગયો છે ! સમભાવની શીતળતા એવી તો પ્રસરી રહી છે... આનંદ જ આનંદ.

તમે એ સાધિકાને, એ સમયે, એણીની ભીતરી સ્થિતિની વાત પૂછો તો તેણી શું કહેશે ? શબ્દોમાં શું કહી શકાય ? 'યાહિ પરમ પદ ભાવિએ, વચન અગોચર સાર....' શબ્દોને પેલે પારની એ સ્થિતિ છે, અને એટલે જ, શબ્દોમાં એને બાંધવી શક્ય જ નથી. પણ હા, એનું ભાવન, અનુભવન થઈ શકે છે.

એ અનુભવનને માત્ર આ શબ્દમાં વર્ણવ્યું, (જો કે, અનુભૂતિની પ્રાપ્તિ પહેલાં એ શબ્દ દ્વારા કંઈ જ ખ્યાલ નહિ આવે.) 'સહજ જ્યોતિ'. ['સહજ જ્યોતિ તો પાઈયે...'] અનાયાસ, કોઈ પણ જાતના પ્રયાસ વિના, જે સહજ જ્યોતિ-ભીતર પ્રકાશી રહી છે, તેનો ભાસ અહીં થશે.

• • •

'સહજ જ્યોતિ' શબ્દ વાંચતાં વીતરાગ સ્તોત્ર યાદ આવે : 'आदित्यवर्णं तमसः परस्तात्....' અંધકારને પેલે પાર, સૂર્ય જેવા ઝળાંહળાં પ્રકાશવાળા પરમાત્મા....

પણ,

લાલ રંગ સાથે પરમાત્મદશાને આપણી બુદ્ધિ સાંકળી લે તો એ બરોબર ન થાય. અને એટલે જ 'પંચવિંશતિકા'માં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું : 'केवलं नैव तमसः, प्रकाशादपि यत्परम्.' પરમજ્યોતિ માત્ર અંધકારથી જ નહિ, પ્રકાશથી પણ પર છે.

'સહજ જ્યોતિ તો પાઈયે....'

■

## ૮૬
## આધાર સૂત્ર

*જ્ઞાનીકું દુઃખ કછુ નહિ,*
*સહજ સિદ્ધ નિર્વાણ;*
*સુખ પ્રકાશ અનુભવ ભએ,*
*સબહિ ઠોર કલ્યાણ...(૮૬)*

જ્ઞાનીને કોઈ પણ પ્રકારનું દુઃખ નથી. કારણ કે જ્ઞાનીને સહજ રીતે મોક્ષ સિદ્ધ થાય છે. સુખનો પ્રકાશ કરનાર અનુભવ ઉત્પન્ન થતાં ચારેબાજુથી કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે.

# ૮૯

## વિરહાસક્તિનું મહાકાવ્ય

મૃગાપુત્ર વિરાગી બન્યા. દીક્ષા સમયની એમની મનઃસ્થિતિનો ચીતાર પરમપાવન ઉત્તરાધ્યયન સૂત્રમાં મળે છે :

रेणुयं व पडे लग्गं, निद्धुणित्ताण निग्गओ....

કપડા પર લાગેલી ધૂળને ખંખેરીને કોઈ ચાલી નીકળે તેમ મૃગાપુત્ર વિભાવની ધૂળને ખંખેરીને ચાલી નીકળ્યા.

જ્ઞાની પુરુષ આપણે કોને કહીએ ? લીટરલી, (શબ્દશઃ) જેના વિભાવો ખરી પડ્યા હોય. 'સમાધિશતક'ના લયમાં કહીએ તો, 'જો ખિનુ ગલિતવિભાવ.'

જ્ઞાન એવી એક ભીતરી દશા ઉત્પન્ન કરે, જે પર વિભાવોની ધૂળ રહી જ ન શકે.

• • •

ભક્તિધારા પણ આ જ કામ કરે છે. મીરાંનું એક સરસ ગીત છે. ગીતનો ભાવ એવો છે કે પ્રભુ જોડે વાતો કરવી છે. પ્રભુને પત્ર લખી હૃદયનો ભાવ જણાવવો છે. પણ પત્ર કેમ લખવો એ ખ્યાલ નથી આવતો. આ પૃષ્ઠભૂ પર ગીત શરૂ થાય છે :

પતિયાં મૈં કૈસે લખું, લિખ્યોરી ન જાય....

*કલમ ધરત મેરો કર કંપત હૈ,*
*નૈન રહે ઝડલાય;*
*બાત કહું તો કહત ન આવે,*
*જીવ રહ્યો ડરપાય.....*

હું પત્ર લખું તો પણ શી રીતે લખું ? મારાથી લખી શકાય તેમ નથી. કલમ હાથમાં લેતાં જ મારો હાથ ધ્રૂજવા લાગે છે. આંખોમાંથી આંસુની ધાર વહી રહી છે. કોઈની સાથે સંદેશ પણ કઈ રીતે કહેવડાવું ? વાત શી રીતે કરવી તે સૂઝતું નથી.

જો કે, પ્રભુને તો આંસુની ભાષા જ ગમે છે ને ! 'નૈન રહે ઝડલાય...' આંખોમાંથી વરસતી આંસુની ઝડી.... એક એક અશ્રુબિન્દુને - મીરાંનાં - એક એક શબ્દ નહિ, એક એક પત્ર ગણી શકાય.

ખરેખર તો, મીરાંનું એક એક અશ્રુબિન્દુ વિરહાસક્તિનું મહાકાવ્ય છે.

વિરહાસક્તિ. નારદઋષિએ આપેલો શબ્દ. એ પરમપ્યારાના વિરહની ક્ષણો પણ એની યાદોથી ઊભરાયેલ હોય ને ! એ એક એક ક્ષણ પર 'એ'ના-પરમપ્રિયના હસ્તાક્ષર હોય ને !

• • •

ભક્તની સંપદા તો જુઓ !

વિરહાસક્તિમાંય આ આનંદ અને મિલનમાં તો – નિરવધિ આનંદ...

રાધાએ પોતાની જન્મકુંડળી જ્યોતિષીને બતાવીને પૂછ્યું : જુઓ તો, મારો ગ્રહયોગ - શ્રીકૃષ્ણ સાથે - કેવો છે ?

જોષીએ કહ્યું : કાગળિયા પરના આંકડાથી શ્રીકૃષ્ણ જોડે યોગ શી રીતે થાય ? તું કૃષ્ણમાં ભળી જા ! એ જ તારો કૃષ્ણયોગ !

• • •

ભક્તિધારાની

અહોભાવમઢી આ

ક્ષણો.....

ઝર-ઝર ઝરતા આ

અહોભાવના ઝરણામાં

વિભાવની ધૂળ ક્યાં રહે ?

● ● ●

આ પૃષ્ઠભૂ પર પ્રસ્તુત કડીને જોઈએ :

*જ્ઞાનીકું દુઃખ કછુ નહિ,*

*સહજ સિદ્ધ નિર્વાણ;*

*સુખ પ્રકાશ અનુભવ ભએ,*

*સબહિ ઠોર કલ્યાણ....*

જ્ઞાની સાધક કઈ રીતે પોતાની સાધનાને આગળ ધપાવે છે એની વાત પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે મનોગુપ્તિની સજ્ઝાયમાં આ રીતે કહી :

*વીર્ય ચપળ પરસંગમી રે,*

*એહ ન સાધક પક્ષ;*

*જ્ઞાન-ચરણ સહકારતા રે,*

*વરતાવે મુનિ દક્ષ...*

જ્ઞાની સાધક પોતાની આત્મશક્તિને ન તો ચપળ બનવા દેશે, અસ્થિર; ન તો પરનો સંગ કરનારી બનવા દેશે. પોતાની આત્મશક્તિને તે માત્ર ને માત્ર સ્વ ભણી જ વહેવા દેશે.

પરનો સંગ. શું મળે એથી ? મળે રતિભાવ કે અરતિભાવ. મનગમતો સંગ મળ્યો, રતિભાવ; અણગમતો સંગ મળ્યો; અરતિભાવ.

જો કે, મનગમતો સંગ મનગમતો કેટલી વાર રહેશે એ પણ કોણ કહી શકે ? મનની આધારશિલા જ જ્યાં ડગુમગુ છે.

એક ગીત પહેલીવાર સાંભળ્યું. સરસ લાગ્યું. સોમી કે બસોમી વાર એ ગીત સંભળાશે ત્યારે ?

એક ભાઈ મળેલા. ચાની કંપનીમાં એમની નોકરી. અલગ અલગ ચાના ટેસ્ટ કર્યા કરવાના. અને ટેસ્ટને વધુ સારો બનાવવા સૂચનો આપ્યા કરવાના. નોકરીના ભાગ રૂપે રોજ કેટલીય વાર ચા પીવી પડે. ક્યારેક તો મોઢામાં ચાનો ઘૂંટડો ભરી, સ્વાદનો ખ્યાલ લઈ ઓકી નાખે.

ચા. મનગમતી. ક્યાં સુધી ?

કોલ્હાપુરના એક જૈન ભાઈ મળેલા. ગોળના જથ્થાબંધ વેપારી. અલગ અલગ ગોળના જથ્થા હોય; દરેક જથ્થાના ગોળનો એમણે ટેસ્ટ કરવો પડે. તેઓ કહેતા હતા કે એટલો બધો ગોળ ચાખવો પડે કે હવે ગોળ મોઢામાં જાય ત્યારે મોઢું કડવું બની જાય.

• • •

'વીર્ય ચપળ પરસંગમી રે, એહ ન સાધક પક્ષ.' તો સાધક શું કરે ? 'જ્ઞાન-ચરણ સહકારતા રે, વરતાવે મુનિ દક્ષ.' સાધકની દક્ષતા - ચતુરાઈ ત્યાં છે કે એ આત્મશક્તિને સ્વ ભણી વહાવે છે. જ્ઞાન, ચારિત્ર આદિ સ્વગુણોને પુષ્ટ કરવા ભણી તેની આત્મશક્તિ જાય છે.

• • •

'જ્ઞાનીકું દુઃખ કછુ નહિ...' આ ભૂમિકા પર આવેલું સૂત્ર છે. સ્વગુણની ધારા તરફ વહી રહેલ જ્ઞાનીને દુઃખ ક્યાંથી ?

માનસિક દુઃખ વિકલ્પોને કારણે આવી શકે. એ વિકલ્પોની પૃષ્ઠભૂ જ્ઞાની પાસે નથી. એની પાસે છે વર્તમાનયોગ. ઉદાસીન ભાવે, જે પણ ઘટના ઘટે તેને સ્વીકારવાની છે. અહીં વિકલ્પો ક્યાંથી આવશે ? નથી ભૂતકાળની ઘટનાનો બોજ, નથી ભવિષ્યકાળની ચિન્તા. વિકલ્પોને પેદા થવાની શક્યતા જ ન રહી ને !

શારીરિક દુઃખ - રોગ આદિનું - હોઈ શકે. પણ ત્યાંય દૃષ્ટિબિન્દુ એ હશે કે કર્મ નિર્જરી રહ્યું છે, ખરી રહ્યું છે; અને એથી એનો આનંદ જ હશે ને !

• • •

'સહજ સિદ્ધ નિર્વાણ.'

જ્ઞાનીને માટે નિર્વાણ - મોક્ષ એ કોઈ દૂરની ઘટના નથી. આ રહ્યો મોક્ષ ! 'સુખ પ્રકાશ અનુભવ ભએ...' સુખનો પ્રકાશ - ઉજાશ લાવનાર અનુભવ થવા લાગ્યો...

'જ્ઞાનીકું દુઃખ કછુ નહિ...' ની સામે છે આ 'સુખ પ્રકાશ અનુભવ ભએ...'

દુઃખ ગયું,

સુખ આવ્યું;

આનન્દલોકમાં સાધકનો પ્રવેશ.

■

## ૮૭

# આધાર સૂત્ર

*સુપન-દષ્ટિ સુખ નાશથેં,[1]*
*જ્યું દુઃખ ન લહે લોક;*
*જાગર-દષ્ટ વિનષ્ટ મેં,*
*ત્યું બુધકું નહિ શોક...(૮૭)*

સ્વપ્નમાં જોયેલ સુખ (સુખ આપનાર વસ્તુ)નો નાશ થવાથી કોઈને દુઃખ થતું નથી.

જ્ઞાનીને તો જાગૃત અવસ્થામાં જોયેલ શરીર આદિના નાશથી પણ શોક થતો નથી.

[નાશથેં = નાશથી]

૧. નાસ તેં, B - D

# ૮૭

## જ્ઞાની પુરુષની જાગૃતિ

કોટિકર્ણ શ્રોણ.

પ્રસિદ્ધ બૌદ્ધ ભિક્ષુ.

પૂર્વાવસ્થામાં તેઓ એવા ધનવાન પરિવારમાં જન્મેલા કે કાનમાં પહેરવાનું કુંડળ એક કરોડ સોનામહોરનું રહેતું.

પ્રખર વિરાગી ભિક્ષુ તેઓ બન્યા.

જ્ઞાની પણ એવા જ.

તેમનાં પ્રવચનોને સાંભળી લોકો વિરાગી બની ભિક્ષુ બની જતા.

એકવાર તેઓ એક નગરમાં આવ્યા. બપોરે ત્રણેક વાગ્યે તેમનું પ્રવચન શરૂ થાય તે સમીસાંજ સુધી ચાલે. એક પણ વ્યક્તિ ઊઠવાનું નામ ન લે. નગરની શેરીઓ સૂની, સૂની હોય એ સમયે.

બાજુના જંગલમાં રહેતા ચોરોના આગેવાનને આ સમાચાર મળ્યા. એ તો રાજીનો રેડ થઈ ગયો. વાહ ! તો તો સમીસાંજે જ સૂનાં ઘરોમાં લૂંટ થઈ શકે. રાત-પરોઢિયા કરવાનું કામ નહિ.

એક સાંજે પોતાના સાથીઓ જોડે એ નગરની એક શેરીમાં ગયો. ખરેખર, શેરી સાવ સૂમસામ. ચકલુંય ન ફરકે. એક શ્રીમંતનું ઘર એ શેરીમાં. શ્રીમંત દેશાવર ગયેલો છે. એની પત્ની પ્રવચન સાંભળવા ગઈ છે. ને ચોરો એના ત્યાં મહેમાન !

ચોરોનો આગેવાન બહાર ઊભો : ચોકી કરવા. સાથીઓ ઘરમાં ગયા. શેઠાણીની દાસી કોઈ કામસર ઘરે આવી. દૂરથી દશ્ય જોયું ને ચોંકી ઊઠી. દરવાજા ખુલ્લા છે. ચોક્કસ, ચોર મામા આવી પહોંચ્યા છે ! એ પાછી ફરી : શેઠાણીને ખબર આપવા.

ચોરોનો આગેવાન આ જોઈ ગયો. એણે ચોરોને કહ્યું : તમે ફટાફટ જે લીધું હોય તે લઈને આપણા સ્થાને પહોંચી જાવ. હું જોઉં કે આ બાઈ ક્યાં જાય છે, કોને ખબર આપે છે. અને એ અંગે મારે શું કરવું જોઈએ.

ચોરો તેમના સ્થાન તરફ ગયા. આગેવાન પેલી દાસીની પાછળ ગયો. શેઠાણી મંડપમાં છેવાડે બેઠેલાં. દાસી ત્યાં ગઈ. ચોરોનો આગેવાન સારા પોષાકમાં હતો. એ લોકો ભેગો ભળી ગયો અને પેલી દાસી શું કહે છે તે તરફ કાન માંડીને બેઠો.

દાસીએ કહ્યું : શેઠાણી બા, આપણા ઘરમાં ચોરો પેઠા છે. જલદી ચાલો, કોટવાળને ખબર કરીએ. નહિતર, બધું લૂંટાઈ જશે.

શેઠાણી કહે છે : ઘરમાં છે એને ધન ન કહેવાય એ ખ્યાલ આ મહાત્માને સાંભળતાં આવ્યો. ધન તો આપણી ભીતર જ છે : જ્ઞાન, આનન્દ આદિ. બીજું ધન તો ધન નહિ, પથ્થર છે. એ કોઈ લઈ જાય તોય ફરક શો પડે છે ? મને પ્રવચન સાંભળવા દે. તું પણ અહીં બેસ. જો તો ખરી, કેવું અમૃત અહીં વરસી રહ્યું છે !

ચોરોના આગેવાને આ સંવાદ સાંભળ્યો. હવે કોઈ ફરિયાદ થવાની નથી કે હવે કોઈ પગેરું પકડીને પાછળ જનાર નથી. એ આશ્વસ્ત બનીને મહાત્માને સાંભળવા લાગ્યો. એકાદ કલાક એણે મહાત્માને સાંભળ્યા. શું એ શબ્દોનું સમ્મોહન ! શી વેધકતા અભિવ્યક્તિની ! ચોરોનો આગેવાન મહાત્માના શબ્દોની તીવ્ર અસરમાં.

પ્રવચન પૂરું થયે એણે મહાત્માનાં ચરણોમાં પ્રણામ કરી રહ્યું : યોગ્ય લાગતો હોઉં તો મને દીક્ષા આપો ! મને લાગે છે કે જે ધન લૂંટવાની પાછળ મેં જિંદગી ખર્ચી; એ ધન ધન જ નહોતું. ખરું ધન તો એ જ છે, જેની તમે વાત કરો છો. જે તમારા ચહેરા પર દીપ્તિમંત થઈને ઝલકે છે.

ચોરોનો અગ્રણી ભિક્ષુ બન્યો.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને આસ્વાદીએ :

સુપન-દષ્ટિ સુખ નાશથેં,
            જ્યું દુઃખ ન લહે લોક;
જાગર-દષ્ટ વિનષ્ટ મેં,
            ત્યું બુધકું નહિ શોક...

સ્વપ્નમાં ધન વગેરે મળ્યું. સ્વપ્ન આગળ ચાલ્યું અને એમાં બધું ગયું. સવારે માણસ જાગશે. સ્વપ્નની યાદ પણ આવશે. પણ લાખ રૂપિયા મારા ગયા એવી પીડા એને નહિ જ હોય.

કારણ કે એ સ્વપ્ન હતું. સત્ય ન હતું.

અચ્છા, એક પ્રશ્ન થાય અહીં, કે સ્વપ્નની વ્યાખ્યા શી ? જે મળે, ખવાય, પીવાય તોય તે વ્યક્તિને તૃપ્તિનો અહેસાસ ન થાય તે સ્વપ્ન.

સવારે ચાર વાગ્યે સ્વપ્નમાં જેણે ગુલાબજાંબુ અને સમોસા પર બરોબરનો હાથ લગાવ્યો હોય, તે સવારે જાગે અને કહેશે : લાવો, ચા-નાસ્તો ! અરે ભાઈ ! હમણાં ગુલાબજાંબુ અને સમોસાની ડિશ પર ડિશ ઠપકારી ગયો તેનું શું ? 'એ તો સ્વપ્ન હતું ને !'

સ્વપ્નની વ્યાખ્યા મઝાની થઈ. જે મળે અને તૃપ્તિ ન થાય તે સ્વપ્નાવસ્થા... તો અત્યારની કહેવાતી જાગૃત અવસ્થામાં શું થાય છે ? ઘણું બધું મેળવ્યું; તૃપ્તિ થઈ ? અને તૃપ્તિ ન થાય તો એ કહેવાતી જાગૃત અવસ્થા પણ સ્વપ્નાવસ્થા જ કહેવાશે ને !

• • •

જ્ઞાની પુરુષ જાગી ગયો છે.

અને તેથી જાગૃતાવસ્થામાં પણ મળેલું કંઈક ગયું; અરે, દેહ જવાની તૈયારી કરે છે અને એ મઝામાં છે. એના જાગરણમાં ઉજાગર ભળેલું છે ને !

'જાગરદૃષ્ટ વિનષ્ટ મેં, ત્યું બુધકું નહિ શોક.' જે જાગૃત થઈ ગયો, તે બધી પરિસ્થિતિમાં સમચિત્ત રહેવાનો. જે ઘટવાનું હતું, તે ઘટી ગયું. અનંત કેવળજ્ઞાની ભગવંતોએ જ્ઞાનમાં જોયેલું, તે જ બન્યું છે. પછી એનો સ્વીકાર જ હોવો ઘટે ને !

શ્રીપાળ રાસ મયણા સુન્દરીના જીવનની એક ઘટના - શ્રીપાળકુમાર સાથેના લગ્ન પ્રસંગની - ને શબ્દબદ્ધ કરતાં કહે છે : 'મયણા મુખ નવિ પાલટે રે, અંશ ન આણે ખેદ; જ્ઞાનીનું દીઠું હુવે રે...' જ્ઞાની ભગવંતોએ જે પણ જ્ઞાનમાં જોયું છે, તેનો સ્વીકાર...

ઉપમિતિ યાદ આવે : અનન્ત કેવળજ્ઞાનીઓના જ્ઞાનના વિષયરૂપ કાર્ય સમૂહ, જે કારણકલાપ દ્વારા આવિર્ભૂત થવાનો છે, તે જ રીતે થાય છે. એથી કરીને અતીતની ઘટનાઓ પ્રત્યેની વિચારણા એ માત્ર મોહનું જ સર્જન છે.[1]

■

---

१. नियता हि निश्चयाकूतेन नियतकारणसामग्रीजन्या च सकलकालं तथैवानन्तकेवलिज्ञानगोचरीभूता च समस्ताऽपि जगति बहिरङ्गान्तरङ्गकार्य-पर्यायमाला, सा यया परिपाट्या व्यवस्थिता यैश्च कारणैराविर्भावनीया तयैव परिपाट्या तान्येव च कारणान्यासाद्याविर्भवति, कुतस्तस्यामन्यथाभावः ? अतोऽतीतचिन्ता मोहविलसितमेव ॥ उपमिति, प्रस्ताव ४ ॥

## ૮૮

# આધાર સૂત્ર

*સુખ-ભાવિત દુઃખ પાયકે,*
*ક્ષય પાવે જગજ્ઞાન;*
*ન રહે સો બહુ તાપમેં,*
*કોમલ ફૂલ સમાન...(૮૮)*

સુખભાવિત જ્ઞાન, શાતાવેદનીયના યોગે ભાવિત થયેલ જ્ઞાન દુઃખના વખતમાં ટકી શકતું નથી. જેમ બહુ તાપમાં કોમળ ફૂલ કરમાઈ જાય છે તેમ.

અર્થાત્ કષ્ટ વખતે સુખભાવિત જ્ઞાનવાળાને સમાધિ રહેતી નથી. પણ તે અસમાધિમાં પડી જાય છે.

# ૮૮

## સમાધિ છે લક્ષ્ય

રામકૃષ્ણ પરમહંસ આઠ વર્ષના હતા ત્યારની એક ઘટના. તેઓ તળાવને કાંઠે ગયેલા. તેમનાં પગલાંનો અવાજ સાંભળી બગલા ઊડ્યા.

દશ-પંદર બગલાની કતાર... કાળા વાદળની પૃષ્ઠભૂ પર સફેદ બગલા પસાર થઈ રહ્યા હતા. રામકૃષ્ણ આ જોઈ સ્તબ્ધ બન્યા. એક સન્નાટો.

વર્ષો પછી, પરમનો અનુભવ થતાં આ સ્તબ્ધતાનું રહસ્ય ખૂલ્યું. રામકૃષ્ણે કહ્યું પ્રભુને : પ્રભુ ! સફેદ બગલા તે તું જ હતો. મારી સ્તબ્ધતા હતી સમાધિ. પણ હું ના-સમજ, અપરિચિત, મૂઢ; તને પહેચાની ન શક્યો.

સમાધિ.

બહારથી લાગે એ સ્તબ્ધતા, મૂર્ચ્છા; શરીરના સ્તર પર. અને એ જ વખતે ઘટિત થાય છે ભીતરની જાગૃતિ.

સ્વામી વિવેકાનન્દના પૂર્વાશ્રમની એક ઘટના : તેઓ નરેન્દ્ર રૂપે હતા. પરમ ચૈતન્યના દર્શનની, મિલનની તડપન, ઉત્કંઠા. સંતોની પાસે તેઓ જતા અને પૂછતા : પ્રભુને તમે જોયા છે ? દરેક સંતે પ્રભુનો સાક્ષાત્કાર કરેલો નથી હોતો. તેઓ પરમાત્મ-મિલનની વિધિ બતાવે, પણ નરેન્દ્રને તેમાં સંતોષ ન થાય.

એમ કરતાં, નરેન્દ્ર રામકૃષ્ણ પરમહંસ પાસે આવ્યા. એમને પણ પૂછ્યું : તમે પ્રભુનો સાક્ષાત્કાર કર્યો છે ?

રામકૃષ્ણે એમની આંખમાં આંખ પરોવી કહ્યું : તારે ખરેખર પ્રભુને જોવા છે કે વાતો જ કરવી છે ?

નરેન્દ્રની આંખોમાં આંસુ. એ કહે : ગુરુદેવ ! ખરેખર, પ્રભુનો સાક્ષાત્કાર કરવો છે. એ ન મળે તો આ જીવનનો કોઈ જ અર્થ નથી. નરેન્દ્રની તડપનની ખરાઈ કરીને ગુરુએ તેના મસ્તક પર હાથ મૂક્યો. અને નરેન્દ્ર સમાધિમાં. એક અઠવાડિયા સુધી નરેન્દ્ર એ સ્થિતિમાં રહ્યા.

આઠમા દિવસે જ્યારે ગુરુ તેને હોશમાં લાવ્યા ત્યારે નરેન્દ્રે કહ્યું : ગુરુદેવ ! આ જન્મમાં, કહો કે પૂરા ભવચક્રમાં, હું હોશમાં રહ્યો હોઉં એ ગાળો આટલો જ હતો. આપે આપ્યો'તો એ; હવે મને બેહોશીની દુનિયામાં કેમ લઈ જાવ છો ?

વ્યાખ્યા આખી પલટાઈ ગઈ. પૂરું શીર્ષાસન. જે જાગરણ પહેલાં લાગતું હતું - પદાર્થોમાં ને વ્યક્તિઓના સંસારમાં ઊલઝી જવાનું - તે હવે બેહોશી લાગે છે. જે બેહોશી લાગતી પહેલાં, ટ્રાન્સમાં જવાની - ધ્યાનમાં ઊતરવાની ક્ષણો - એ હવે લાગે છે હોશની ક્ષણો.

સમાધિ.

ધ્યાતા - ધ્યાન કરનારની ચેતના ધ્યેયાકાર બની જાય એ છે સમાધિ. 'ધ્યાતા થાકે ધ્યાનમેં.'

મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ આ ક્ષણોનું ચિત્રણ આપતાં કહે છે : 'ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે; ક્ષીર નીર પરે તુમસું મિલશું, વાચક જસ કહે હેજે હળશું.'

ધ્યાતા એક બાજુ છે, સામે છે ધ્યેય; વચ્ચે છે ધ્યાન. એક ક્ષણ એવી આવે છે જ્યારે ધ્યાતા ધ્યેયમાં ડૂબી જાય છે, પોતાની ચેતનાને એ ધ્યેયાકારે પરિણત કરે છે. આને થોડો સમય માટેની અભેદાનુભૂતિ કહે છે.

એ અનુભવ માટે સદ્ગુરુને પ્રાર્થના કરતાં સાધક કહે છે : 'ઐસા ચિદ્રસ દિઓ ગુરુમૈયા, પ્રભુ સે અભેદ હો જાઉં મૈં.'

ચિદ્રસ. ભીતરની દુનિયાનો આસ્વાદ અલપ-ઝલપ થઈ રહે. પછી એની જ ઝંખના. અને એ ઝંખનાની નદીને કિનારે કિનારે પરમ તત્ત્વ સાથેની અભેદાનુભૂતિ.

• • •

આ અભેદાનુભૂતિની, ભેદ-છેદની પ્રક્રિયાની સરળ રીત પૂ. મહોપાધ્યાય યશોવિજય મહારાજે શ્રીપાળ રાસમાં મૂકી છે :

અરિહંત પદ ધ્યાતો થકો,
દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા,
અરિહંત રૂપી થાય રે...

દ્રવ્ય, ગુણ કે પર્યાય વડે અરિહંત પદનું ધ્યાન કરતો સાધક પોતાની ચેતનાને અરિહંતમયી બનાવી દે છે.

નિર્મળ આત્મદ્રવ્યની અનુભૂતિ કે જ્ઞાન, આનંદ આદિ ગુણોની અનુભૂતિ ચેતનાને અર્હન્મયી બનાવી દે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને આસ્વાદીએ :

સુખ-ભાવિત દુઃખ પાયકે,
ક્ષય પાવે જગજ્ઞાન;
ન રહે સો બહુ તાપમેં,
કોમલ ફૂલ સમાન...

સુખભાવિત જ્ઞાન દુઃખની ક્ષણોમાં ટકતું નથી.

એ જ્ઞાન શાબ્દિક જ્ઞાન થશે. એરકન્ડિશન્ડ રૂમમાં બેસીને રણની ફિલ્મ જોઈ રણને અનુભવવા (?) જેવું. એવી ફિલ્મો વારંવાર જોનાર પણ ખરેખર રણની મુસાફરી કરે ત્યારે... એને ધોળા દિવસે તારા દેખાઈ આવે !

એ અનુસન્ધાનમાં આ વાત ગ્રન્થકાર ચર્ચી રહ્યા છે કે સાધનાની વાતો જાણી; પણ એનું પ્રાયોગિક રૂપમાં ખેડાણ ન થયું તો... ?

તો એવું થાય કે સાધના શરૂ થઈ, સહેજ તકલીફ આવી, રોગ આવ્યો કે બીજી કોઈ પીડા આવી; મન એ વખતે સાધનામાં નહિ રહે. મન એ પીડાના દૂરીકરણમાં જ સંપૂર્ણતયા લાગી જશે.

આ જ સન્દર્ભે પૂ.પદ્મવિજય મહારાજે વ્યવહાર સાધના અને નિશ્ચય સાધનાને આ રીતે અલગ પાડી : 'પરિષહસહનાદિક પરકારા, એ સબ હૈ વ્યવહારા હો; નિશ્ચય નિજગુણ ઠરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા...'

પરિષહસહન એ વ્યવહાર સાધના. નિજગુણ સ્થિરતા એ નિશ્ચય સાધના. ઠંડી, તડકો, રોગ બધું અભ્યસ્ત થયું. હવે નિજગુણ સ્થિરતા માટેની સાધનામાં સરસ રીતે લસરી શકાશે. આમ શું થાય કે સાધકે વિચાર્યું હોય કે પરોઢિયે ત્રણ-ચાર વાગ્યે ઊઠીને કાયોત્સર્ગ સાધનામાં જવું. ઉઠાઈ પણ જવાય, પણ એ વખતે મલેરિયાને કારણે ઠંડી વાઈને તાવ આવેલ લાગે; શરીર થર થર ધ્રૂજતું હોય; કાયોત્સર્ગ સાધના કેમ થશે ? પણ જો રોગ અભ્યસ્ત હોય તો... ? તો, એ એનું કામ કરશે. સાધક પોતાનું કામ કરશે.

કષ્ટ વખતે સમાધિ ટકાવવી તો જ સરળ છે, અથવા સાધના કરવી તો જ સરળ છે, જો એ પીડાઓ અભ્યસ્ત થયેલ હોય...

• • •

અંતિમ લક્ષ્ય છે સમાધિ.

સ્વરૂપસ્થિરતા. સ્વગુણસ્થિરતા.

મંજિલ નક્કી છે.

હવે માર્ગ એ જ થશે, જે મંજિલ ભણી સાધકને દોરી જાય.

■

## ૮૯

# આધાર સૂત્ર

*દુઃખ-પરિતાપે નવિ ગલે,*
*દુઃખ-ભાવિત મુનિ જ્ઞાન;*
*વજ્ર ગલે નવિ દહનમેં,*
*કંચનકે અનુમાન...(૮૯)*

દુઃખના/કષ્ટના અનુભવથી પુષ્ટ બનેલ મુનિનું જ્ઞાન, કષ્ટ આવી જતાં, જતું નથી. (કષ્ટ એમની સાધનાને સહેજ પણ ચલાયમાન કરી શકતું નથી.)

અગ્નિમાં વજ્રને નાખો કે સોનાને નાખો; તે નષ્ટ ન થાય. એ જ રીતે કષ્ટ/દુઃખ (શારીરિક) મુનિની સાધનાને નષ્ટ ન કરી શકે.

[ગલે = પીગળે]

# ૮૯

## સાધનાની અભ્યસ્તતાનાં ત્રણ ચરણો

ડૉ. પાબ્લો બહુ મોટા પિયાનોવાદક હતા. નેવું વર્ષની વયે એવો સંધિવા થયેલો કે હાથ-પગ બધું જ જકડાઈ જાય. રાત્રે સૂઈને સવારે તેઓ ઊઠે ત્યારે ન તો પગથી એક ડગલું

તેઓ ચાલી શકે કે ન હાથથી નાસ્તાનો ચમચો પકડી શકે. માણસો જ તેમને ખવડાવે. તૈયાર કરે. એ પછી તેમને ઉપાડીને પિયાનોની બાજુની ખુરસીમાં બેસાડવામાં આવે.

તેમના હાથ પિયાનોને સ્પર્શાવવામાં આવે. ધીરે ધીરે તેમની આંગળીઓ કાર્યરત બને અને થોડી વારમાં તો એ હાથો દ્વારા - એ આંગળીઓ દ્વારા ઊપજેલ મઝાના સંગીતને ભાવકો માણી શકે.

વર્ષોની સંગીત-સાધનાનો આ જાદૂ.

સાંજ સુધી તેમની આંગળીઓ કાર્યરત બને. રાત્રે તેઓ સૂઈ જાય અને ફરી પાછા હાથ-પગ જકડાઈ જાય. ફરી પિયાનાનો સ્પર્શ...

આવું જ બનેલું તબલાવાદક અહમદ માટે. હાથ જકડાઈ ગયેલા હોય. પણ તબલાનો સ્પર્શ થતાં જ... આંગળીઓ બને કાર્યરત.

આપણા શ્રેષ્ઠસાધક હિમ્મતભાઈ બેડાવાળા માટે પણ જોયેલું કે જ્યારે તેમનું શરીર બરોબર કામ નહોતું આપતું; ચાલતાં પણ ક્યારેક તેઓની ચાલ લડખડાઈ જતી. પરંતુ કાયોત્સર્ગ કરવા બેસે ત્યારે અડોલ શરીર તેમનું હોય.

આ હતો અભ્યાસ, તે સાધનાનો. આ સાધનાના અભ્યાસને દૃઢ બનાવવા માટે પતંજલિ ઋષિએ સાધનાને લાંબા કાળ સુધી ઘૂંટવાનું કહ્યું છે. એ જ રીતે નિરન્તર એ સાધનાને ઘૂંટવાની વાત તેમણે કરી છે અને તે પણ હૃદયના આદર સાથે.[1]

---

१. तत्र स्थितौ यत्नः अभ्यासः ॥ १/१३ ॥ स तु दीर्घकाल-नैरन्तर्यसत्कारासेवितो दृढभूमिः ॥ १/१४ ॥

પહેલી વાત : સાધનાને લાંબા કાળ સુધી ઘૂંટવી... એક સમિતિ કે એક ગુપ્તિને દશ-પંદર વર્ષ સુધી ઘૂંટવાની.

ભૌતિક દુનિયામાં પણ જે લોકો સિદ્ધિના શિખર પર પહોંચ્યા, તેમણે પોતાની સાધનાને ઘૂંટી છે.

વિલાયત ખાનનું સંગીતના ક્ષેત્રે પ્રસિદ્ધ નામ છે. તેઓ નાના હતા ત્યારે ઘરમાં ગરીબી ભરડો લઈ ગયેલી. સવારે ચાર વાગ્યે મા વિલાયત ખાનને જગાડે. શિયાળાની કડકડતી ઠંડી હોય. દાંત જ સારેગમ વહાવતા હોય, દાંત ધ્રૂજતા હોય; ત્યાં રિયાઝ કેમ કરવું ? અને અધુરામાં પૂરું, ન ઓઢવા માટે કે પહેરવા માટે વિશેષ વ્યવસ્થા, ન તાપણાની સગવડ, ન બીજું કંઈ ઠંડી ઉડાડવા માટેની સુવિધા; વિલાયત ખાન માને કહેતા : મા ! રિયાઝ શી રીતે કરું ? આ ઠંડીમાં...

મા કહેતી : બેટા ! તું તન્મય બની જા ! પછી જો, ઠંડીનો ખ્યાલ પણ નહિ રહે. અને તું તન્મય નહિ બને તો તારા સંગીતમાં એ સપ્રાણતા ક્યાંથી પ્રગટશે, જે ભાવકોને ડોલાવી શકે ?

વિલાયત ખાને લાંબા સમય સુધી સંગીત-સાધના કરી. અને તેઓ મૂર્ધન્ય સંગીતકાર બન્યા.

• • •

દીર્ઘકાળ આસેવિતતા પછી આવે છે નૈરન્તર્ય આસેવિતતા. લાંબા સમય સુધીની સાધના, પણ એ ખાડો પડ્યા વગરની જોઈએ. નિરન્તર... બે દિવસ સાધના થઈ ને ત્રીજા દિવસે ન થઈ, એ ન ચાલે... સાધનામાં જોઈએ નિરન્તરતા...

વજ્રસ્વામીનો જીવ પૂર્વ જન્મમાં દેવ તરીકે. અષ્ટાપદ તીર્થની યાત્રાએ ગયેલ એ દેવને મળ્યા ભગવાન ગૌતમ. તેમણે દેવને 'ધર્મલાભ'રૂપ આશિષ આપી. દેવ પૂછે છે : ધર્મ એટલે શું ? ભગવાન ગૌતમ કહે : ધર્મ એટલે પ્રભુની આજ્ઞાનું પાલન; જે પૂર્ણતયા સાધુજીવનમાં મળે.

દેવને સાધુત્વની પ્રાપ્તિની અદમ્ય ઝંખના જાગી. ગૌતમ સ્વામીએ તેને પુંડરીક-કંડરીક અધ્યયન આપ્યું; અને રોજ એનો સ્વાધ્યાય કરવાનું સૂચવ્યું. સાધુત્વના મહિમાને ઉજાગર કરતા એ અધ્યયનનું પારાયણ દેવે શરૂ કર્યું. તમે જાણીને નવાઈમાં પડશો : રોજ પાંચસો વખત એ દેવ એ અધ્યયનનો સ્વાધ્યાય કરે છે. પાંચસો વર્ષનું દેવ તરીકેનું આયુષ્ય બાકી હતું. પાંચસો વર્ષ સુધી, નિરન્તર, રોજના પાંચસો વાર એ અધ્યયનનો સ્વાધ્યાય થયો.

એવું ઘૂંટાઈ ગઈ દીક્ષાનું માહાત્મ્ય ભીતર કે વજ્રકુમાર તરીકે નાનપણમાં, પારણામાં દીક્ષા શબ્દ સાંભળતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. દીક્ષાનો સંકલ્પ દઢ બન્યો. અને દીક્ષા થઈ ગઈ.

ભૌતિક દુનિયાની વાત કરીએ તો, બિથોવન સંગીત સમ્રાટ. એક સમારોહમાં તેમને સાંભળ્યા પછી એક ભાવક શ્રોતાએ કહ્યું : વાહ ! અદ્‌ભુત આ સંગીત ! દિવ્ય ! બિથોવને કહ્યું, ચાલીસ વર્ષ સુધી રોજના આઠ કલાક જો તમે રિયાઝ કરી શકો તો તમારે કંઠેથી પણ આવું ગાન પ્રગટે !

ચાલીસ વર્ષ સુધી નિરન્તર આઠ કલાકનો રિયાઝ !

આ નિરન્તરતા સાધનામાં નિખાર લાવ્યા વગર કેમ રહે ?

• • •

ત્રીજી વાત છે સત્કાર પૂર્વકના આસેવનની. સાધના કરવાની તો ખરી જ, પણ એ હૃદયના ઊછળતા ભાવે. અહોભાવની ચરમ સીમા પર જઈને.

નાનકડું જ આજ્ઞાપાલન. પણ એમાં મસમોટો અહોભાવ ઉમેરાય ત્યારે... ? નાનકડા કાર્યથી મોટું પરિણામ નીપજે જ ને ! મિનિમમ એફર્ટ, મૅક્સિમમ રિઝલ્ટ.

• • •

સાધનાને અભ્યાસ કરવાની, ઘૂંટવાની ત્રણ વિધિઓ આપણે જોઈ : દીર્ઘકાળ આસેવિતતા, નિરન્તર આસેવિતતા, સત્કાર આસેવિતતા...

આવી રીતે અભ્યસ્ત થયેલી સાધના શારીરિક તકલીફોમાં કે બીજી કોઈ પીડા વખતે ચૂકાતી નથી.

આ પૃષ્ઠભૂ પર પ્રસ્તુત કડી જોઈએ :

દુ:ખ-પરિતાપે નવિ ગલે,<br>
દુ:ખ-ભાવિત મુનિ જ્ઞાન;<br>
વજ્ર ગલે નવિ દહનમેં,<br>
કંચનકે અનુમાન...

વજ્ર કે કંચન અગ્નિમાં બળતા નથી; અગ્નિમાં પડ્યા પછી, ઊલટા, વધુ તેજસ્વી બને છે. તેમ મુનિની સાધના જ્યારે અભ્યસ્ત થયેલી હોય છે ત્યારે એ પીડાની ક્ષણોમાં પણ શિથિલ બનતી નથી.

■

## ૯૦

# આધાર સૂત્ર

*તાતેં દુઃખસું ભાવિએ,*
*આપ શક્તિ અનુસાર;*
*તો દૃઢતર હુઈ ઉલ્લસે,*
*જ્ઞાન ચરણ આચારે[1]...(૯૦)*

તેથી, પોતાની શક્તિ અનુસાર, શારીરિક આદિ કષ્ટો સહન કરી આત્માને ભાવિત કરવો કે જેથી આત્માનો ઉપયોગ સ્થિર થઈ ઉલ્લાસ પામે અને એમ કરવાથી જ્ઞાન અને ચારિત્રભાવ દૃઢ થાય.

૧. આધાર, A

# ૯૦

## સર્વસ્વીકારની સાધના

ગુરુ પાસે શિષ્ય થોડો સમય રહ્યો. પછી એણે ફરિયાદ કરી : આપે મને કંઈ શીખવ્યું નહિ. એની ફરિયાદ એ અનુસન્ધાનમાં હતી કે ગુરુએ કોઈ ગ્રન્થ એને વંચાવ્યો નહિ કે ગુરુએ કોઈ ગ્રન્થ પર એને ઊંડાણથી સમજાવ્યું નહિ.

ગુરુએ કહ્યું : મેં તો તને ઘણું શીખવ્યું છે. તું કેટલું શીખ્યો એ મારે હવે જોવું છે.

શિષ્ય નવાઈમાં પડ્યો : તમે તો મને પાંચ-દશ મિનિટ કંઈક સમજાવ્યું પણ નથી, તો શું શીખવ્યું ?

ગુરુ કહે છે : તું ચા લઈને આવે છે. હું એનો સ્વીકાર કરું છું કે નહિ ? તું મારી સેવા કરે છે. હું એને સ્વીકારું છું કે નહિ, બોલ ! આ સર્વસ્વીકાર એ જ તો સાધના છે ને !

શિષ્ય સમજ્યો.

એણે કૃતજ્ઞભાવે ગુરુનાં ચરણોમાં મસ્તક ઝુકાવ્યું.

● ● ●

શિષ્યે ગુરુને કંઈક પૂછ્યું.

ગુરુએ જવાબ ન આપ્યો. માત્ર તેઓ હસ્યા. શિષ્ય ખિન્ન થયો. એને લાગ્યું કે પોતાના પ્રશ્નની ગુરુએ ઉપેક્ષા કરી.

ગુરુએ તેને કહ્યું : તું સરકસના વિદૂષક (જોકર) જેવો પણ નથી ? એ બીજાને હસતાં જોઈ પોતે ખુશ થાય છે. તું મને હસતો જોઈ રાજી કેમ ન થયો ?

સર્વસ્વીકારની વિદ્યા શીખવવાની આ કેવી મઝાની કળા !

● ● ●

સર્વસ્વીકાર.

દુ:ખનો પણ સ્વીકાર. સુખનો પણ સ્વીકાર. દુ:ખો પ્રત્યે અણગમો નહિ, સુખો પ્રત્યે રાગ નહિ. ઉદાસીનભાવ પૂર્વકનો માત્ર સ્વીકાર.

કષ્ટોનો સ્વીકાર એટલા માટે કે સાધનામાર્ગે આવતાં કષ્ટોથી ડરીને સાધક સાધનાને છોડી ન દે. કષ્ટોથી અભ્યસ્ત દશા સર્જાઈ છે ને !

મિર્ઝા ગાલીબનો એક શેર છે; જેમાં તેઓ કહે છે કે માર્ગ કાંકરાથી ભરપૂર હતો, પગે ફરફોલાં ભરાઈ ગયેલાં. ત્યાં જ આગળનો માર્ગ કાંટાથી ભરેલો આવ્યો. ને સાધક પ્રસન્ન થયો : ચાલો, ફરફોલાં ફૂટી જશે !

માર્ગથી હટવાની, પાછા ફરવાની વાત અહીં નથી.

આ સન્દર્ભમાં આ કડી સ્મરવી ગમશે :

તાતેં દુ:ખસું ભાવિએ,<br>
આપ શક્તિ અનુસાર;<br>
તો દઢતર હુઈ ઉલ્લસે,<br>
જ્ઞાન ચરણ આચાર...

કષ્ટોથી, સાધનામાર્ગમાં આવતાં સંકટોથી ડરવાની વાત નહિ હોય ત્યારે સાધકની જ્ઞાનદશા અને ચરણદશા દઢતર થાય છે.

સાધનામાર્ગે હવે ચાલ્યા જ કરો, ચાલ્યા જ કરો. ‘चरैवेति चरैवेति; चराति चरतो भगः’...

■

## ૯૧

## આધાર સૂત્ર

*રનમેં લરતે સુભટ જ્યું,*
*ગિને ન બાનપ્રહાર;*
*પ્રભુરંજનકે હેતુ ત્યું,*
*જ્ઞાની અસુખ પ્રચાર...(૯૧)*

યુદ્ધમાં લડતા સુભટો જેમ બાણના પ્રહારોને ગણતા નથી. તેમ આત્મારૂપી પ્રભુને ખુશ કરવા માટે કર્મરૂપી શત્રુની સાથે લડતા જ્ઞાની પુરુષો પણ દુ:ખના વિસ્તારને ગણતા નથી.

[લરતે = લડતાં]

# ૯૧

## 'ઐસા હિ રંગ દે કિ...'

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ પોતાની જીવનવ્યાપિની સાધનાનું હાર્દ ખોલતાં કહ્યું : 'રીઝવવો એક સાંઈ...' મારું લક્ષ્યબિન્દુ એક જ છે : મારે મારા પ્રભુને રીઝવવા છે.

પ્રભુ શી રીતે રીઝે ?

રાબિયાને કો'કે પૂછેલું : તમને પ્રભુ શી રીતે મળ્યા ? એ વખતે રાબિયાએ પોતાની આપવીતી કહેલી : રાબિયા ગુલામી દશામાં એક શ્રીમંતને ત્યાં કામ કરતાં. પગાર કંઈ નહિ. માત્ર ખાવાનું મળે અને એમાં પણ સાંજે મહેમાનો આવી ગયા ને રસોઈ પૂરી થઈ ગઈ તો ભૂખ્યા સૂઈ જવાનું.

શેઠ હતા ક્રૂર. સહેજ કચરો કાઢવામાં થોડીક કસર રહી જાય તોય હંટરથી ફટકારે. એકવાર રાબિયા ટેબલ સાફ કરતા'તા. ઝાપટિયું ફલાવર-વાઝને વાગી ગયું. ફુલદાની નીચે પડી. તૂટી ગઈ. રાબિયા ધ્રૂજી ગયાં. સહેજ ભૂલ થાય તો પોતાને હંટરોથી ફટકારનાર આ શેઠ આજે તો કદાચ જાનથી પણ મારી નાંખે....

જીવ બચાવવા રાબિયા પાછળના બારણેથી જંગલ તરફ ભાગ્યાં. જંગલમાં પણ કેડી પર જવાય એવું નહોતું. પગલાંની છાપે છાપે પાછળથી શેઠના બીજા નોકરો આવી પોતાને ઘેરી લે તો ? અડાબીડ રસ્તે તેઓ જાય છે. કાંકરા અને કાંટાથી પગમાં લોહી વહે છે. કપડાં ફાટીને તાર તાર થઈ જાય છે. ધોળા દિવસે ઘોર અંધારું લાગે છે ગહન જંગલમાં. એમાં, અધૂરામાં પૂરું, એક ખાડો આવે છે. અંધારામાં ખ્યાલ રહેતો નથી અને રાબિયા ખાડામાં પટકાય છે. તમ્મર આવી જાય છે. કદાચ હાથ-પગ તૂટી ગયા હશે તેવું લાગે છે.

રાબિયાને થયું કે હવે પોતાને નોકરીએ પણ કોણ રાખેશે. ભણેલ તો છે નહિ પોતે. માત્ર શરીર દ્વારા નોકરી કરી લેતાં. હવે શું ?

ભગવાનને પ્રાર્થના કરે છે તેઓ : પ્રભુ ! મારું કોઈ જ ન રહ્યું. બીજું તો કોઈ મારું નહોતું. આજે આ શરીર પણ મારું લાગતું નથી....

થોડી ક્ષણોમાં, પરમ ચૈતન્યની અનુભૂતિ તેમને થાય છે. ખાડામાંથી બહાર અવાયું. પછી, તેઓની પાસે ઘણા લોકો આવતા અને પૂછતા કે પ્રભુ શી રીતે મળે ? ત્યારે રાબિયા કહેતાં : તમે કોઈના નહિ, તો પ્રભુ તમારા.

કેટલી અદ્ભુત વાત !

'તમે કોઈના નહિ, તો પ્રભુ તમારા.'

• • •

'રીઝવવો એક સાંઈ....' પરમાત્માને રીઝવવા છે....

મીરાંને કો'કે પૂછેલું : તું આવડી નાનકડી દીકરી. તને પ્રભુ શી રીતે મળ્યાં ? મીરાંએ કહેલું : 'અંસુઅન સીંચ સીંચ પ્રેમબેલિ બોઈ...' ઘડે ઘડા આંસુના ઠાલવ્યાં છે, ત્યારે પ્રભુ મને મળ્યા છે.

જિજ્ઞાસુએ આગળ પૂછ્યું : કેટલા ઘડા આંસુથી એ રીઝે ?

મીરાંનો સરસ ઉત્તર હતો : જેટલાં બુંદ આંસુથી તમારું 'હું' ભૂંસાઈ જાય, એટલાં જ બુંદ આંસુની જરૂરિયાત છે. એથી વધુ એક અશ્રુબિન્દુ પણ નહિ.

• • •

'રીઝવવો એક સાંઈ.'

પ્રભુને કેમ રીઝવવા ? એક ભક્તિયોગાચાર્ય મહાપુરુષને પુછાયેલું. તેમણે કહેલુ : પ્રભુ સિદ્ધશિલા પર છે અને મહાવિદેહમાં છે. પણ પ્રભુનો આજ્ઞાદેહ અહીં છે. એ આજ્ઞાદેહની ભક્તિ કરવી એટલે પ્રભુની ભક્તિ થઈ.

• • •

ઉત્તરો બે પ્રકારના થયા. એક થયો ભક્તના સન્દર્ભે, બીજો થયો સાધકના સન્દર્ભે.

ભક્તના સન્દર્ભે પહેલો ઉત્તર છે. પ્રભુ પ્રિયતમ બન્યા. પ્રભુ જ ગમે. એ સિવાય બીજું કોઈ નહિ. તમે પ્રભુના બની ગયા.

બીજો ઉત્તર થયો સાધકના સન્દર્ભે. પ્રભુના આજ્ઞાદેહની ભક્તિ તે પ્રભુની ભક્તિ. અને આજ્ઞાદેહની ભક્તિ એટલે રાગ-દ્વેષ-અહંકારની શિથિલતા. બીજા ઉત્તરમાં આ સન્દર્ભ મળ્યો.

• • •

પ્રભુભક્તિની રીતોની આ મોહક વાતોની પૃષ્ઠભૂ પર જ આ કડી વહી આવી છે :

*રનમેં લરતે સુભટ જ્યું,*
*ગિને ન બાનપ્રહાર;*
*પ્રભુરંજનકે હેતુ ત્યું,*
*જ્ઞાની અસુખ પ્રચાર....*

યુદ્ધમાં લડતો સુભટ જેમ બાણોના પ્રહારને ગણતો નથી. તેમ પ્રભુને પ્રસન્ન કરવા માટે જ્ઞાની સાધક દુઃખોને ગણતો નથી.

હકીકતમાં, અહીં દુઃખ સુખ જેવું લાગશે. 'એણે' કહ્યું છે ને ! એણે કહ્યું છે, તે જ કરવું છે. પ્રભુ પરનો પ્રેમ પ્રભુની આજ્ઞા પ્રમાણે થતાં કાર્યોમાં દિવ્ય આનંદને પનપાવશે. આને જ પ્રીતિ અનુષ્ઠાન કહેવાય છે.

પૌષધમાં એક આરાધક પ્રતિલેખન વસ્ત્રોનું કરતો હોય. એક રૂમાલને વિધિપૂર્વક પડિલેહે તો ૨૦-૨૫ સેકન્ડ લાગે. પણ એ વખતે 'મારા ભગવાને

કહ્યું છે અને હું પ્રતિલેખન કરું છું'.... આ વાત ભીતર ઊતરે તો, પ્રીતિના રંગે રંગાયેલું કેવું મઝાનું આ અનુષ્ઠાન થઈ જાય !

એ વખતે ભક્ત કહેશે : હે પ્રભુ ! મને તારી પ્રીતિના રંગ વડે એવો તો રંગી દે કે બીજો કોઇ રંગ એના પર ચડે નહિ અને એ રંગ ક્યારેય મારા અસ્તિત્વના પડ પરથી જાય નહિ. 'ઐસા હિ રંગ દે કિ, રંગના હિ છૂટે, ધોબિયાં ધૂએ સારી ઊમરિયાં....'

• • •

પ્રભુની પ્રીતિના રંગથી જ જ્યારે બધું રંગાયેલું છે ત્યારે દુઃખ દુઃખરૂપે રહ્યું જ ક્યાં ? અહીં તો છે આનંદ જ આનંદ.....

મહાભારતમાં માતા કુન્તી પ્રભુને પ્રાર્થે છે : 'विपदो नः सन्तु शश्वत्.' અમને સદા વિપત્તિઓ હો ! લય એ પકડાયો છે કે જો પીડાની ક્ષણોમાં, પ્રભુ ! તારું સ્મરણ થઈ ઊઠતું હોય તો એ પીડાની ક્ષણો અમારા માટે વરદાન રૂપ છે.

જો કે, પછી ભક્તની દૃષ્ટિએ કરાયેલી વિપત્તિની વ્યાખ્યા બહુ જ ગમે તેવી છે : 'विपद् विस्मरणं विष्णोः'. પ્રભુ ! તને ભૂલી જઇએ તે જ વિપત્તિ... અને તારું સ્મરણ એ જ સંપત્તિ....

■

## ૯૨

## આધાર સૂત્ર

*વ્યાપારી વ્યાપારમેં,*
*સુખ કરી માને દુઃખ;*
*ક્રિયા-કષ્ટ સુખમેં ગિને,*
*ત્યું વાંછિત મુનિ સુખ...(૯૨)*

જેમ વ્યાપારીને વ્યાપાર કરતાં અનેક પ્રકારનું દુઃખ આવે છે; છતાં તેને તે સુખ કરીને માને છે. તેમ આત્મસુખની ઈચ્છા કરતા મુનિરાજ ક્રિયાનાં કષ્ટોને સુખરૂપ માને છે.

# ૯૨

## 'સુરત નિરત કો
## દીવલો જોયો'...

બપોરના બે વાગ્યા છે. રસોડામાં ઢાકોઢુંબો વળી ગયો છે. પત્ની આરામ કરે છે. ત્યાં કૉલબેલ વાગી. પતિએ બારણું ખોલ્યું. વેપારી સંબંધે ગાઢ મૈત્રી ધરાવતા લોકો આવ્યા હતા. આવકાર્યા. પાણી આપ્યું. જમવાનું પૂછ્યું. પેલા લોકોએ હા પાડી.

પતિ બેડરૂમમાં જાય છે. પત્નીને કહે છે કે આઠ મહેમાનો આવ્યા છે. જમવાનું બનાવવાનું છે.

પત્ની તરત જ રસોઈની ધમાચકડીમાં પડે છે. આ કડાકૂટ અને આ સમયે. છતાં, પત્નીના ચહેરા પર આનંદ છે. કેમ ? 'એમણે' કહ્યું છે. એમની - પતિદેવની ઈચ્છા છે.

પતિ પ્રત્યેનો પ્રેમ અહીં ધ્વનિત થઈ રહ્યો છે. પીરસવામાં તો કદાચ આનંદ આવી શકે. જમનારનો પ્રતિભાવ સામે દેખાતો હોય. પણ રસોઈની કડાકૂટના સમયે આનંદ. એ છે પતિ પરના પ્રેમનું પત્નીનું પ્રતિબિમ્બ.

ભક્તિધારામાં આપણે ત્યાં પ્રીતિ અનુષ્ઠાનની વાત આવે છે. પરમાત્મા પરના પ્રેમથી રંગાયેલું અનુષ્ઠાન.

એક મુનિરાજ ગમે એટલી પીડા ભોગવતા હોય, છતાં આનંદમાં રહેવાના. કારણ ? મારા ભગવાને અસાતા વેદનીય કર્મના ઉદયને સહેવાનો કહ્યો છે.

પીડા સહેવાની આ ક્ષણો....પણ મીઠી મીઠી ક્ષણો. કહો કે પીડાને માણવાની ક્ષણો.

• • •

પ્રીતિ અનુષ્ઠાન.

અનુષ્ઠાન નાનકડું હોય, પણ પ્રભુપ્રેમના રંગથી એ રંગાયેલું હોય.

મહાસતી રેવતીજીને આંગણે સિંહ અણગાર ભિક્ષાએ પધાર્યા. જ્યારે મહાસતીજીએ જાણ્યું કે હું જે ઔષધિપાક વહોરાવીશ, તે પ્રભુ પોતે વાપરશે.

નાચી ઊઠ્યાં મહાસતીજી.

'પ્રભુ પોતે વાપરશે !' કેટલી બડભાગિની હું !

ઔષધિ ૧ કે ૨ ચમચી વહોરાવવાની હોય. કેટલી સેકન્ડ એમાં લાગે ? એ પાંચ કે દશ સેકન્ડમાં કેવી તો ભાવધારા ઊમટી કે મહાસતીજીએ તીર્થંકર નામકર્મ અંકે સો કરી લીધું !

વહોરાવવાની એ ક્ષણો.... પ્રભુની પ્રીતિથી મઢી ક્ષણો. પ્રભુની પ્રીતિમાં ડૂબેલી ક્ષણો...

• • •

આમ તો, ભક્તો પ્રભુના દર્શનને પણ કેટલું અઘરું કહે છે ! સંત કબીર કહે છે : 'ઈસ તન કા દિયા કરું, બાતી મેલું જીવ; લોહી સિંચો તેલ જ્યું, તબ મુખ દેખ્યો પીવ...'

શરીર બને કોડિયું, પ્રાણોની બને વાટ. લોહી બને તેલ. અને ત્યારે પ્રભુનું દર્શન થાય.

મીરાંએ કહ્યું છે :

*સુરત નીરત કો દીવલો જોયો,*
*મનસા પૂરન બાતી;*
*અગમ ઘાણી કો તેલ સિંચાયો,*
*બાલ રહી દિનરાતી....*

સુરતિ એટલે સ્મૃતિ. નિરતિ એટલે સઘનતા. સ્મૃતિની સઘનતાનો દીપક. પૂર્ણ મન છે વાટ. અગમ્યની - પરમાત્માના દેશની ઘાણીનું તેલ. બસ, હવે એ દીપક દિન-રાત જળ્યા કરશે....

• • •

પ્રીતિ અનુષ્ઠાનમાં છે આ 'સુરત નીરત.' સ્મૃતિની સઘનતા... મહાસતી સુલસાજીએ અંબડ શ્રાવકના મુખેથી પ્રભુએ કહેવડાવેલ 'ધર્મલાભ' શબ્દ સાંભળ્યો અને તેઓ નાચી ઊઠ્યાં. 'મારા પ્રભુએ મને યાદ કરી !' ક્યાં હું અને ક્યાં એ પરમાત્મા ! હું પ્રભુનાં ચરણોની નાચીજ દાસી અને પ્રભુ તો ત્રિલોકેશ્વર, અખિલ બ્રહ્માંડેશ્વર.

મહાસતીજીને કંઠે હતાં ડૂસકાં. આંખે હતી અશ્રુધારા....

પ્રભુની પ્રીતિમાં રંગાયેલાં આ ડૂસકાં, આ અશ્રુધારા....એક એક અશ્રુબિન્દુની તાકાત કેટલી મોટી !

• • •

પ્રીતિ અનુષ્ઠાનની આ મઝાની પૃષ્ઠભૂ પર પ્રસ્તુત કડી જોઈએ :

*વ્યાપારી વ્યાપારમેં,*
*સુખ કરી માને દુઃખ;*
*ક્રિયા-કષ્ટ સુખમેં ગિને,*
*ત્યું વાંછિત મુનિ સુખ....*

વેપારીને વેપારમાં - ધન કમાવામાં રસ છે એટલે એ વેપારમાં પડતાં દુઃખોને સુખરૂપ જ માને છે. નજર એની ધન-ઉપાર્જન તરફ છે ને !

એ જ રીતે મુનિની - સાધકની દૃષ્ટિ પ્રભુની આજ્ઞાના પાલન પર હોય છે. તેથી આજ્ઞાના પાલનમાં આવી પડતાં કષ્ટો પણ એને મઝાનાં લાગે છે.

આજ્ઞાપાલન.... મારા પ્રભુએ કહ્યું છે, તે કરવું છે....

'ત્યું વાંછિત મુનિ સુખ....' મુનિનું વાંછિત/ઇચ્છિત સુખ કયું ? આજ્ઞાપાલન દ્વારા મોક્ષ એ તો ઈચ્છિત છે જ; પણ આજ્ઞાપાલનનો આનંદ.... કેટલો તો અદ્ભુત છે એ !

આજ્ઞાપાલન દ્વારા મોક્ષ મળે એ તો સહજ પ્રક્રિયા છે. આજ્ઞાપાલનનો આનંદ પણ કેટલો મઝાનો છે ! એ આનંદની ક્ષણોમાં પીડાનો અહેસાસ પણ રહે ખરો ?

■

## ૯૩

# આધાર સૂત્ર

*ક્રિયા યોગ અભ્યાસ હૈ,*
*ફલ હૈ જ્ઞાન અબંધ;*
*દોનુંકું[1] જ્ઞાની ભજે,*
*એકમતિ તે[2] અંધ....(૯૩)*

યોગ અભ્યાસરૂપ ક્રિયા છે અને કર્મબંધના અભાવરૂપ ફળવાળું જ્ઞાન છે.

જ્ઞાની પુરુષ જ્ઞાન અને ક્રિયા બેઉને સેવે છે.

જ્ઞાન અને ક્રિયામાંથી એકને સેવે અને એકને ન સેવે તે અંધ છે, અજ્ઞાની છે.

૧. દોઉં કો, B - F     ૨. એકમતિ મતિઅંધ, B - D - F

# ૯૩

## વિસ્મય : યોગનું પ્રવેશ દ્વાર

મોક્ષ તરફ લઈ જાય તે યોગ[1]. સ્વરૂપ પ્રાપ્તિની દિશા તરફ સાધકને લઇ જાય તે યોગ. ભિક્ષા વહોરવા જવાની પ્રક્રિયાથી લઈને પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કે ધ્યાન આ બધું જ યોગ છે.

---

૧. मुक्खेण जोयणाओ, जोगो सव्वोवि धम्मवावारो । - યોગવિંશિકા, ૧

'યોગવિંશિકા' ગ્રન્થમાં પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજે યોગની આ વ્યાખ્યા આપી છે. તેની ટીકા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે લખી છે. મણિ-કાંચનયોગ તે આનું જ નામ ને !

એ ટીકાનો પ્રારંભ મઝાથી થયો છે. જ્યાં મોક્ષના પર્યાયરૂપે મહાનન્દ શબ્દ પ્રયોજાયો છે.[૨] મહાનન્દ શબ્દ પાસે હું અટકેલો. થયું કે મોક્ષના અનેક પર્યાયોમાંથી મહાનન્દ શબ્દ જ અહીં વપરાયો તો તેની પાછળ શું કોઈ કારણ છે ?

લાગ્યું કે એક એક ક્રિયાઓ પરંપરાએ સાધકને મોક્ષ સાથે સાંકળી આપે છે; પરંતુ તત્કાળ તે મહાન, દિવ્ય આનંદ સાથે સાધકને જોડી આપે છે એવો સૂર મહાનન્દ શબ્દમાંથી ધ્વનિત થાય છે.

એક એક અનુષ્ઠાન કરતાં, પ્રભુની પ્રસાદી પોતાને કેવી રીતે મળી ગઈ એનો વિસ્મય ચિત્તને ઘેરી વળે. અને એ વિસ્મયને પગલે પગલે દિવ્ય આનંદનું આગમન.

• • •

પૂ. દેવચન્દ્રજી મહારાજ સ્તવનાની એક પંક્તિમાં પોતાના હૃદયની અભીપ્સાને આ રીતે વર્ણવે છે : 'એકવાર પ્રભુ વન્દના રે, આગમ રીતે થાય...'

ત્યાં સ્તબકમાં (ગુજરાતી ભાષામાં લખાયેલ વિવેચનમાં) તેમણે લખ્યું છે : વિસ્મય, ગુણ બહુમાન અને ભગવદ્ વિરહ-ભીતિ આ ત્રણ તત્ત્વો ભીતર આવે ત્યારે શાસ્ત્રોક્ત પ્રભુવન્દના થયેલી કહેવાય.

• • •

---

૨. मोक्षेण महानन्देन योजनात्.... —एजन टीका.

વિસ્મય.

વર્ષો પહેલાં આબૂ-દેલવાડા તીર્થની યાત્રાએ જવાનું થયેલ. માનપુર-આરણા બાજુથી રોડે ચઢેલા. દેલવાડા આઠ-સાડાઆઠ વાગ્યે પહોંચ્યા હોઈશું. મેં મુનિવરોને કહ્યું : હું દર્શન, ચૈત્યવંદન કરી આવું. પછી નવકારસી પારી દવા વગેરે લઈ ફરી આપણે દર્શન માટે જઈએ. ગણતરી એવી હતી કે દશ-પંદર મિનિટમાં પાછા ફરી જવાશે. વિમલ વસહિના પ્રદક્ષિણાપથમાં ફરી ચૈત્યવન્દના કરવાની હતી.

પ્રદક્ષિણાપથમાં હું ફરતો હતો. એક એક દેરીમાં એવા પરમાત્મા. હું સ્તબ્ધ બન્યો. પ્રભુના એ ભુવન વિમોહન રૂપને જોઈને ઊપજેલ વિસ્મય. જાણે કે પગ ઠિઠકી ગયા હોય. આગળ ચલાય જ નહિ. મને ખ્યાલ છે કે પંદર મિનિટે માંડ પ્રદક્ષિણાપથ પૂર્ણ થયો. પછી મૂળનાયક પ્રભુની સામે ચૈત્યવંદન.

• • •

વિસ્મય.

યાદ આવે 'સ્નાતસ્યા૦' સ્તુતિનો મનભાવન શબ્દ 'રૂપાલોકન વિસ્મય...' અને યાદ આવે એ સ્તુતિની રચનાની પૃષ્ઠભૂ. મેરુ અભિષેક પછી ઇન્દ્રાણી માતા પ્રભુ વર્ધમાન કુમારના મુખને નીરખી રહ્યા છે. પ્રભુના એ દિવ્ય રૂપને જોતાં ઊપજે છે વિસ્મય. અને એ વિસ્મય આંખોની ભીનાશમાં પરિણમે છે.

મઝાની ઘટના હવે ઘટે છે. હર્ષાશ્રુની ભીનાશ છે ઇન્દ્રાણીમાની આંખોમાં. ને એ પ્રતિબિમ્બિત થાય છે પ્રભુના મુખ પર. ઇન્દ્રાણીમાને લાગે છે કે પ્રભુનુ મુખ ભીનું છે, ભીનું છે. અને તેઓ પ્રભુના મુખને લૂછવા માટે વસ્ત્ર ફેરવી રહ્યાં છે.

• • •

વિસ્મય.

'विस्मयो योगभूमिका'. વિસ્મય, આશ્ચર્ય એ છે યોગનું પ્રવેશદ્વાર.

આશ્ચર્ય. 'નમોત્થુણં' સૂત્ર બોલતાં હો અને આશ્ચર્યમાં તમે ડૂબી જાવ. ગણધર ભગવંતે આપેલ સૂત્ર પચીસસો વરસ પછી, મારી પાસે, એ જ સ્વરૂપમાં છે ! એ આશ્ચર્ય હર્ષાશ્રુમાં, પછી, પરિણમે છે.

• • •

વિસ્મય પછીનું ચરણ છે પ્રભુના ગુણો પરનું બહુમાન. 'નમોત્થુણં' સૂત્રમાં એક એક વિશેષણ ભાવક બોલે અને પ્રભુના ગુણો પરના બહુમાનથી એનું અસ્તિત્વ રંગાય.

'તીન્નાણં તારયાણં' બોલતાં શું થાય ? 'તીન્નાણં'.... પ્રભુ તરી ગયા છે. 'તારયાણં...' પ્રભુ તારનાર છે. ઓહ ! તો તો મારે કશું જ કરવાનું નહિ. પ્રભુ મને તારી દે...

• • •

ભગવાનના વિરહની ભીતિ. આ છે ત્રીજું ચરણ. પ્રભુના ગુણો પ્રત્યે બહુમાન જાગ્યા પછી આ પ્રભુનો ક્યારેય વિરહ ન થાય એ ભાવ સતત રહે છે.

• • •

યોગ એટલે જોડાણ : પોતાનું પોતાની સાથેનું. મુનિત્વ કે શ્રાવકત્વની સાધના સ્વરૂપસ્થિતિમાં સાધકને આગળ લઈ જાય છે.

યોગશાસ્ત્રમાં સાધકના એક મનોભાવની વાત આવે છે : 'ક્યારે સ્મશાનમાં જઈને કાયોત્સર્ગમાં અડોલ, પથ્થર જેવો હું ઊભેલો હોઈશ અને બળદ કે અન્ય પ્રાણી પથ્થર માનીને મારા શરીર જોડે પોતાના શરીરને ઘસશે.'[3]

• • •

યોગ/સાધનાની વાતોની આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

*ક્રિયા યોગ અભ્યાસ હૈ,*
*ફલ હૈ જ્ઞાન અબંધ;*
*દોનુંકું જ્ઞાની ભજે,*
*એકમતિ તે અંધ....*

યોગનો / સાધનાનો અભ્યાસ છે ક્રિયા અને કર્મબંધનો અભાવરૂપ ફળવાળું જ્ઞાન છે. જાગૃત સાધક ક્રિયા સાથે પરિણામને સાંકળે છે. અજાગૃત સાધક માત્ર સાધના કરી લે; પરંતુ પરિણામ સાથે એને સાંકળે નહિ.

સામાયિક એક હજાર થયા; સરસ; જાગૃત સાધક આન્તર નિરીક્ષણ કરશે કે પોતાની ભીતર સમભાવ કેટલો વધ્યો ?

---

૩. महानिशायां प्रकृते, कायोत्सर्गे पुराद् बहिः ।
स्तम्भवत् स्कन्धकषणं, वृषाः कुर्युः कदा मयि ॥ १४३ ॥

પ્રભુની પૂજા - આજ્ઞાપાલના થઈ; સરસ, ચિત્ત પ્રસન્નતા કેટલી વધી ? ‘ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ; કપટ રહિત થઇ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ....’

આજ્ઞાપાલનાને - પૂજાને વિશેષણ અપાયું : અખંડિત. સતત આજ્ઞાપાલન અને એ માટેનો અહોભાવ ચાલ્યા કરે એટલે થઈ અખંડિતતા. એક લય શુભનો. જે શાશ્વતીના લયમાં ચાલ્યા કરે.

અખંડિત પૂજા આત્માર્પણના/સમર્પણના લયમાં વહે છે ત્યારે આનંદઘનતાને સ્પર્શવાનું થાય છે.

આત્માર્પણને વિશેષણ આપ્યું : ‘કપટ રહિત.’ નિષ્કપટ આત્માર્પણનો બહુ મઝાનો અર્થ અહીં મળે છે, જે આપણી ભીતર રહેલી આનંદઘનતા સાથે આપણને જોડી આપે છે.

શરીર પ્રભુને સોંપ્યું; પણ મન, હૃદય અસ્તિત્વ પ્રભુને સોંપાયાં ?

એક મુનિરાજ ભયંકર ગરમીમાં પંખાનો વિચાર સુદ્ધાં નહિ કરે; શરીર પ્રભુને સોંપાયું છે ને !

પણ મન કોનું ?

પ્રશ્ન એ છે કે મન પ્રભુએ આપેલ છે કે સમાજે આપેલ ? સમાજે આપેલ મનમાં ગમતાનો સ્વીકાર અને અણગમતાનો અસ્વીકાર હશે. પ્રભુએ આપેલ મનમાં હશે સર્વસ્વીકાર.

શરીર પ્રભુને સોંપાયું. મન પણ એને સોંપાય; બધું જ એને સોંપાય તો નિષ્કપટ આત્માર્પણ. પરંતુ શરીર પ્રભુને સોંપાયું અને મન ન સોંપાયું

તો....? તો આત્માર્પણ શેનું ? કંઈક બચાવી રાખ્યું (ઘણું બચાવી રાખ્યું) એટલે સકપટ આત્માર્પણ થયું. પ્રભુ ! હું શરીરથી તારો; મનથી મારો !

અખંડિત પૂજા એટલે સમયના સ્તર પરનો શાશ્વતીનો લય. કપટરહિત આત્માર્પણ એટલે અસ્તિત્વના સ્તર પરનો સમર્પણનો લય.

● ● ●

યોગાભ્યાસ છે સાધના. કર્મના બંધનો અભાવ છે સાધનાનું ફળ.... સાધના કર્યે જાવ, નિર્જરા પ્રાપ્ત થયા કરે.

■

## ૯૪
# આધાર સૂત્ર

*ઈચ્છા શાસ્ત્ર સમર્થતા,*
*ત્રિવિધ યોગ હૈ સાર;*
*ઈચ્છા નિજ શક્તે કરી,*
*વિકલ યોગ વ્યવહાર...(૯૪)*

ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ આ ત્રણે યોગ સારરૂપ છે.

પોતાની શક્તિ પ્રમાણે સાધનાને કરવાની ઈચ્છાવાળો સાધક પ્રમાદને કારણે સહેજ ખંડિત સાધના કરે તે તેનો ઈચ્છાયોગ છે.

# ૯૪

## ક્ષણ ક્ષણની જાગૃતિ

શિષ્ય પ્રવાસે જઈ રહ્યો હતો. ગુરુએ તેને કહ્યું : તારા પ્રવાસના બીજા દિવસે સાંજે એક રેલવેસ્ટેશનની પાસેની ધર્મશાળામાં તારે રહેવાનું થશે. એ ધર્મશાળાના મુનીમની રહેણી-

કરણીને તું ધ્યાનથી જોજે. તને આન્તર જગતનું કોઈ મઝાનું સૂત્ર જાણવા મળશે.

શિષ્યને તો આ જ જોઈતું હતું. તે આખીય વિહારયાત્રામાં, આમ પણ, આન્તરયાત્રા કરવા માગતો જ હતો અને તેમાં ગુરુએ આ મધમીઠી વાત કરી.

ગુરુએ કહ્યું હતું તેમ જ, બીજી સાંજે રેલવે સ્ટેશનની બાજુની ધર્મશાળામાં તેને ઊતરવાનું થયું. મુનીમે તેને એક ઓરડી ખોલી આપી. હવે શિષ્યને બીજું કંઈ કરવાનું હતું નહિ. તેણે તો માત્ર મુનીમના ક્રિયાકલાપને નીરખવાનો હતો. તેનું અનુમાન એવું હતું કે પોતાનું મુનીમ તરીકેનું - મુસાફરોને ઓરડી આપવા વગેરેનું - કાર્ય પૂરું થયા પછી, તે આખી રાત ધ્યાનમાં પરોવાઈ જશે. પોતાને એની ધ્યાનસ્થ મુદ્રા જોવા મળશે.

પરંતુ, એની નવાઈ વચ્ચે, મુનીમે તો રાતની છેલ્લી ગાડી સુધી આવેલ યાત્રીઓને ઓરડીઓ આપી. એ પછી વાળું કર્યું. તપેલી, થાળી વગેરે ધોઈ, લૂછી લાકડાના કબાટમાં મૂક્યા અને તે સૂઈ ગયો. ન ધ્યાન કે ન બીજું કંઈ.

શિષ્યને થયું કે કદાચ એ સવારે ધ્યાન કરતા હશે. શિષ્ય તો પરોઢિયે ચાર વાગ્યે જાગી ગયો. મુનીમ તો ઊંઘેલ જ હતા. છ વાગ્યે મુનીમજી જાગ્યા. ન ધ્યાન, ન પ્રાર્થના. કબાટ ખોલ્યું. થાળી, વાટકો વગેરે કાઢ્યા. પાણીથી વીંછળ્યા. દૂધ તપેલીમાં ગરમ કર્યું. પીધું. અને લોકો જોડે વાતચીતમાં તે પરોવાઈ ગયા.

શિષ્યને નવાઈ લાગી : ગુરુજીએ કહેલું એટલે ખરેખર આ માણસની સાધના ઊંચકાયેલ હોવી જ જોઈએ. તો પોતાને કેમ કશું જોવા ન મળ્યું. નિરાશ થયો એ. આગળનો પ્રવાસ એણે શરૂ કર્યો. પ્રવાસ પૂર્ણ કરી ગુરુ

પાસે જ્યારે એ આવ્યો ત્યારે ગુરુએ પૂછ્યું : મેં કહ્યું'તું ત્યાં તને શો અનુભવ થયેલો ?

શિષ્યે પોતે જોયેલ ઘટનાનું બ્યાન કર્યું. પછી નિરાશ સ્વરે ઉમેર્યું : ગુરુદેવ ! મને તો કંઈ મહત્ત્વપૂર્ણ લાગ્યું નહિ તેમના કાર્યકલાપમાં.

ગુરુ કહે છે : તારું નિરીક્ષણ થોડું કાચું પડ્યું. તારું નિરીક્ષણ સૂક્ષ્મ હોત તો તું મઝાનો સાધનાનો તન્તુ ત્યાં પકડી શક્યો હોત.

શિષ્યે કહ્યું : મને સમજાવો, ગુરુદેવ !

ગુરુએ વાતને સમજાવી : રાત્રે સૂતી વખતે મુનીમે વાસણ, થાળી બધું ધોયેલું. સવારે ઊઠીને ફરી પાછાં એ વાસણો ધોયાં. એનો ઈંગિત તું ન સમજ્યો. એનો ઈશારો એ હતો કે વાસણ પર, કબાટમાં પણ, કોઈક કાણા દ્વારા, ધૂળ જામી શકે છે. એ જ વાત મન માટે છે. મન પર રાગ, દ્વેષ, અહંકારની ધૂળ સતત લાગ્યા કરતી હોય છે, એટલે સાધકે મનના પાત્રને સતત, જાગૃત રહીને, પોંછ્યા કરવું જોઈએ.

કોઈ વ્યક્તિ પાડોશીના ઘરમાં કચરો ફેંકે તો પાડોશી આ કૃત્યને સાંખી લેશે ?

તો પછી, કોઈ વ્યક્તિ કોઈના કાનમાં કોઈની નિન્દા કરે; કચરો નાખે તો કોઈ સહી લેશે ?

જાગૃતિ ઓછી પડે છે ત્યારે વિભાવમાં જતું રહેવાય છે.

• • •

જાગૃતિના સન્દર્ભે અહીં ઈચ્છાયોગ આદિ ત્રણ યોગોનું વર્ણન થાય છે. પહેલાં ઇચ્છાયોગની વાત કડીમાં આ રીતે આવે છે :

*ઈચ્છા શાસ્ત્ર સમર્થતા,*
*ત્રિવિધ યોગ હૈ સાર;*
*ઈચ્છા નિજ શક્તે કરી,*
*વિકલ યોગ વ્યવહાર...*

'યોગદષ્ટિ સમુચ્ચય' ગ્રન્થમાં ઈચ્છાયોગનું વર્ણન કરતાં પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે :

कर्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादतः ।
विकलो धर्मयोगो यः, स इच्छायोग उच्यते ॥ ३ ॥

સાધના કરવાની ઈચ્છા વાળા સાધકે આગમિક પદાર્થોનું શ્રવણ કરેલું હોય અને એ જ્ઞાની પણ હોય; પરંતુ પ્રમાદને કારણે તેની સાધના સહેજ ખંડિત, ત્રુટિવાળી થાય તેને ઈચ્છાયોગ કહેવાય છે.

નાંમ પ્રમાણે, ઈચ્છાયોગમાં, સાધકની ઈચ્છા તીવ્રરૂપે ભળેલી હોય છે. એ ઈચ્છાને બળવત્તર બનાવનાર છે આગમિક પદાર્થોનું શ્રવણ અને એ શ્રવણ દ્વારા વિકસેલ જ્ઞાન.

• • •

શ્રવણ...

પ્રભુના પ્યારા શબ્દોનું શ્રવણ.

ભીની ભીની આંખોએ,

ભીના ભીના હૃદયે થતું શ્રવણ.

મેઘકુમાર પ્રભુ મહાવીર દેવની દેશનામાં ગયા. એક જ વારનું એ પ્રવચન શ્રવણ. મેઘકુમાર ભીના ભીના થઈ ગયા.

ઘરે આવ્યા મેઘકુમાર. મા ધારિણીને કહ્યું તેમણે : મા ! મેં પ્રભુને સાંભળ્યા... શી પ્રભુની વાણી ! જાણે કે સાંભળતા જ રહીએ. મા ધારિણી પ્રભુની પરમ શ્રાવિકા. એમણે કહ્યું : બેટા ! પ્રભુની વાણીની શી વાત થાય !

મેઘકુમાર પ્રભુના એવા તો દિવ્ય સમ્મોહનમાં આવી ગયેલા.... તેમણે કહ્યું : મા ! મને તો પ્રભુનું એવું આકર્ષણ લાગ્યું છે કે એમના વિના હવે એક ક્ષણ પણ હું રહી શકું તેમ નથી.

પ્રભુનું પ્યારું એ સમ્મોહન, પંચસૂત્રકની પરિભાષાની એ અભિવ્રજ્યા, મેઘકુમારની પ્રવ્રજ્યામાં ફેરવાઇ....

શ્રવણ...પ્રભુના પ્યારા શબ્દોનું એ શ્રવણ અસ્તિત્વના સ્તરે જ્ઞાન થઈને ઊતર્યું.

શ્રવણ અને જ્ઞાન સાધનાને સાધવાની ઈચ્છાને બળવત્તર બનાવે છે. ઇચ્છાયોગી સાધક આ રીતે સાધના કરે છે. માત્ર, પ્રમાદને કારણે તેની સાધના પરિપૂર્ણ બનતી નથી. જેમ કે જ્ઞાનાચારની સાધના થાય. પણ, વિકાળે સ્વાધ્યાય કરવો આદિ અતિચારો તેની સાધનામાં લાગે છે. અને એ રીતે, પ્રમાદને કારણે, તેની સાધના ત્રુટિવાળી થાય છે.

■

# ૯૫

## આધાર સૂત્ર

*શાસ્ત્રયોગ ગુન-ઠાણકો,*
*પૂરન વિધિ આચાર;*
*પદ અતીત અનુભવ કહ્યો,*
*યોગ તૃતીય વિચાર....(૯૫)*

ગુણઠાણાને યોગ્ય પૂર્ણ આચારવિધિવાળો યોગ તે શાસ્ત્રયોગ કહેવાય છે.

શાસ્ત્રમાં બતાવેલ ઉપાયોનું અતિક્રમણ કરીને શક્તિના અધિકપણાથી ધર્મવ્યાપાર કરાય તે સામર્થ્યયોગ કહેવાય છે.

# ૯૫

## 'તમે છો જ્યોતિર્મય !'

આગમ ગ્રન્થોમાં કહેલી વાતોને, આપણા જેવાના ઉપકાર માટે, મહાપુરુષો સરળ ભાષામાં લઈ આવ્યા છે.

સવાસો ગાથાના સ્તવનની એક કડી ધર્મની બહુ જ મઝાની વ્યાખ્યા

આપે છે : 'જે જે અંશે રે નિરુપાધિકપણું, તે તે જાણો રે ધર્મ; સમ્યગ્દષ્ટિ રે ગુણઠાણા થકી, જાવ લહે શિવશર્મ...'

ધર્મ એટલે નિરુપાધિક દશા. કર્મ હોવા છતાં તેનાથી સાધકનું નિર્લિપ્ત રીતે રહેવું તે છે નિરુપાધિક દશા. સત્તામાં કર્મ છે, તો ઉદયમાં તો આવશે જ. પણ એ વખતે - ઉદયાવસ્થામાં - સાધક રાગ, દ્વેષ નહિ કરે. એટલે જ ધર્મની નિષેધમુખ વ્યાખ્યા આપતાં કહ્યું : વિભાવમાં જવાની ક્ષણને ધર્મ ન જ કહી શકાય.[૧]

નિરુપાધિક દશા તે ધર્મ... સ્વભાવ ભણી જવાની ક્ષણ તે ધર્મ.

ધર્મની વ્યાખ્યાનું કેટલું મઝાનું સરલીકરણ !

ધર્મ. સ્વરૂપની દિશામાં ભરાયેલ એક કદમ. ધર્મ. પ્રભુની આજ્ઞાનો સ્વીકાર.

પ્રભુની પ્યારી આજ્ઞાને એક કડીમાં સરસ રીતે મુકાઈ : 'આતમરામ અનુભવ ભજો, તજો પર તણી માયા; એહ છે સાર જિનવચનનો, વળી એ શિવ છાયા.'[૨] આત્માનુભૂતિ કરવી અને પરમાં જવું નહિ; આ છે પ્રભુનાં વચનોનો સાર.

• • •

---

૧. ધર્મ ન કહીએ રે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડવ્યાધિ;
પહેલે અંગે રે એણિ પેરે ભાખિયું, કર્મે હોય ઉપાધિ.
— સવાસો ગાથાનું સ્તવન. ૨/૯

૨. એજન, ૪/૧૫

આખરે, પરની અસર તમારા પર શી રીતે થાય ? કો'કે કંઈક કહ્યું. તો, એ તમારા માટે વપરાયેલા, તમને ન ગમતા શબ્દો પૌદ્ગલિક છે. તમે છો અપૌદ્ગલિક, જ્યોતિર્મય.

પુદ્ગલો તમને શું અસર કરે ?

લોકમાન્ય ટિળક માટે, તેમના પ્રતિસ્પર્ધીઓ ગાળોનો વરસાદ વરસાવતા. તે વખતના વર્તમાનપત્રોની હેડ લાઈન્સ ટિળક માટેની ગાળોથી ઊભરાતી.

એકવાર ટિળક સવારે ચા પીતાં પીતાં છાપું જોઈ રહ્યા છે. છાપા તેમને માટે ગાળોને વરસાવે છે. તે વખતે આવેલ એક મિત્રે પૂછ્યું : આ વાંચતાં શું થાય તમને ?

ટિળકે હસતાં હસતાં કહ્યું : તમે લોકો ચા જોડે ગરમ નાસ્તો લેતા હશો. હું ચા જોડે ગરમ ગરમ ગાળોનો નાસ્તો કરું છું.

પરની અસર ઓછી થતી જાય, સ્વરૂપપ્રાપ્તિ ભણી આગળ વધાતું જાય.

• • •

ઈચ્છાયોગ પછી આવે છે શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ. એ બન્નેની વ્યાખ્યા આપતાં કડી કહે છે :

શાસ્ત્રયોગ ગુનઠાણ કો,
પૂરન વિધિ આચાર;
પદ અતીત અનુભવ કહ્યો,
યોગ તૃતીય વિચાર...

શાસ્ત્રયોગ : સાધક, અપ્રમત્તપણે, શાસ્ત્રમાં કહેલ શબ્દોને આચરણમાં મૂકવાની કોશિશ કરે તે શાસ્ત્રયોગ.

સામર્થ્યયોગ : શાસ્ત્રના શબ્દોને પણ અતિક્રમીને અનુભૂતિની ધારામાં સાધકનું વહેવું તે સામર્થ્યયોગ.

શાસ્ત્રયોગની વ્યાખ્યા 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં આ રીતે આવી :

शास्त्रयोगस्त्विह ज्ञेयो, यथाशक्त्यप्रमादिनः ।
श्राद्धस्य तीव्रबोधेन, वचसाऽविकलस्तथा ॥ ४ ॥

અપ્રમત્તતાનો અર્થ થશે જાગૃતિ. ભીતર જવાની તીવ્ર ઝંખના. અને એટલે જ જ્યારે એ જાણશે કે પ્રભુનાં વચનોનો સાર આત્માનુભૂતિ છે, ત્યારે આત્માનુભૂતિ માટે જેટલા માર્ગો શાસ્ત્રે બતાવ્યા છે, તે બધા માર્ગે - અથવા અમુક માર્ગે ચાલી આત્માનુભૂતિ કરવાનું એનું લક્ષ્ય હોય છે.

• • •

સામર્થ્યયોગનું વર્ણન 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં આ રીતે અપાયું છે :

शास्त्रसन्दर्शितोपायस्तदतिक्रान्त गोचरः ।
शक्त्युद्रेकाद् विशेषेण, सामर्थ्याख्योऽयमुत्तमः ॥ ५ ॥

શાસ્ત્રે કહેલા ઉપાયો પ્રમાણે, પરંતુ શક્તિના પ્રાબલ્યથી શાસ્ત્રે કહેલ સામાન્ય સાધકોની મર્યાદાથી ઉપર જઈને કરાતું અનુષ્ઠાન તે સામર્થ્યયોગ.

કડી મઝાનું વર્ણન આપે છે સામર્થ્યયોગનું : 'પદ અતીત અનુભવ કહ્યો...' શબ્દાતીત અનુભવ છે આ. સ્વમાં ડૂબવાનો અનુભવ. તમે એને શબ્દોમાં કેમ કરી વર્ણવી શકો ?

■

## ૯૬

## આધાર સૂત્ર

*રહે યથા બલ યોગમેં,*
*ગ્રહે સકલ નય સાર;*
*ભાવ જૈનતા સો લહે,*
*વહે ન મિથ્યાચાર....(૯૬)*

યથાશક્તિ યોગબળમાં રહી જે સકલ નયોનો સાર ગ્રહણ કરે છે. અર્થાત્ મધ્યસ્થપણું ધારણ કરે છે, તે મિથ્યાચારને ઈચ્છતો નથી અને તે ભાવ જૈનપણું પામે છે.

# ૯૬

## 'જૈન કહો ક્યું હોવે ?'

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે એક પદનો પ્રારંભ પ્રભુ પ્રત્યે એ પ્રશ્ન કરીને કર્યો છે કે પ્રભુ ! જૈન કઈ રીતે થવાય ? 'જૈન કહો ક્યું હોવે, પરમગુરુ ! જૈન કહો ક્યું હોવે...?'

જવાબમાં આવું કહેવાયું છે : 'કહત કૃપાનિધિ સમ-જળ ઝીલે, કર્મ મેલ જો ધોવે; બહુલ પાપ-મલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે...' સમતાના જળમાં સ્નાન કરીને જે કર્મ મેલને ધોવે છે અને એ રીતે, નિર્મલીકરણ પછી, પોતાના શુદ્ધ સ્વરૂપને જે દેખે છે, તે જૈન છે.

આના માટે એક સરસ વિધિ આપણી પરંપરામાં છે. પ્રભુનો અભિષેક ભક્તો રોજ કરે છે. તે સમયે આન્તરિક મેરુ અભિષેકની એક મઝાની કડી બોલવામાં આવે છે :

જ્ઞાન કળશ ભરી આતમા,
　　　　સમતા રસ ભરપૂર;
શ્રી જિનને નવરાવતાં,
　　　　કર્મ થાયે ચકચૂર...

જ્ઞાનનો કળશ એટલે કે જ્ઞાતાભાવની આધારશિલા. તમે જાણો છો, પણ રાગ-દ્વેષ નથી થતા; માત્ર જણાયા કરે છે, તો એ જ્ઞાતાભાવ.

આ જ્ઞાતાભાવની કક્ષાએ વિકલ્પો ઓછા થયા; રાગ-દ્વેષની શિથિલતા થઈ; હવે એ મનમાં સમભાવનો રસ રેડવાનો. અને એના વડે સહસ્રારમાં પ્રતિષ્ઠિત પ્રભુનો અભિષેક કરવાનો. સાધકનું પૂરું અસ્તિત્વ સમભાવમય બની જાય.

કલિકાલસર્વજ્ઞશ્રીએ મનોગુપ્તિના વર્ણનમાં યોગશાસ્ત્રમાં આ જ વાત કહી છે :

विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् ।
आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥ १-४१

વિકલ્પોના સમૂહથી ઉપર ઊઠેલું મન, સમત્વમાં સુપ્રતિષ્ઠિત મન અને એ રીતે આત્મરમણતામાં ડૂબેલ મન તે મનોગુપ્તિ છે.

• • •

'જૈન કહો ક્યું હોવે ?'

મઝાની કડી આગળ આવે છે :

સ્યાદ્‌વાદ પૂરન જો જાને,
નયગર્ભિત જસ વાચા;
ગુન પર્યાય દ્રવ્ય જો બૂઝે,
સોઈ જૈન હૈ સાચા...

જે સ્યાદ્‌વાદને - અનેકાન્તવાદને સારી રીતે જાણે છે. જેની વાણી નયગર્ભિત છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયને જે જાણે છે, તે સાચો જૈન છે.

પર્યાયોની બદલાહટની વચ્ચે નિત્ય દ્રવ્યને જોવાની કેવી મઝા !

શરીર માંદું પડેલ હોય. બિછાનામાં પડેલ હોય સાધક. એ શરીરને પર્યાય રૂપે જોતો હોય, માંદગી તો પર્યાયનો પણ પર્યાય... આત્મદ્રવ્યના શાશ્વતીના લયને પણ એ જાણે છે. અને એથી શરીરના મૃત્યુમાં એની ભીતર કશું જ મરતું નથી હોતું. 'न हन्यते हन्यमाने शरीरे...'

• • •

'ભાવ ઉદાસે રહીએ...' બહુ મઝાની વાત કરી. ભાવ જૈનત્વનું કેટલું આ ઊંડાણ ! ક્યાંય રાગ, દ્વેષ વધુ પડતો ન કરે. ઉદાસીન ભાવે તે રહે.

• • •

ભાવ જૈનત્વના આ વર્ણનની પૃષ્ઠભૂ પર આ કડીને જોઈએ :

રહે યથા બલ યોગમેં,

ગ્રહે સકલ નય સાર;

ભાવ જૈનતા સો લહે,

વહે ન મિથ્યાચાર....

યથાશક્તિ યોગમાં રહીને જે સકલ નયોનો સાર ગ્રહણ કરે છે, તે ભાવ જૈનતાને પામે છે. અને એવો સાધક ખોટા આચારોને ક્યારેય સ્વીકારતો નથી.

સકળ નયોનો સાર તે સ્યાદ્વાદ. નય એટલે વસ્તુના એક ધર્મને અભિવ્યક્ત કરતી દૃષ્ટિ. જેમકે આત્મા નિત્ય છે આ વિધાનમાં આત્માના અનન્ત ગુણો પૈકીના એક નિત્યત્વ ગુણની વાત કરવામાં આવી.

અને જ્યારે કહેવાય કે 'અપેક્ષાએ આત્મા નિત્ય છે', તો એ વિધાન સાપેક્ષવાદનું સૂચક બને છે. એ વિધાનનો અર્થ એવો થયો કે દ્રવ્ય (આત્મદ્રવ્ય)ની અપેક્ષાએ આત્મા નિત્ય છે; પરંતુ પર્યાયની અપેક્ષાએ તે અનિત્ય પણ છે.

• • •

વ્યવહાર જીવનમાં પણ સાપેક્ષવાદ બહુ સરસ કામ કરી શકે. માણસ પોતાને સાચો માનીને, પોતાના દૃષ્ટિબિંદુને સાચું માનીને દોડતો હોય છે. બીજાના વિચારો સ્વીકારવા પણ તૈયાર થતો નથી. મોટાં મોટાં યુદ્ધો જે લડાયાં છે એ વિચારોના કારણે જ લડાયાં છે. સામ્યવાદ કહો, મૂડીવાદ કહો, કોઈ

પણ વાદ કહો; મારું ચિંતન છે એ જ સાચું છે, બીજાનું ખોટું છે, અને લડાઈ શરૂ. સાપેક્ષવાદ શું કરશે ? દાર્શનિક લડાઈઓને તો સમાપ્ત કરશે જ, આપણા સામાજિક જીવનની લડાઈઓને પણ એ સમાપ્ત કરશે.

દાર્શનિક લડાઈની વાત તમને કહું. સામાન્ય રીતે, બૌદ્ધદર્શન ક્ષણિકવાદ સ્વીકારે છે, એટલે કે ક્ષણે ક્ષણે બધું નષ્ટ થઈ જાય છે એમ તે માને છે. એની પાછળની ભૂમિકા એ રીતે સમજાવાઈ છે કે, બુદ્ધ સમૂહના માણસ હતા. એમની પાસે હજારો લોકો રોજ આવતા. એ લોકોને, બુદ્ધ વૈરાગ્ય માર્ગે લઈ જવા ઈચ્છતા હતા. બુદ્ધ પૂછતા : તમે કોના પર રાગ કરો છો ? તમે માનો છો કે 'છે', એ તો બીજી ક્ષણે છે જ નહીં. છે, છે અને નથી ! તમે શી રીતે એના પર રાગ કરી શકો ? હેરાક્લતૂએ બહુ સરસ વાત કરી છે : યુ કાન્ટ સ્ટેપ ટ્વાઈસ ઈન ધી સેમ રિવર. એ જ વાત બુદ્ધ પોતાના શબ્દોમાં કહે છે : બધું પ્રવાહશીલ છે. કશું શાશ્વત છે જ નહીં. શાના પર રાગ કરવો ?

કપિલ વિશિષ્ટ વર્ગના માણસ હતા. અત્યંત બુદ્ધિજીવી, નિત્યવાદી માણસો એમની પાસે આવતા. કપિલ કહેતા : બંધન, મોક્ષ જેવું કંઈ છે જ નહીં. બંધન કોને હોઈ શકે ? તમે તો શુદ્ધ ચેતના છો. શુદ્ધ ચેતનાને કર્મનો લેપ લાગતો જ નથી. તમે નિત્ય મુક્ત જ છો. આવી મુખ્ય બે વિચારધારાઓ ચાલી.

સાપેક્ષવાદે એ બંનેનું સંતુલન એ રીતે કર્યું કે : અપેક્ષાએ બુદ્ધની વાતો પણ સાચી છે, કારણ કે પર્યાયો પરિવર્તનશીલ તો છે જ. નાનો હતો, મોટો થયો. શરીર પણ પરિવર્તનશીલ તો છે જ. કપિલની વાત પણ બરોબર છે. કારણ કે ધ્રુવ દ્રવ્ય છે આત્મા; જેના આધારે પરિવર્તન ચાલ્યા કરે. પરિવર્તન

ચાલે; પણ કોના આધારે ચાલે ? કોઈ દ્રવ્ય તો - પાછળ - જોઈએ. તો બુદ્ધ સાચા છે, કપિલ પણ સાચા છે; આ પ્રમાણે, સાપેક્ષવાદ દાર્શનિક યુદ્ધોને સમાપ્ત કરે છે. બુદ્ધ, કપિલ સાચા; પણ અમુક અપેક્ષાએ.

સામાજિક જીવનમાં હું જ સાચો છું, પેલો ખોટો છે - આના કારણે લડાઈઓ થાય છે. બે ભાઈ સાથે રહી શકતા નથી.

કૌટુંબિક જીવન લડાઈઓથી ઘેરાયેલું છે આજે. સાપેક્ષવાદ તમને તેમાંથી મુક્ત કરી શકે. હિ મે ઓલ્સો બી રાઈટ. શી મે ઓલ્સો બી રાઈટ. આ પણ સાચો હોઈ શકે. તમે બીજાનાં દૃષ્ટિબિંદુનો પણ સ્વીકાર કરી શકો. તમે જોઈ શકો કે, આ રીતે પણ કેમ વિચારી ન શકાય ? અને તમે જોઈ શકો કે આ પ્રમાણેનું ચિંતન પણ કંઈ ખોટું નથી. આ રીતે જોતાં, તમે બધા ઝઘડાઓ, બધાં વૈમનસ્યોનો અંત લાવી શકો.

સાપેક્ષવાદ બહુ મઝાની વાત છે. સાપેક્ષવાદ દાર્શનિક યુગમાં તો પ્રસ્તુત હતો જ, આજે તો વધારે. આજે કૌટુંબિક યુગ ગણીએ તો, એના માટે પણ સાપેક્ષવાદ ખૂબ સરસ વસ્તુ છે.

■

૯૭

# આધાર સૂત્ર

*મારગ અનુસારી ક્રિયા,*
*છેદે સો મતિહીન;*
*કપટક્રિયા બલ જગ ઠગે,*
*સો ભી ભવજલ મીન....(૯૭)*

મોક્ષમાર્ગને અનુસરનારી જે જે શુભક્રિયાઓ બતાવવામાં આવેલ છે, તે શુભક્રિયાઓનો છેદ ઉડાડનાર બુદ્ધિહીન ગણાય.

તેમજ કપટક્રિયાના બળથી જે જગતને ઠગે છે, તે પણ સંસાર-સમુદ્રમાં માછલાની જેમ પરિભ્રમણ કરે છે.

# ૯૭

## નિશ્ચય જાણ્યો કોણે કહેવાય ?

નિશ્ચય અને વ્યવહાર સાધનાનું સમતુલન કરવા માટે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સવાસો ગાથાના સ્તવનમાં કહેલી વાતો બહુ જ ઘૂંટવા જેવી છે.

તેઓશ્રી કહે છે :

નિશ્ચય દૃષ્ટિ હૃદયે ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભંવસમુદ્રનો પાર...(૫૫)

હૃદયમાં છે નિશ્ચય સાધના; લક્ષ્ય; અને એ લક્ષ્યસ્થાને પહોંચવા માટેનો જે માર્ગ છે, તે છે વ્યવહાર સાધના.

ન તો વ્યવહાર વિના ચાલે, ન નિશ્ચય વિના ચાલે.

માત્ર ચાલ્યા કરે કોઈ માણસ અને એનું ક્યાંય પહોંચવાનું લક્ષ્ય ન હોય તો... ? ઘણીવાર હું મારી વાચનામાં સાધકોને પૂછું છું : તમે લક્ષ્ય લઈને ચાલનાર છો કે મૉર્નિંગ-વૉક લેવા નીકળેલ છો ?

મૉર્નિંગ-વૉક વાળાને ૨-૩ કિલોમીટર જઈ પાછા ઘર તરફ વળવું છે. ત્યાં ચાલવાનું છે. મંજિલ નથી.

• • •

લક્ષ્ય શું છે ?

લક્ષ્ય છે મોક્ષ. રાગ, દ્વેષ, અહંકાર આદિનો સંપૂર્ણ ક્ષય. આ થયું અન્તિમ લક્ષ્ય. અત્યારનું લક્ષ્ય છે રાગ, દ્વેષ, અહંકારની શિથિલતા.

હવે સાધક સાધના કરતો જશે અને જોતો જશે કે રાગ, દ્વેષ, અહંકાર આદિની શિથિલતા થઈ કે નહિ.

માર્ગની વ્યાખ્યા એ જ થઈ શકે કે જે આપણને મંજિલ તરફ લઈ જાય, તે માર્ગ...

સાધકે પોતાની સાધનાને, આ રીતે, લક્ષ્ય સાથે સાંકળવી જોઈએ. આ થયું નિશ્ચય-વ્યવહારનું સમતુલન.

• • •

નિશ્ચય નય હૃદયના ભાવને પ્રાધાન્ય આપશે. વ્યવહાર નય ક્રિયાને પ્રાધાન્ય આપશે.

નિશ્ચય નય સાક્ષીભાવ પર ભાર મૂકશે. વ્યવહાર નય ક્રિયા પર.[1] મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત 'નિશ્ચય-વ્યવહાર ગર્ભિત' શ્રી શાન્તિજિન સ્તવનામાં નિશ્ચય નય વાદી વ્યવહારનું ખંડન કરતાં દલીલ આપે છે કે કર્તાને તો ક્રિયાનું દુઃખ અનુભવવું પડે છે, કર્તા હાથીની જેમ કર્તૃત્વના મેદાનમાં લડાઈ કરે છે; જ્યારે સાક્ષી નિજ ગુણોમાં આનંદ માણે છે.

એ જ રીતે, આત્મા જ સામાયિક છે એમ ભગવતી સૂત્રમાં કહ્યું છે.[2] એટલે કે આત્મામાં રહેલ સમભાવ તે જ સામાયિક છે એમ ત્યાં કહેવાયું.

વ્યવહાર નય પોતાની વાતનું સમર્થન આ રીતે કરે છે : જરૂર, ભાવ એ મહત્ત્વની વસ્તુ છે અને અમે તેને સત્કારીએ છીએ. પણ ભાવ પણ નવો, નવો ક્રિયાથી જ આવે છે. ક્રિયાથી જ તે ભાવ વધે છે. અને એ કારણસર, સાધક પોતાની ભૂમિકાથી નીચે પડતો નથી; પણ આગળ આગળ વધે છે.[3]

---

૧. કરતા હુઈ હાથી પરે જુઝે, સાખી નિજ ગુણ માંહે સલૂઝે; કરતા તે કિરિયા દુઃખ વેદે, સાખી ભવતરુકંદ ઉચ્છેદે...

૨. आया सामाइए - ભગવતી સૂત્ર.

૩. ભાવ નવો કિરિયાથી આવે, આવ્યો તે વળી વાધે;
નવિ પડે, ચઢે ગુણશ્રેણે, તેણે મુનિ કિરિયા સાધે...
- નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાન્તિનાથ સ્તવન, ૪/૫

જેણે પણ ક્રિયાનો અનાદર કર્યો, તેણે વાસ્તવિક રૂપે નિશ્ચય નય જાણ્યો નથી.[૪]

ક્રિયામાં જેમ જેમ ભાવ ભળશે, તેમ તેમ મીઠાશ વધશે.[૫]

બહુ જ અદ્‌ભુત આ કડી છે : 'નિશ્ચયથી નિશ્ચય નવિ જાણ્યો, જેણે ક્રિયા નવિ પાળી...' સાધકનો ક્રિયાનો અનાદર એ બતાવે છે કે એણે નિશ્ચય નયને બરોબર જાણ્યો નથી.

પ્રભુશાસનના નિશ્ચયમાં વ્યવહાર અનુસ્યૂત જ હોય છે. અને વ્યવહારમાં નિશ્ચય અનુસ્યૂત હોય છે. વ્યવહાર વિનાનો નિશ્ચય કે નિશ્ચય વિનાનો વ્યવહાર પ્રભુશાસનમાં સમ્મત નથી.

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

મારગ અનુસારી ક્રિયા,
 છેદે સો મતિહીન;
કપટક્રિયા બલ જગ ઠગે,
 સો ભી ભવજલ મીન....

માર્ગાનુસારિણી ક્રિયાનો જે લોકો અનાદર કરે છે; તેઓને બુદ્ધિમાન કેમ કહેવા ? કારણ કે એ લોકો નિશ્ચય નયની વાતો કરે છે અને

---

૪. નિશ્ચયથી નિશ્ચય નવિ જાણ્યો, જેણે ક્રિયા નવિ પાળી.

૫. જિમ જિમ ભાવ ક્રિયામાંહિ ભળશે, સાકર જિમ પયમાંહિ;
તિમ તિમ સ્વાદ હોશે અધિકેરો, સુજસ વિલાસ ઉચ્છાંહિ.
- એજન, ૪/૬-૭

નિશ્ચયને જ તો એ લોકો જાણતા નથી. ક્રિયા માર્ગ / વ્યવહાર માર્ગ વિનાનો નિશ્ચય એ નિશ્ચય જ ક્યાં છે ?

એની સામે, જે લોકો ક્રિયા કરે છે અને ક્રિયાને અનુસાર ભાવ એમની પાસે નથી; એ લોકો ક્રિયા દ્વારા માત્ર લોકોના મનને ખુશ કરવા ઈચ્છે છે એ લોકો પણ સંસારમાં ભમે છે.

આ ક્રિયાનો શો અર્થ ? જે માત્ર દેખાડો જ છે. જેમાં ભાવ અનુસ્યૂત નથી.

■

## ૯૮

# આધાર સૂત્ર

*નિજ નિજ મતમેં લરી[1] પડે,*
*નયવાદી બહુ રંગ;*
*ઉદાસીનતા પરિણમે,*
*જ્ઞાનીકું સરવંગ....(૯૮)*

એક એક નયનો વાદ કરનારા પોતપોતાના મતમાં પરસ્પર ખંડન-મંડન કરીને લડી પડે છે, પરંતુ જ્ઞાની પુરુષ ઉદાસીનભાવમાં સર્વાંગે, સંપૂર્ણતયા લીન રહે છે.

[લરી = લડી]
[સરવંગ = સર્વાંગે (સંપૂર્ણપણે)]

૧. લડેં ફરેં, A   લર પરેં, B - F   લરિ પરેં, D

# ૯૮

## ઉદાસીનભાવમાં મહાલવાની ક્ષણો

ઉદાસીનભાવમાં ડૂબેલ સાધકનું મઝાનું વર્ણન યોગશાસ્ત્રમાં આવે છે :

औदासीन्यनिमग्नः, प्रयत्नपरिवर्जितः
सततमात्मा। भावितपरमानन्दः क्वचिदपि
न मनो नियोजयति ॥ १२/३३ ॥

ઉદાસીનતામાં ડૂબેલ સાધક. અસંયોગજન્ય - ભીતરથી ઊપજતા આનંદમાં મગ્ન સાધક. એને પરની દુનિયામાં કોઈ પ્રયત્ન કરવો નથી.

સ્વમાં જેને પ્રાપ્તિ થઈ ગઈ, દિવ્ય આનંદની, તે પરમાં કેમ જશે ?

પરમાં - અન્ય પ્રવૃત્તિઓમાં માણસ જાય છે એની પાછળનું કારણ એક જ છે : એને ભીતર કંઈ મળ્યું નથી. બહારથી કંઈક મેળવવા તે ફાંફાં મારે છે. આ કરું તો લોકો મને ઓળખે. અને પચીસ-પચાસ જણા એની પ્રવૃત્તિને સારી કહે ત્યારે એના અહંકારની સંતુષ્ટિ થાય છે, અને કોઈક એની પ્રવૃત્તિને બરોબર નહિ કહે ત્યારે શું થશે ? એટલે, રતિભાવ અને અરતિભાવના ઝૂલે એને સતત ઝૂલવાનું રહેશે.

પેલું સૂત્ર યાદ આવે : 'પરાધીન સપને સુખ નાંહિ.' જાહેર સમારોહના સ્થળે વીજળીની ચાંપો પર ઢાંકણ હોય છે ને તે પર તાળું હોય છે. જેટલા લોકો ખંડમાં હોય તે પ્રમાણે વૉચમેન પંખાની સ્વિચ ઓન કરે. દિવસે લાઈટ બળવા ન દે. આને બદલે, સ્વિચીઝ એમને એમ હોય તો નાનાં છોકરાંઓ ખોટા ખોટા પંખા ફેરવ્યા કરે, બત્તીઓ બાળ્યા કરે અને બિલ સંસ્થાએ ભરવું પડે.

તમારા સુખની સ્વિચ કોના હાથમાં ? કો'કે કહ્યું : તમે સરસ બોલ્યા. સ્વિચ ઓન થઈ. કો'કે કહ્યું : તમારા બોલવામાં કંઈ ઢંગધડો જ નહોતો. આવું ધડ-માથા વગરનું શું બોલ્યા ? સ્વિચ ઑફ.

આ થઈ સંયોગજન્યતા.

• • •

આનંદ અસંયોગજન્ય છે. વિકલ્પોને પેલે પાર, તમારા સ્વરૂપમાં તમે ડૂબ્યા; આનંદ જ આનંદ.

'भावितपरमानन्दः, क्वचिदपि न मनो नियोजयति.' ભીતરથી જેને પરમ આનંદ મળવા લાગ્યો, તે મનને બહાર ક્યાં જોડશે ?

• • •

ઉદાસીનભાવ.

ઉદ્ + આસીન એટલે ઉદાસીન. ઊંચે બેઠેલ. ઘટનાના પ્રવાહને માત્ર જોનાર. એમાં વહેનાર નહિ.

ઘટનાથી પ્રભાવિત બન્યા તમે, તો રતિ અને અરતિમાં. ઘટનાને માત્ર જોનાર બન્યા તો ઉદાસીનભાવમાં.

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

નિજ નિજ મતમેં લરી પડે,
નયવાદી બહુ રંગ;
ઉદાસીનતા પરિણમે,
જ્ઞાનીકું સરવંગ...

નયને - એકાંગી દષ્ટિકોણને ધારનારી વિચારપદ્ધતિઓ અંદરોઅંદર સંઘર્ષ કરશે; પરંતુ સાપેક્ષવાદની વિચારસરણીમાં શ્રદ્ધા રાખનાર જ્ઞાની પુરુષના ચિત્તમાં તો સર્વાંગીણ રીતે, સંપૂર્ણતયા ઉદાસીનભાવ જ પરિણમશે.

એક વિચારપદ્ધતિ કહેશે કે આત્મા નિત્ય છે. બીજી વિચારપદ્ધતિ આત્મતત્ત્વને અનિત્ય કહેશે. પેલી પદ્ધતિ કહેશે કે મારી વાત સાચી. બીજી એનું ખંડન કરશે.

સાપેક્ષવાદીને ક્યાંય લડાઈ નથી. એ કહેશે કે દ્રવ્યની અપેક્ષાએ આત્મા નિત્ય છે. પર્યાયની અપેક્ષાએ આત્મા અનિત્ય છે. અપેક્ષા આવી. ઝઘડો ગયો.

■

## ૯૯

## આધાર સૂત્ર

*દોઉ લરે તિહાં ઈક[1] પરે,*
*દેખનમેં દુઃખ નાંહિ;*
*ઉદાસીનતા સુખ-સદન,*
*પરપ્રવૃત્તિ દુઃખ છાંહિ...(૯૯)*

બે વાદીઓ લડે તેમાં એક પડે / હારે ત્યાં મધ્યસ્થ ભાવે રહીને નિરીક્ષણ કરવામાં દુઃખ નથી પણ તેમાં પ્રવેશ કરી નયવાદથી હઠ-કદાગ્રહ કરવાથી દુઃખ થાય છે.

જ્ઞાની આવું નયવાદીઓનું સ્વરૂપ જાણીને ઉદાસીનભાવે રહે છે. તે ઉદાસીનતા એ સુખનું ઘર છે. પરમાં પ્રવૃત્તિ કરવી તે દુઃખની છાયા છે, જ્ઞાની પરમાં પ્રવૃત્તિ કરતો નથી.

[લરે = લડે]
[પરે = પડે]

૧. ઈક વરે, B

# ૯૯

## 'ચેતન ! અબ મોહિ દરિસન દીજે !'

'ચેતન ! અબ મોહિ દરિસન દીજે !' આખો ઝોક, ભાર 'અબ' શબ્દ પર છે. પરમાં બહુ જ ફરવાનું થયું. હવે સ્વાનુભૂતિ કરવી છે. 'ચેતન ! અબ મોહિ દરિસન દીજે !'

ચૈતન્ય-દર્શન, ચૈતન્યાનુભૂતિ, શું થાય એથી ?

'તુમ દર્શને શિવસુખ પામીજે, તુમ દર્શને ભવ છીજે....' ચૈતન્ય-દર્શન, સ્વાનુભૂતિ અને મોક્ષ-સુખની પ્રાપ્તિ. ચૈતન્યદર્શન દ્વારા સંસારનો અંત.

એ માટેની વિધિ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે આ જ પદમાં આગળ બતાવી છે :

સબમેં હૈ ઔર સબમેં નાંહિ,
તૂં નટ રૂપ અકેલો;
આપ સ્વભાવે વિભાવે રમતો,
તૂં ગુરુ ઔર તૂં ચેલો...

સાધકની સાધના અહીં બતાવી છે : સાધક ઉપયોગ રૂપે પોતાની પાસે રહેલ પદાર્થોમાં હોઈ શકે; પણ મૂર્ચ્છા રૂપે તેમાં ન હોય. સાધક સ્વભાવમાં રમે ત્યારે ગુરુ; વિભાવમાં જાય ત્યારે શિષ્ય... સાધનાના પ્રારંભિક તબક્કામાં, અનાદિના અભ્યાસ વડે ક્યારેક પરમાં ઉપયોગ જાય છે; પણ જેમ જેમ સાધના દૃઢ થતી જાય છે, તેમ ઉપયોગ સ્વભણી ફંટાતો જાય છે.

અનાદિના અભ્યાસનું ધુમ્મસ છંટાતું જાય છે તેમ ઉપયોગ સ્વભણી વળે છે. નહિતર, સ્વાનુભૂતિ તરફ જવું અઘરું છે. કહે છે મહોપાધ્યાયજી :

જોગી જંગમ અતિથિ સંન્યાસી,
તુજ કારણે બહુ ખોજે;
તું તો સહજ શક્તિસું પ્રગટે,
ચિદાનન્દ કી મોજે...

ફરતા યોગી, અતિથિ (મુનિ), સંન્યાસી બધા જ ચૈતન્યાનુભૂતિ માટે પ્રયત્ન કરે છે; પરંતુ ચૈતન્ય તો સહજ રીતે પ્રગટિત થશે... જ્યારે સાધક ચિદાનંદની મોજ અનુભવતો હશે.

ચિદ્ એટલે જ્ઞાન. અને આનન્દ. ચૈતન્યના આ ગુણોનું ઉદ્‌ઘાટન કેટલું તો મઝાનું હોય ! પણ એને કહેવા માટે શબ્દો તો છે જ નહિ. તમે એને કહી ન શકો; હા, એને અનુભવી શકો.

સંત કબીરજીએ આ ઘટનાનું કાવ્યાત્મક વર્ણન આપ્યું : 'દુલહા દુલહન મિલ ગયે, ફિક્કી પડી બારાત...' ચૈતન્ય સ્વગુણાનુભૂતિમાં મહાલે છે. બહાર હશે ગહન ચુપ્પી... ભીતર ઓચ્છવ જ ઓચ્છવ.

• • •

'ચેતન ! અબ મોહિ દરિસન દીજે...' ચૈતન્યાનુભૂતિ માટે શું શું કર્યું નથી સાધકે ? જીવનનું લક્ષ્ય એક જ હતું : સ્વાનુભૂતિ.

'તુમ કારન તપ-સંયમ-કિરિયા,
કહો કહાંલો કીજે;
તુમ દર્શન બિન સબ યા જૂઠી,
અંતર ચિત્ત ન ભીંજે...'

ચૈતન્યાનુભૂતિ માટે તપ, સંયમ, ક્રિયા કેટલું કર્યું ? ઘણું જ ઘણું. પણ એ દ્વારા જો એ મળે તો જ બરોબર. સાધન તે જ કહેવાય, જે સાધ્યની પ્રાપ્તિ કરાવી આપે.

ચૈતન્યાનુભૂતિ તપ, સંયમ, ક્રિયા વડે ન થાય તો અન્તસ્તરમાં તોષ-આનંદ પ્રગટતો નથી.

'ચેતન ! અબ મોહિ દરિસન દીજે !' 'અબ / હવે' દ્વારા પ્રગટતી ઝંખના સ્વાનુભૂતિ કરાવશે જ.

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

દોઉ લરે તિહાં ઈક પરે,
 દેખનમેં દુઃખ નાંહિ;
ઉદાસીનતા સુખ-સદન,
 પરપ્રવૃત્તિ દુઃખ છાંહિ...

કેટલું સરસ ઉત્તરાર્ધ : 'ઉદાસીનતા સુખ-સદન, પરપ્રવૃત્તિ દુઃખ છાંહિ.' ઉદાસીન દશા એ સુખનું કેન્દ્ર છે અને પરમાં પ્રવૃત્તિ કરવી તે દુઃખનું કેન્દ્ર છે. સુખનો અર્થ ઉદાસીનતા ભણી જાય. અને દુઃખનો ઈચ્છુક તો કોણ હોય ? તો પછી, પર તરફ જવાની પ્રવૃત્તિ કેમ થાય છે ?

અનુભવ શો રહ્યો છે આપણો ? પરમાં જતાં કે પરમાં ગયા પછી યા તો રતિભાવ રહ્યો છે, યા અરતિભાવ રહ્યો છે. ક્યારેક તો જે પદાર્થ ખૂબ ગમતો હતો, એના પર જ અણગમો થાય અને એનાથી અરતિભાવ મળે.

ગમા અને અણગમાના આ વર્તુળની બહાર આવવું એટલે ઉદાસીન હોવું. મઝા જ મઝા.

• • •

પૂર્વાર્ધ ઉદાસીન વ્યક્તિત્વની મનોદશા સૂચવે છે : 'દોઉ લરે તિહાં ઈક પરે, દેખનમેં દુઃખ નાંહિ...' બે વાદીઓ લડે ત્યાં એક હારશે, એક જીતશે; મધ્યસ્થ - ઉદાસીન વ્યક્તિ નિર્લેપભાવે આ ઘટના જોઈ શકશે. કારણ કે તેને ખ્યાલ હતો કે આ બનવાનું જ હતું. અને, અપેક્ષાએ બેઉ સાચા જ છે; માત્ર પોતાનો આગ્રહ જે તીવ્ર હતો; તે આગ્રહ છેદાતાં, અહંકારને થપાટ લાગતાં પીડા થઈ છે.

■

## ૧૦૦

## આધાર સૂત્ર

*ઉદાસીનતા સુરલતા,*
*સમતારસ ફલ[1] ચાખ;*
*પર-પેખન[2]મેં મત પરે,*
*નિજગુણ નિજમેં રાખ...(૧૦૦)*

ઉદાસીનતા એ કલ્પવેલી છે.તેના સમતારસ રૂપ ફળને ચાખો. દૃષ્ટિ પરને જોવામાં ન રાખો. પોતાના ગુણોને જ જોવા છે. પોતાની અંદર તો પોતાના ગુણો જ છે ને ! તો, એ જ જોઈએ. પરને ન જોઈએ.

[પેખન = જોવું]

૧. ફળ રસ, A - B - D ૨. કથની મેં મતિ, B - F

# ૧૦૦

'પૂરન બ્રહ્મ કી સેજે રે...'

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ દ્વારા રચિત એક પદનું મુખડું આવું છે : 'ચિદાનન્દ અવિનાશી હો, મેરો ચિદાનન્દ અવિનાશી... સહજ સ્વભાવ વિલાસી...'

હું છું અવિનાશી. જ્ઞાન અને આનન્દમાં મહાલનાર. સહજતાની ધારામાં વહેનાર છું હું.

'પુદ્ગલ ખેલ મેલ જો જગકો, સો તો સબ હિ વિનાશી હો; પૂરન ગુન અધ્યાતમ પ્રગટે, જાગે જોગ ઉદાસી હો...'

પુદ્ગલનો ખેલ તો વિનાશી છે. અવિનાશી હું છું. પૂર્ણ ગુણ-વૈભવથી મંડિત હું છું. ઉદાસીનતાનો યોગ મારી ભીતર મુખરિત થઈ રહ્યો છે.

• • •

સાધક છે આન્તરદૃષ્ટિયુક્ત.

બહુ મઝાની કડી છે આ પદની; 'લિંગ વેષ કિરિયાકું સબહી, દેખે લોક તમાસી હો; ચિન મૂરતિ ચેતન ગુણ ચિન્હે, સાચો સોઉ સંન્યાસી હો.'

બાહ્યદૃષ્ટિ મનુષ્ય જ લિંગ (ચિહ્ન - ધાર્મિકતાને અભિવ્યક્ત કરતા -), વેષ અને ક્રિયા પર નજર રાખશે. આન્તરદૃષ્ટિ સંન્યાસી ચિન્મૂર્તિ ચેતનાના ગુણોને જ જોશે.

આખરે, પ્રાપ્તિને કોની સાથે સાંકળીશું ? સામાયિકની ક્રિયા થઈ, પણ સમભાવ કેટલો ઊભર્યો ભીતર, એની સાથે જ આપણે પ્રાપ્તિને સાંકળીશું ને ?

તમે છો ચિન્મૂર્તિ.

જાણનાર.

વિભાવ તરફ પ્રવૃત્ત થતી ક્રિયાઓને તમે જાણો છો, જુઓ છો... તમે એમાં ભળતા નથી.

સાધકની ખાવાની ક્રિયા કઈ રીતે ચાલે ? સાધકનું શરીર ખાય છે. સાધક એને જુએ છે.

શરૂઆત 'જોવાની' શુભથી થઈ શકે. ભોજનની ક્રિયા સમયે સાધક કોઈ કડીને મનમાં ગુનગુનાવે. એની અનુપ્રેક્ષા કરે. તો મન સ્વાધ્યાયમાં રહ્યું. ભોજનની ક્રિયા શરીરના સ્તર પર રહી.

પછી, ઉપયોગને માત્ર જોવામાં લઈ જાવ. તમે માત્ર જોઈ રહ્યા છો.

તમે છો જાણનાર. તમે છો જોનાર. જ્ઞાયક. ચિન્મૂર્તિ.

• • •

શું થાય છે અહીં ?

મહોપાધ્યાયજીનું જ એક પદ છે : 'મન કિતહી ન લાગે હેજે રે...' મન પરમાં ક્યાંય ભળી શકતું નથી હવે.

એ પદમાં તેઓશ્રી કહે છે : 'યોગ અનાલંબન નહિ નિષ્ફળ, તીર લગો જ્યું વેજે (વેગે) રે; અબ તો ભેદ તિમિર મોહિ ભાગો, પૂરન બ્રહ્મ કી સેજે રે...'

અનાલંબન યોગ શ્રેણિ વખતે હોય. વેગથી તીર જાય તે રીતે ધ્યાનધારા શરૂ થશે અને પરમચેતના સાથેની ભિન્નતા ઓગળી જશે. પૂર્ણ બ્રહ્મ (પૂર્ણ આત્મસ્વરૂપ)ની શય્યા પર, સિદ્ધશિલા પર આત્મા બિરાજશે...

• • •

અન્તઃપ્રવેશની આ મઝાની પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

ઉદાસીનતા સુરલતા,

સમતારસ ફલ ચાખ;

પર-પેખનમેં મત પરે,

નિજગુણ નિજમેં રાખ...

ઉદાસીનતા છે કલ્પવેલડી. કલ્પવૃક્ષની વેલ. અને એ વેલને ફળ બેઠું છે સમતારૂપી. જે સાધક પરને જોવામાં નથી જતો, તે પોતાની ગુણસૃષ્ટિને પોતાની ભીતર વિકસિત કરી શકે છે.

ઉદાસીન દશાનો અર્થ અહીં પરમાં ન જવું તેવો કર્યો. ઉદાસીન દશા. ન રતિ, ન અરતિ. રતિ અને અરતિ તો પરમાં - વિભાવમાં જવાથી જ આવશે ને !

ઉદાસીન દશાની એ પૃષ્ઠભૂ પર સમભાવમાં - સ્વગુણની ધારામાં સાધકનો પ્રવેશ.

આનંદ જ આનંદ.

'પૂરન બ્રહ્મ કી સેજે રે...' પૂર્ણ બ્રહ્મની શય્યા પર સાધકની સ્થિરતા.

■

## ૧૦૧

## આધાર સૂત્ર

*ઉદાસીનતા જ્ઞાન-ફલ,*
*પરપ્રવૃત્તિ હૈ મોહ;*
*શુભ જાનો સો આદરો,*
*ઉદિત વિવેક પ્રરોહ...(૧૦૧)*

ઉદાસીન દશા એ જ્ઞાનનું ફળ છે અને પરમાં - વિભાવમાં પ્રવૃત્તિ કરવી તે મોહ છે. વિવેકનો અંકુર જેના હૃદયમાં ઊગેલ છે એવા સાધકો ! તમને જે સારું લાગે તે તમે આદરો.

# ૧૦૧

'રોમ રોમ શીતલ ભયો...'

મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કૃત એક પદનો પ્રારંભ આ રીતે થાય છે : 'પ્રભુ મેરે ! તૂં સબ બાતેં પૂરા...' શુદ્ધ આત્મતત્ત્વને સંબોધીને રચના શરૂ થઈ છે. પ્રભુ ! તું બધી રીતે પરિપૂર્ણ છે.

અને, જે ભીતરથી પરિપૂર્ણ છે, એને બીજાની જરૂર જ ક્યાં છે ? તમે બીજાને મળો છો, હળો છો, એટલા માટે કે તમારી કહેવાતી એકલતાને તમે દૂર કરી શકો. પણ જો તમે સ્વયંમાં પરિપૂર્ણ છો એવું તમે અનુભવો; તો તમે બીજાને કેમ ઈચ્છો ? 'પરકી આશા કહા કરે પ્રીતમ ! એ કિણ બાતેં અધૂરા ?'

શરૂઆત ક્યાંથી કરવી આ પૂર્ણત્વને અનુભવવાની ?

'પરસંગ ત્યાગ લાગ નિજ રંગે, આનંદ વેલી અંકુરા; નિજ અનુભવ રસ લાગે મીઠા, જિમ ઘેવરમેં છૂરા...'

પરનો સંગ છોડવો એ પહેલું ચરણ છે.

શું છે પર પદાર્થોમાં ?

અનાદિના અભ્યાસને કારણે પરમાં જવાય છે. બાકી તો, પરથી પીડા કેટલી મળી છે ? ચાલો, સ્વના આનંદનો અનુભવ નથી. પણ પરની પીડાનો અનુભવ છે કે કેમ ?

ક્રોધ એકવાર કર્યો, બેવાર કર્યો; પીડા થઈ. હવે શું ?

તમે રસ્તા પર ચાલી રહ્યા છો. ક્યાંક પથ્થર બહાર આવેલો છે. ઠેસ વાગે તેવું છે. પહેલીવાર ઠેસ વાગી શકે. બીજીવાર પણ કદાચ વાગી જાય. પણ ત્રીજીવાર તો નહિ જ વાગે. એ જગ્યા આવતાં જ તમે સતર્ક બની જશો.

આ સતર્કતા, આ હોશ ક્રોધની ઘટનાની પુનરાવૃત્તિ વખતે કેમ ન આવે ? એકવાર ક્રોધ કર્યો, પીડા મળી. બીજીવાર ક્રોધ થયો, પીડા મળી... કેટલીવાર આ પીડાની પુનરાવૃત્તિ થશે ?

• • •

'પરસંગ ત્યાગ લાગ નિજ રંગે'... બીજું ચરણ. પરના સંગનો ત્યાગ અને નિજના રંગમાં રંગાઈ જવાનું. મઝા જ મઝા. 'આનંદ વેલી અંકુરા.' આનંદની વેલડી અંકુરિત થાય. આનંદ વધ્યા જ કરે.

'નિજ અનુભવ રસ લાગે મીઠા, જિમ ઘેવરમેં છૂરા...' સ્વાનુભૂતિનો રસ' કેવો તો મીઠડો લાગે ! ઘેબરમાં આંગળી ડબોડો તો એ મીઠી, મીઠી થઈ જ જવાની. છરી એમાં પેસી તો તે પણ મીઠી,મીઠી થઈ જવાની.

• • •

નિજ અનુભવ.

એને તમે અનુભવી શકો. કહી શકો કઈ રીતે ? મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ એક પદમાં કહે છે : 'એ પરમબ્રહ્મ પરમેશ્વર, પરમાનન્દમય સુહાયો; એ પરતાપકી સુખ સંપત્તિ, વરની ન જાત મોહેં... તા સુખ અલખ કહાયો...' પરમાનન્દમય છે એ અનુભવ. એમના પ્રભાવની, એમના સુખની વાત હું વર્ણવી શકું તેમ નથી. તેથી જ તે સુખને, આનન્દને અલક્ષ્ય - અગમ્ય કહીશું.

અચ્છા, શબ્દો દ્વારા એ ભૂમિકા અગમ્ય છે. અનુભૂતિ દ્વારા તો એ ગમ્ય બને છે ને ? અનુભૂતિ માટેનો માર્ગ કયો ? 'તા સુખ ગ્રહવેકું મુનિ-મન ખોજત, મન-મંજન કર ધ્યાયો; મનમંજરી ભઈ, પ્રફુલ્લિત દશા લઈ, તા પર ભ્રમર લોભાયો...'

સરસ માર્ગ બતાવ્યો : મનની (શુદ્ધ મનની) ખોજ, મનને માંજીને શુદ્ધ બનાવવાની પ્રક્રિયા, મનની શુદ્ધિને કારણે પ્રફુલ્લિત દશા...

પહેલાં તો એ ખ્યાલ આવે કે અત્યારનું મન ડહોળાયેલું મન છે; સાધક તરીકે પોતાને જોઈશે એવું મન, જેમાં રાગ-દ્વેષનો કચરો નીચે બેઠેલ હોય. સાધકનું મન છે પારદર્શી મન; જેને આપણે ચિત્ત કહી શકીએ. અન્ય વ્યક્તિનું મન છે અપારદર્શી મન. ડહોળાયેલું મન.

સામાન્ય વ્યક્તિનું મન ગમા અને અણગમાના ચક્રવ્યૂહમાં સપડાયેલું હોય છે. પરિણામ : રતિ અને અરતિ.

સાધકના મનમાં ગમો કે અણગમો નથી. ત્યાં છે બધાનો સ્વીકાર. પરિણામ : આનંદની દિશામાં પ્રયાણ.

આ ખ્યાલ આવતાં મનને ગમા અને અણગમાથી પર, સર્વસ્વીકારવાળું બનાવવાની પ્રક્રિયા ચાલે છે.

પ્રક્રિયાનું મહત્ત્વપૂર્ણ ચરણ આ છે : મનને ગમે છે માટે તે કાર્ય નહિ જ કરવું. મીઠાઈ ખાવાની ઈચ્છા થાય ત્યારે મીઠાઈ ન જ ખાવી. પોતાની ઈચ્છા પ્રમાણે દોડ્યે જતા મનને નિયન્ત્રિત કરવાની આ કેવી મઝા !

અને, મન નિયન્ત્રિત થતાં મઝા જ મઝા !

• • •

કેવી મઝા... ?

સરસ છે વર્ણન એનું : 'તબ સુજસ ભયો, અન્તરંગ આનન્દ લહ્યો; રોમ રોમ શીતલ ભયો, પરમાતમ પાયો...'

અન્તરંગ આનન્દની પ્રાપ્તિ... સંયોગજન્ય સુખ તે છે બહિરંગ આનન્દ. અસંયોગજન્ય સુખ છે અન્તરંગ આનન્દ. પૂરું અસ્તિત્વ શીતળ બની ગયું એ આનન્દને કારણે...

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

ઉદાસીનતા જ્ઞાન-ફલ,
 પરપ્રવૃત્તિ હૈ મોહ;
શુભ જાનો સો આદરો,
 ઉદિત વિવેક પ્રરોહ...

જ્ઞાનનું ફળ છે ઉદાસીન દશા. અન્તરંગ આનન્દની નજીકનો પર્યાય કદાચ ઉદાસીન દશા શબ્દ છે. ન રતિ, ન અરતિ; ન હર્ષ, ન શોક; આ બધાથી ઉપર (ઉદ્) જઈ સ્વમાં સ્થિર થવાની આ મઝાની ઘટના.

જ્ઞાનને કારણે ભીતર જવાનું થશે, મોહને કારણે પરમાં જવાનું થશે. શરીર, બહારી 'હું' એ બધા પરનો હુંપણાનો ભાવ તે મોહ. એને કારણે પરમાં જ જવાશે. 'પેલાએ મને સારો કહ્યો, પેલાએ મને નબળો કહ્યો...' ચાલ્યો વરઘોડો પરભાવનો ! 'મારા બહારી હુંને પંપાળનાર સારો; મારા એ હુંને ખોતરનાર ખરાબ; ધમ્ ધમાધમ ચાલ્યો વરઘોડો ! પણ એમાં વર - સાચો હું તો - પાછો હોય જ નહિ !

ગ્રન્થકાર સાધકની વિવેકદશા પર ભાર મૂકતાં કહે છે : આ બેમાંથી તમને ઉચિત લાગે તે તમે આદરો ! બેઉ માર્ગની ચર્ચા કરી : એક કાંટાળો માર્ગ. એક બહુ જ મઝાનો માર્ગ... તમને કયો ગમે ? કયો ?

■

## ૧૦૨
## આધાર સૂત્ર

*દોધક શતકે ઉદ્ધર્યું,*
*તંત્ર સમાધિ વિચાર;*
*ધરો[1] એહ બુધ ! કંઠમેં,*
*ભાવ રતનકો હાર...(૧૦૨)*

આ સમાધિતંત્ર ગ્રન્થને (સમાધિના વિચારરૂપી શાસ્ત્રને) સો દોધક છંદથી ઉદ્ધૃત કરેલ છે (સંસ્કૃતમાંથી ગુજરાતીમાં), હે પંડિત પુરુષ ! ભાવરત્નોના આ હારને તમે કંઠમાં ધારણ કરો. તેને કંઠસ્થ, હૃદયસ્થ બનાવો !

૧. કરે, A

# ૧૦૨

## સાધનાની અષ્ટપદી

કુશળ અનુવાદકનો અનુવાદ માત્ર અનુવાદ ન રહેતાં મઝાની મૌલિક કૃતિ બની રહે છે. તેનું સરસ ઉદાહરણ છે 'અમૃત વેલની સજ્ઝાય.' પંચસૂત્રકના પ્રથમ સૂત્રનો અનુવાદ

મહોપાધ્યાયજીએ ગુજરાતીમાં આ શીર્ષકથી કર્યો છે. પણ એમાં બીજી મહત્ત્વની વાતો પણ ઉમેરાઈ છે.

અમૃતવેલની સજ્ઝાયમાં સાધનાની અષ્ટપદી વર્ણવાઈ છે. એ આઠ પગથિયાં તમે ચઢો એટલે સાધનાને આત્મસાત્ કરી શકો.

સરસ કડીઓ ત્યાં આવી છે :

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડ ચોર રે;
જ્ઞાનરુચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે...
રાગ વિષ દોષ ઉતારતાં, ઝારતાં દ્વેષ રસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે...
દેખિયે માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતાં ચાલીયે, પામીએ જિમ પરમધામ રે...[1]

કેવો મઝાનો સાધનાની ગંગાનો આ યાત્રા-પથ ! (૧) આત્માના સહજ સ્વભાવરૂપ ધર્મને ધારણ કરવાથી (૨) મોહરૂપી ભયંકર ચોર મૃતપ્રાય બની જાય છે. (૩) જ્ઞાનની ઝંખનારૂપી વેલડી વિસ્તાર પામે છે અને (૪) તેથી કર્મોનું જોર ઓછું થાય છે. (૫) તેમજ રાગરૂપી ઝેર ઊતરી જાય છે, (૬) દ્વેષનો રસ ઝરી જાય છે (૭) અને પૂર્વાચાર્ય ભગવંતોનાં અનુભૂતિપૂર્ણ વચનોનું વારંવાર સ્મરણ થવાથી (૮) અને તે પ્રમાણે ધ્યાનાદિ ક્રિયામાં પ્રવૃત્ત થવાથી કર્મરજ ખરવા લાગે છે.

સાધનાની આ મઝાની અષ્ટપદી. સાધના પૂરી પૂરી આત્મસાત્ થઈને રહે છે.

• • •

૧. અમૃતવેલની સજ્ઝાય. ૨૬-૨૮

મઝાની આ અષ્ટપદી !

પહેલું ચરણ : 'ધારતાં ધર્મની ધારણા...'

ધર્મ એટલે આત્માની નિર્મળ દશા. રાગ, દ્વેષ, અહંકારની શિથિલતા થતી જાય તેમ તેમ આત્માની સ્વાભાવિક નિર્મળતા ખૂલતી/ખીલતી જાય. તો, રાગાદિની શિથિલતા દ્વારા નિર્મળતા તરફની યાત્રા એ પહેલું ચરણ.

બીજું ચરણ : 'મારતાં મોહ વડ ચોર રે...' મોહ એટલે અજ્ઞાન. સ્વનું અજ્ઞાન. પોતે કોણ છે એ ભાન જ વિસરાઈ ગયેલું. નિર્મળ દશા વધતી ચાલી તેમ સ્વરૂપ દશાનો ખ્યાલ આવવા લાગ્યો.

આત્માનુભૂતિનો સૂર્યપ્રકાશ પ્રસરતાં જ આત્મ-અજ્ઞાનનું ધુમ્મસ વિખેરાયું.

ત્રીજું ચરણ : 'જ્ઞાનરુચિ વેલ વિસ્તારતાં...' આત્મજ્ઞાન - આત્માનુભૂતિની ઝંખના હવે તીવ્ર બને છે. આંશિક રાગ-દ્વેષાદિની શિથિલતાથી નિર્મળ દશાની અનુભૂતિ થતાં આત્મતત્ત્વની પૂર્ણ અનુભૂતિની ઝંખના જાગી.

ચોથું ચરણ : 'વારતાં કર્મનું જોર રે...' આ આત્માનુભૂતિની ઝંખના એક બાજુ સ્વાનુભૂતિ માટેના તમામ કારણકલાપ વિશે ઉહાપોહ કરી એ દિશા તરફ પ્રયાણ સાધકને કરાવશે અને એ શુભ અને શુદ્ધ તરફનું પ્રયાણ કર્મના જોરને ઓછું કરશે.

મોહનું જોર ઘટતાં વિકલ્પો ઓછા થયા. અને વિકલ્પો ઓછા થયા એટલે કર્મનો બંધ ઓછો થયો. સત્તામાં રહેલ કર્મ ઉદયમાં આવીને નિર્જરી જશે, પણ એ ઉદયની ક્ષણોમાં નવો બંધ પ્રાયઃ નહિ થાય.

પાંચમું ચરણ : 'રાગ વિષ દોષ ઉતારતાં...' રાગનું ઝેર ઊતરી રહ્યું છે હવે. આત્માનુભૂતિ માટેની તલપ વધતી જાય છે. એક જ લક્ષ્ય રહ્યું છે : કઈ રીતે હું મારા શુદ્ધ સ્વરૂપને અનુભવું ? સ્વની દિશામાં જ દોડ મુકાઈ છે ત્યારે પર તરફ જવાનો અવકાશ ક્યાં ? દેહ પ્રત્યે પણ મમત્વ હવે રહ્યું નથી.

છઠ્ઠું ચરણ : 'ઝારતાં દ્વેષ રસ શેષ રે...' રાગ શિથિલ બનતાં જ દ્વેષ પણ શિથિલ બની જ જાય. લગભગ તો જે પદાર્થ કે વ્યક્તિ પ્રત્યે રાગ-દશા છે. તેમાં અવરોધક બનનાર તત્ત્વ પર જ દ્વેષ ઊભરાતો હોય છે.

સાતમું ચરણ : 'પૂર્વ મુનિ વચન સંભારતાં.' આ યાત્રામાં બહુ મોટું પૂરક બળ બની રહે છે શાસ્ત્રનાં વચનો. અનુભૂતિવાન મહાપુરુષોનાં વચનો વારંવાર રટાતાં રહે છે અને એ કારણે યાત્રા વેગવતી બનીને આગળ વધે છે.

આઠમું ચરણ : 'વારતાં કર્મ નિઃશેષ રે.' કર્મો ખપવા લાગે છે. આત્માનુભૂતિ સઘન થવા લાગે છે.

સાધનાની આ અષ્ટપદી 'અમૃત વેલ'ની સજ્ઝાયનો એક દિવ્ય પ્રસાદ છે.

• • •

સમાધિશતક ગ્રન્થ 'સમાધિ તન્ત્ર' નામના ગ્રન્થને સામે રાખીને રચાયેલ છે. પરંતુ અહીં મહોપાધ્યાયજીની અનુભૂતિ શબ્દોમાં ઊતરી આવી છે. અનુભૂતિનો એ વેગ શબ્દોમાં આટલો વરતાય છે, તો ખરેખર એ કેવો તો અદ્ભુત હશે !

આ પંક્તિઓ તો જુઓ ! 'પરપદ આતમ દ્રવ્યકું, કહન સુનન કછુ નાંહિ; ચિદાનન્દઘન ખેલહી, નિજપદ તો નિજમાંહિ...' (૧૭) તમે આત્મતત્ત્વને કહી કેમ શકો ?

અનુભૂતિપૂર્ણ આ વચનો....

• • •

'દોધક શતકે ઉદ્ધર્યું,

તંત્ર સમાધિ વિચાર;

ધરો એહ બુધ ! કંઠમેં,

ભાવ રતનકો હાર...

રત્નની માળા જેમ ગળામાં રખાય, તે રીતે ભાવરત્નોથી મઢેલ આ 'સમાધિશતક' ગ્રન્થને કંઠસ્થ કરો ! હૃદયસ્થ કરો ! આત્મસ્થ કરો !

■

## ૧૦૩

## આધાર સૂત્ર

*જ્ઞાન વિમાન ચારિત્ર પવિ,*
*નન્દન સહજ સમાધિ;*
*મુનિ સુરપતિ સમતા શચિ,*
*રંગે રમે અગાધિ...(૧૦૩)*

જ્ઞાનરૂપ વિમાનમાં મુનિરૂપી ઈન્દ્ર બેસે છે, હાથમાં ચારિત્રરૂપી વજ ધારણ કરે છે. સહજ સમાધિરૂપી નંદનવનમાં તે મુનિરૂપી ઈન્દ્ર સમતા રૂપી ઈન્દ્રાણી સાથે અગાધ આનંદ કરે છે.

# ૧૦૩

ઊર્ધ્વરેતસ્તા

'શ્રી પંચ પરમેષ્ઠિ ગીતા'માં સાધુપદના વર્ણનમાં મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ મુનિત્વના મહિમાને ઉજાગર કરતાં કહે છે :

જ્યેષ્ઠ સુત જિન તણો ઊર્ધ્વરેતા,
  ઉન્મનીભાવ-ભાવક પ્રચેતા;
અનુભવી તારક જ્ઞાનવન્ત,
  જ્ઞાનયોગી મહાશય ભદન્ત...(૧૧૩)

મુનિ. પ્રભુનો લાડલો એ દીકરો છે. બહુ મઝાનાં વિશેષણોથી તેઓ મુનિને બિરદાવે છે. 'ઊર્ધ્વરેતા...' મુનિના ચહેરાને જોતાં જ લાગે કે એમણે પોતાની શક્તિનું ઊર્ધ્વીકરણ કર્યું છે. શક્તિ નિમ્નગામિની પહેલાં હતી. મુનિવરે એ શક્તિને ઊર્ધ્વગામિની બનાવી.

મુનિના મુખ પર દેખાય છે પરમ આનંદ. અને એ પરમ આનંદની પૃષ્ઠભૂ છે આ ઊર્ધ્વરેતસ્તા.

આત્મશક્તિને ઇન્દ્રિયોના વિષયોમાં વ્યાપૃત થતા મન, વચન, કાયાના યોગોમાં તો આત્મા વાપરતો જ આવેલો. હવે એણે એ જ આત્મશક્તિને પ્રયોજી છે મન, વચન, કાયાના યોગોને શુભમાં અને પછી શુદ્ધમાં વહાવવા માટે.

આત્મશક્તિના ઉપયોગ માટે બહુ જ સરસ સૂત્ર પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે આપ્યું છે; 'વીર્ય શક્તિ અપ્રયાસ...' અનાયાસે, જે આત્મશક્તિ સ્વભણી વહ્યા કરે તે આત્મશક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ છે.

• • •

બીજું વિશેષણ મુનિનું : 'ઉન્મનીભાવભાવક પ્રચેતા.' ઉન્મનીભાવની ભાવક છે એ ચેતના. યોગસાર ગ્રન્થે ઉન્મનીભાવને સમરસમાં લય કહ્યો

છે ચેતનાનો.[1] મનને પેલે પાર ગયો સાધક એટલે સમતા આદિ સ્વગુણને એ સ્પર્શવાનો જ છે.

વિકલ્પોને કારણે ઉપયોગ સ્વભણી ફંટાતો નહોતો. તે હવે - વિકલ્પોમાંથી ઉપયોગ નીકળેલ હોવાને કારણે - સ્વભણી ફંટાયો.

• • •

ત્રીજું વિશેષણ : અનુભવી.

અનુભૂતિ થઈ છે આત્મતત્ત્વની મુનિરાજને. ભીતર છે ઝળાંહળાં. બહારી પ્રકાશનું હવે શું પ્રયોજન ? ભીતરની સ્થિતિને શબ્દોમાં તો પ્રગટ કરી શકાય તેમ નથી જ. એને તો અનુભવી જ શકાય.

• • •

ચોથું વિશેષણ : તારક-જ્ઞાનવન્ત.

અનુભૂતિવાન વ્યક્તિ જ બીજાને અનુભૂતિની દુનિયા તરફ લઈ જઈ શકે ને !

અનુભૂતિ વગરનો માણસ શું કરે ?

રામકૃષ્ણ પરમહંસ કહેતા કે આંધળાઓ - જન્માન્ધ માણસો - ભેગા થયા અને પ્રકાશની ચર્ચા કરવા લાગ્યા. એક કહે : મને મારા સંબંધીએ કહ્યું છે કે પ્રકાશ પીળો છે. બીજો કહે : લાલ છે. ત્રીજો કહે : કેસરી છે. અને પછી –

---

૧. उन्मनीकरणं तद् यद् मुनेः शमरसे लयः ।    - યોગસાર

ચર્ચા, મરચાં અને કરચા... ચર્ચા પછી તીખા-કડવા શબ્દોના મરચાં ઊડે અને એ પછી મારામારી થાય તો હાડકાની કરચો થાય.

એ તો માંડ્યા લડવા. લાકડીઓથી એકમેકનું માથું ભાંગવા લાગ્યા.

આંધળાઓ. અને પ્રકાશની ચર્ચા ! પરિણામ બીજું શું આવે ?

મુનિ અનુભૂતિવાન છે અને એટલે બીજાને અનુભૂતિના પ્રકાશભણી લઈ જઈ શકે છે. મુનિરાજ છે તારક-જ્ઞાનવન્ત. બીજાને તરાવવાની વિદ્યામાં નિપુણ.

• • •

પાંચમું વિશેષણ : જ્ઞાનયોગી. જ્ઞાનયોગને વિશેષરૂપે સ્વીકારનાર જ્ઞાનયોગી.

હવે એમનો યોગ - જીવન વ્રત છે આત્મજ્ઞાન. આત્માનુભૂતિ. તેઓ હવે અનુભૂતિના ઊંડાણ તરફ સરકી રહ્યા છે.

• • •

છઠ્ઠું વિશેષણ : મહાશય.

મહાશય. જેમનું હૃદય ઉદાર છે તેવા છે આ મુનિરાજ. 'एगे आया...' ની આ અનુભૂતિ. આત્મતત્ત્વ એક જ છે. આથી, બીજાને સુખ આપવાની વૃત્તિ સતત રહ્યા કરે. દ્રવ્યદયાની સાથે ભાવદયા પણ ઉમેરાય. અને એટલે જ સાધકની ભાવના હોય છે : શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ, દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવંતુ લોકાઃ...' લોકો પર કલ્યાણમાં રક્ત બનો. બધાના દોષો નષ્ટ થાઓ !

• • •

સાતમું વિશેષણ : ભદન્ત.

ભદન્ત એટલે ભગવન્ત. ઐશ્વર્યથી યુક્ત છે મુનિરાજ. દુનિયામાં કોઈ પણ વ્યક્તિની પાસે ઐશ્વર્ય હોય તો તે છે મુનિ. 'જ્યેષ્ઠ સુત જિન તણો' છે ને ! પ્રભુના બાળ પાસે ઐશ્વર્ય હોય જ ને !

'મધુરાધિપતેરખિલં મધુરમ્' તો મધુરાધિપતિબાલસ્યાપ્યખિલં મધુરમ્' જ રહેવાનું ને ! પ્રભુનું બધું મધુર, તો પ્રભુના બાળનું પણ એવું જ હોય ને !

• • •

આ પૃષ્ઠભૂ પર કડી ખોલીએ :

જ્ઞાન વિમાન ચારિત્ર પવિ,
નન્દન સહજ સમાધિ;
મુનિ સુરપતિ સમતા શચિ,
રંગે રમે અગાધિ.

મુનિરાજના ઐશ્વર્યનું મોહક વર્ણન અહીં છે. મુનિરાજને ઇન્દ્રની ઉપમા આપી. 'મુનિ સુરપતિ.' ઐશ્વર્યવાન હોય તે ઈન્દ્ર. તો મુનિરાજ ઐશ્વર્યથી પૂર્ણ છે જ.

ઈન્દ્રને વિમાન હોય છે. મુનિરાજ પાસે જ્ઞાનનું વિમાન છે. તેઓ સમ્યગ્જ્ઞાનની - જ્ઞાતાભાવની દુનિયામાં મઝાથી વિહરી રહ્યા છે.

મુનિરાજ પાસે ચારિત્રરૂપી વજ્ર છે. વજ્ર અભેદ્ય હોય છે. મુનિરાજનું ચારિત્ર પણ અત્યંત ચુસ્ત છે. વજ્ર દ્વારા ઈન્દ્ર શત્રુઓને નષ્ટ કરી શકે છે. મુનિરાજ ચારિત્ર દ્વારા પર-પરિણતિને દૂર કરી દે છે.

સહજ સમાધિરૂપી નન્દનવનમાં મુનિરાજ મહાલે છે. સ્વાનુભૂતિની દુનિયામાં બીજું શું હોય ? – સિવાય કે સમાધિ. પરમ આનન્દ.

સમતારૂપી ઈન્દ્રાણી સાથે મુનિરૂપ ઈન્દ્ર અગાધ - ઊંડી ક્રીડાની પળોમાં ખોવાઈ જાય છે. સમતાની ઊંડી પળોમાં ખોવાવાનું. કેવી મઝાની આ મસ્તી ! કેવો સરસ આ કેફ !

■

## ૧૦૪

## આધાર સૂત્ર

*કવિ જસવિજયે એ રચ્યો,*
*દોધક શતક પ્રમાણ;*
*એહ ભાવ જો મન ધરે,*
*સો પાવે કલ્યાણ...(૧૦૪)*

કવિ યશોવિજયજી (મહોપાધ્યાય યશોવિજયજી) એ દોધક છન્દમાં સો શ્લોક પ્રમાણ આ ગ્રન્થ રચ્યો છે. આ ગ્રન્થના ભાવને જે મનમાં ધારણ કરશે તે કલ્યાણને પામશે.

પ્રત B - F માં આ ગાથા નવી મળે છે.
મતિ સર્વંગ સમુદ્ર હૈ
સ્યાદ્વાદ નય શુદ્ધ
ષટ્દર્શન નદીયાં કહી
જાણે નિશ્ચય બુધ (૧૦૫)

# ૧૦૪

'તબ દેખે નિજ રૂપ'

યમથી લઈને સમાધિ[1] સુધીના આઠ અંગોવાળા યોગને બે અંગોમાં સમાવતાં મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે 'સમતાશતક'માં કહ્યું :

---

૧. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ.

ઉદાસીનતા પરિનયન, જ્ઞાન ધ્યાન રંગરોલ;
અષ્ટ અંગ મુનિયોગકું, એહી અમૃત નીચોલ. (૫)

ઉદાસીનભાવની પ્રાપ્તિ અને જ્ઞાન-ધ્યાનમાં એકાકારતા આ બે અંગોમાં અષ્ટાંગ યોગ આવી ગયો.

ઉદાસીનતા આત્મસાત્ થાય ત્યારે શું થાય એનું મઝાનું વર્ણન પણ 'સમતાશતક'માં છે :

ઉદાસીનતા મગન હુઈ, અધ્યાતમ રસ કૂપ;
દેખે નહિ કછુ ઔર જબ, તબ દેખે નિજ રૂપ. (૮૨)

ઉદાસીનતા ઘૂંટાઈ... પરમાં જવાનું ન રહ્યું. હવે ? હવે બસ, નિજરૂપને જોવાનું છે. આ પંક્તિ કેટલી તો હૃદયને રણઝણાવનારી છે ! 'દેખે નહિ કછુ ઔર જબ, તબ દેખે નિજ રૂપ...'

જ્યારે બીજું કંઈ ન દેખાય, બીજાને જોવાનો રસ ગયો; નિજ રૂપ દેખાશે.

'સમતાશતક'માં આ ઉદાસીન દશાની વ્યાખ્યા પણ કેટલી મઝાની થઈ છે !

'અનાસંગ મતિ વિષયમેં, રાગદ્વેષકો છેદ;
સહજ ભાવમેં લીનતા, ઉદાસીનતા ભેદ. (૬)

ઇન્દ્રિયોના વિષયોમાંથી રસ લુપ્ત થવો એ ઉદાસીન દશા. પરમ રસની આછી સી ઝલક મળી; ને પર-રસ થયો વિલુપ્ત.

આના કારણે રાગ-દ્વેષ શિથિલ બને છે અને સહજભાવમાં સાધક લીન બને છે.

• • •

સમાધિશતકની અન્તિમ કડી :

કવિ જસવિજયે એ રચ્યો,
દોધક શતક પ્રમાણ;
એહ ભાવ જો મન ધરે,
સો પાવે કલ્યાણ.

ફાધર વાલેસે ક્યાંક આવા ભાવનું લખેલું : પદને અન્તે 'ભણે નરસૈંયો' કે 'નરસૈંયાના સ્વામી...' ન લખાયું હોય તો પણ એ રચના જ કહી આપે કે એ નરસિંહ મહેતાની છે. ભાવોને અભિવ્યક્ત કરવાની અલગ હથોટી, અલગ અંદાજ વરતાઈ આવે.

એકસો ચારમા દુહામાં 'કવિ જસવિજયે એ રચ્યો...' આવે છે. પણ એક પણ દુહો લો; તમને ત્યાં વાચક જસની અનુભવ વાણી દેખાશે જ. જેવું આ પ્રકરણના આરંભમાં મુકાયેલ મહોપાધ્યાયજીની 'સમતાશતક'ની કડીઓ વાંચતાં આપણને થયું. વાંચતાં જ લાગે કે આ તો મહોપાધ્યાયજીની જ પ્રસાદી.

મહોપાધ્યાયજીએ ભાવોને શબ્દોમાં મૂક્યા; હવે આપણે - ભાવકોએ એ શબ્દોને ફરી ભાવોની દુનિયામાં લઈ જવાના છે.

એક એક કડીનો ઉચ્ચાર કરતાં, કડીમાં લખેલ ભાવની અનુભૂતિ આપણને થાય એવું પ્રાર્થીએ.

■

## પરિશિષ્ટ-૧

### સ્વાધ્યાયની ક્ષણોની આરપાર

# આપણી બાંસુરી, 'એ'ના હોઠ...

મુંબઈ, ગોવાલિયા ટેન્ક સંઘના આરાધના ભવનમાં ચાતુર્માસ (વિ.સં. ૨૦૬૬)માં વહેલી સવારની વાચનામાં 'સમાધિશતક' પર બોલાવાનું શરૂ થયું. ઘણા ભાવકોએ 'સમાધિશતક'ની પ્યારી કડીઓને ગુનગુનાવીને કહ્યું કે ગુજરાતી ભાષામાં આટલી સરસ સાધનાકૃતિ છે, એ અમે પહેલીવાર જાણ્યું.

હું પોતે તો 'સમાધિશતક'ના સમ્મોહનમાં વર્ષોથી પડેલો છું. એક એક કડીએ, એક એક ચરણે એક મધુરો ઝંકાર... 'આતમજ્ઞાને મગન જો, સો સબ પુદ્‌ગલ ખેલ; ઈન્દ્રજાળ કરી લેખવે, મિલે ન તિહાં મનમેલ...'(૪) આત્માનુભૂતિને શબ્દોમાં અભિવ્યક્ત કરવાની આ કેવી તો મોહક રીત !

અને આ કડી ઉચ્ચારતાં તો 'અદ્‌ભુત અદ્‌ભુત' જ બોલી ઉઠાય : 'યા બિન તું સૂતો સદા, યોગે ભોગે જેણ; રૂપ અતીન્દ્રિય તુજ તે, કહી શકે કહો કેણ ?'(૨૨) આત્મસ્વરૂપને કોણ કહી શકે ? હા, એને અનુભવી શકાય.

અને એવો અનુભવી પુરુષ આપણી વચ્ચે - પ્રાકૃત લોકો વચ્ચે કઈ રીતે રહે ? 'જ્ઞાનીકું જગમેં રહ્યો, યું નહિ કોઈ સંબંધ.'(૨૪) એનો નાતો અખિલાઈ સાથે જોડાઈ ગયો છે. વિશ્વેશ્વર સાથે જેનો સંબંધ રચાઈ ગયો; એનો કેફ જ કોઈ અલગ હોય છે. પૂ. ચિદાનન્દજી મહારાજ યાદ આવે : 'જિને એ પિયાલા પિયા તિનકું, ઔર કેફ રતિ કૈસી ?' પરમાત્મપ્રીતિનો પરમરસ જેણે પીધો એને હવે બીજો કયો કેફ બાકી રહ્યો ?

હું 'સમાધિશતક'ના કેફમાં રહ્યો. અને એના દ્વારા પ્રભુના, એ પરમપ્યારાના કેફમાં.

• • •

પૂરું ચાતુર્માસ 'સમાધિશતક' પર બોલવાનું થયું. એટલે ભીતર એનાં જ સ્પન્દનો ચાલતાં રહ્યાં. એની જ કડીઓએ હૃદયનો કબજો લઈ લીધો. અને એથી જ, ચાતુર્માસ ઊતર્યે, વિહારયાત્રા શરૂ થઈ અને લખાવાનું શરૂ થયું; દેખીતી રીતે, એ 'સમાધિશતક' પર જ થયું.

આ અગાઉ એકાવન કડીઓ પર લખેલ વિવેચનાને સામે રાખીને નવેસરથી જ લખાવાનું શરૂ થયું.

• • •

લખતાં પહેલાં કોઈ જ વિચાર નહોતો રહેતો. કડી વંચાય અને કડી જે કહેવા માગતી હોય તે કાગળ પર વિસ્તર્યા કરે. આમ પણ, હું તો લહિયો જ છું ને ! 'એ' લખાવે, હું લખું.

યાદ આવે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજી. સામે લહિયાઓ બેઠા હોય અને પોતે લખાવ્યે જતા હોય. આ જ સન્દર્ભમાં, મેં મિત્રવર આચાર્યશ્રી

રત્નસુન્દર સૂરિજીને કહેલું : આપણે તો લહિયા છીએ; લેખક/સર્જક તરીકે પુસ્તકમાં આપણું નામ આવે છે, તે ડંખે છે.

સર્જન 'એ'નું. પરમાત્માએ સમવસરણમાં દેશના આપી. ગણધર ભગવંતોએ એને શબ્દદેહ આપ્યો. એ પર મહાપુરુષોનો સ્વાધ્યાય ચાલ્યો. આપણને જે મળે છે, એ આ બધાનું દોહન મળે છે. કૃતિકાર તેઓ છે. કૃતિત્વ મારું ક્યાંથી ?

યાદ આવે હરિભદ્રસૂરિ મહારાજા. યોગશતકની ટીકાના પ્રારંભમાં તેઓશ્રી લખે છે : योगशतकस्य व्याख्या प्रस्तूयते । યોગશતકની વ્યાખ્યા કરાય છે. હું કરું છું એમ પણ નહિ, મારા વડે કરાય છે એમ પણ નહિ; કરાય છે... અહીં કર્તા ગેરહાજર છે. ક્રિયા દશ્યમાન છે.

પેલા સંતનો ઉત્તર યાદ આવે. એમને પુછાયેલું કે સાધનાના પ્રારંભ કાળમાં પણ તમે ખાતા હતા, પીતા હતા, સુતા હતા; આજે તમારી સાધના ખૂબ ઊંચકાઈ છે, તો પણ તમારે ખાવાની, સુવાની ક્રિયા કરવી પડે છે. ફરક શો પડ્યો ? એમણે કહેલું : પહેલાં હું ખાતો હતો, હું પીતો હતો... હવે ખવાય છે, સુવાય છે. કર્તા ગેરહાજર છે. ક્રિયા પ્રકટ છે.

કાર્ય રહે; કૃતિત્વ ન રહે.

• • •

એક મઝાનો દષ્ટિકોણ આ છે : આપણે જ વામણાં વ્યક્તિત્વો છીએ; આપણું કૃતિત્વ એથી પણ વામણું હશે.

તો, આપણામાંથી આપણે પ્રકટીએ એના કરતાં 'એ'ને પ્રગટવા દઈએ તો... ?

જીવનની બાંસુરી,

'એ'ના હોઠ...

રવીન્દ્રનાથ ટાગોર યાદ આવે. તેમણે પ્રાર્થનાના લયમાં કહ્યું છે : પ્રભુ ! હું તો માત્ર બાંસુરી છું. હવા થઈને, મારી ભીતરથી, તું વહ્યો છે. અને એટલે મારી ભીતર જે સંગીત સરજાયું છે, તેની માલિકીયત તારી છે.

• • •

રવીન્દ્રનાથ ટાગોરની રચનાની ક્ષણો વિષે ગુરુદયાળ મલ્લિકે કહ્યું છે : એકવાર અમે લોકો ટાગોરના ખંડમાં હતા. ટાગોર પોતે ચા આપી રહ્યા હતા બધાને. અચાનક તેમના હાથમાંથી કીટલી છટકી ગઈ. તેમની આંખ સહેજ બદલાઈ ગઈ. હું સમજી ગયો કે તેઓ 'ટ્રાન્સ'માં જઈ રહ્યા છે. મેં મિત્રોને ઈશારો કર્યો. બધા બહાર નીકળી ગયા. ખંડનો દરવાજો બંધ કરી દીધો. મેં તિરાડમાંથી જોયું તો ટાગોર લખવાના મેજ પાસે બેસીને લખતા હતા. આખા ખંડનું વાતાવરણ બદલાઈ ગયેલું, દિવ્ય લાગતું હતું...

પરા વાણીનું અવતરણ તે આ જ ને !

• • •

'સમાધિશતક'ની કડીઓ પર લખાતું ગયું. મુંબઈથી પાલીતાણા થઈને ઉત્તર ગુજરાત ભણીની વિહારયાત્રામાં પણ. પાલીતાણા (શ્રી વાવ પંથક ધર્મશાળા), રાધનપુર (પાર્શ્વભદ્રધામ તીર્થ) અને બેણપના અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવોમાં સુધર્મા પીઠ પર બેઠાં બેઠાં, ભક્તિસભર વાતાવરણને પીતાં, પીતાં પણ લખાયા કર્યું. વડોદરાના ચાતુર્માસ (વિ. ૨૦૬૭)માં સમા

રોડ, સુભાનપુરા, અલકાપુરી, નિઝામપુરા, કોઠીપોળ આદિ સંઘોમાં ભક્તિસભર કાર્યક્રમો વખતે પણ આ વિવેચના શબ્દાંકિત થયા કરી.

• • •

કૃતિત્વનો બોજ ન હોવાને કારણે, અનાયાસ લખાયા કર્યું. અનુભવ એવો થયો કે મારે લખવાનું પણ નહોતું. કલમ ચાલ્યા કરતી હતી. કડીનો અર્થ જોયો. ક્યાંથી વિવેચના શરૂ કરવી એના કશા જ ખ્યાલ વિના કલમ ચાલુ કરતો. કંઈક સૂઝતું. કહો કે કંઈક ટપકતું. અને ગાડી ચાલી !

કૃતિત્વ વિનાના કાર્યનો મઝાનો અનુભવ પ્રભુએ કરાવ્યો.

કંઈક સારું લાગે આમાં, તો એ 'એ'નું છે. કંઈક બરોબર ન હોય તો એ યશોવિજયસૂરિનું છે. એમ કહેવાય કે 'એ'ના હોઠ જ્યારે જ્યારે અડ્યા છે, ત્યારે તો મઝાનું સંગીત સર્જાયું જ છે; યશોવિજયસૂરિનું કર્તૃત્વ ક્યાંક ઉપસી ગયું હોય તો બસૂરાપણું ઊભર્યું હશે.

• • •

મુંબઈ, દરિયા કાંઠેથી શરૂ થયેલી 'સમાધિશતક' પરની આ સંવેદના-યાત્રા આજે અહીં મારી જન્મભૂમિ, ઝીંઝુવાડામાં - રણના કાંઠે - પૂરી થઈ. મારી જન્મભૂમિના દાદા પરમતારક શ્રી શાન્તિનાથ પ્રભુનાં ચરણોમાં આ કૃતિનું પુષ્પ સાદર સમર્પિત કરું છું; તેમની પ્રતિષ્ઠાની સાલગીરીના પવિત્ર દિવસે.

મહા સુદિ-૧૦, ૨૦૬૮ — **યશોવિજયસૂરિ**

ઝીંઝુવાડા

■

## પરિશિષ્ટ-૨

*સમરી ભગવતી ભારતી, પ્રણમી જિન જગબંધુ;*
*કેવળ આતમ-બોધકો, કરશું સરસ પ્રબંધ... (૧)*

*કેવળ આતમ-બોધ હૈ, પરમારથ શિવપંથ;*
*તામેં જિનકું મગનતા, સો હિ ભાવ નિર્ગ્રન્થ...(૨)*

*ભોગ જ્ઞાન જ્યું બાલકો, બાહ્ય જ્ઞાનકી દોર;*
*તરુણભોગ અનુભવ જિસ્યો, મગન ભાવ કછુ ઓર...(૩)*

*આતમજ્ઞાને મગન જો, સો સબ પુદ્‌ગલ ખેલ;*
*ઈન્દ્રજાળ કરી લેખવે, મિલે ન તિહાં મનમેલ...(૪)*

*જ્ઞાન બિના વ્યવહારકો, કહા બનાવત નાચ?*
*રતન કહો કોઉ કાચકું, અંત કાચ સો કાચ...(૫)*

*રાચે સાચે ધ્યાનમેં, યાચે વિષય ન કોઈ;*
*નાચે માચે મુગતિ રસ, આતમજ્ઞાની સોઈ...(૬)*

*બાહિર અંતર પરમ એ, આતમ-પરિણતિ તીન;*
*દેહાદિક આતમ-ભરમ, બહિરાતમ બહુ દીન... (૭)*

*ચિત્તદોષ આતમ-ભરમ, અંતર આતમ ખેલ;*
*અતિ નિર્મલ પરમાતમા, નહિ કર્મકો ભેલ... (૮)*

*નરદેહાદિક દેખકે, આતમજ્ઞાને હીન;*
*ઈન્દ્રિયબળ બહિરાતમા, અહંકાર મન લીન... (૯)*

અલખ નિરંજન અકળ ગતિ, વ્યાપી રહ્યો શરીર;
લખ સુજ્ઞાને આતમા, ખીર લીન જ્યું નીર... (૧૦)

અરિ-મિત્રાદિક કલ્પના, દેહાતમ અભિમાન;
નિજ-પર તનુ સંબંધ મતિ, તાકો હોત નિદાન... (૧૧)

દેહાદિક આતમ-ભ્રમે, કલ્પે નિજ-પર ભાવ;
આતમજ્ઞાની જગ લહે, કેવળ શુદ્ધ સ્વભાવ... (૧૨)

સ્વ-પર વિકલ્પે વાસના, હોત અવિદ્યારૂપ;
તાતેં બહુરી વિકલ્પમય, ભરમજાલ અંધકૂપ... (૧૩)

પુત્રાદિકકી કલ્પના, દેહાતમ ભ્રમ મૂલ;
તાકું જડ સંપત્તિ કહે, હહા મોહ પ્રતિકૂલ... (૧૪)

યા ભ્રમમતિ અબ છાંડિ દો, દેખો અંતરદૃષ્ટિ;
મોહદૃષ્ટિ જો છોડિયે, પ્રગટે નિજગુણ સૃષ્ટિ... (૧૫)

રૂપાદિકકો દેખવો, કહન કહાવન કૂટ;
ઈન્દ્રિય યોગાદિક બલે, એ સબ લૂટાલૂટ (૧૬)

પર-પદ આતમ દ્રવ્યકું, કહન સુનન કછુ નાંહિ;
ચિદાનન્દઘન ખેલહી, નિજ-પદ તો નિજમાંહિ...(૧૭)

ગ્રહણ-અયોગ્ય ગ્રહે નહિ, ગ્રહ્યો ન છોડે જેહ;
જાણે સર્વ સ્વભાવને, સ્વ-પર પ્રકાશક તેહ... (૧૮)

રૂપેકે ભ્રમ સીપમેં, જ્યું જડ કરે પ્રયાસ;
દેહાતમ-ભ્રમતેં ભયો, ત્યું તુજ કૂટ અભ્યાસ. (૧૯)

મિટે રજત-ભ્રમ સીપમેં, જન પ્રવૃત્તિ જિમ નાંહિ;
ન રમે આતમ-ભ્રમ મિટે, ત્યું દેહાદિકમાંહિ ... (૨૦)

ફિરે અબોધે કંઠગત, ચામીકરકે ન્યાય;
જ્ઞાન-પ્રકાશે મુગતિ તુજ, સહજ સિદ્ધ નિરુપાય...(૨૧)

યા બિન તું સૂતો સદા, યોગે ભોગે જેણ;
રૂપ અતીન્દ્રિય તુજ તે, કહી શકે કહો કેણ ... ? (૨૨)

દેખે ભાખે ઓર કરે, જ્ઞાની સબ હિ અચંભ;
વ્યવહારે વ્યવહારસ્યું, નિશ્ચયમેં થિર થંભ ... (૨૩)

જગ જાણે ઉન્મત્ત ઓ, ઓ જાણે જગ અંધ:
જ્ઞાનીકું જગમેં રહ્યો, યું નહિ કોઈ સંબંધ... (૨૪)

યા પરછાંહી જ્ઞાનકી, વ્યવહારે જ્યું કહાઈ;
નિર્વિકલ્પ તુજ રૂપમેં, દ્વિધાભાવ ન સુહાઈ ... (૨૫)

યું બહિરાતમ છાંડિકે, અંતર-આતમ હોઈ;
પરમાતમ મતિ ભાવીએ, જિહાં વિકલ્પ ન કોઈ ... (૨૬)

સોમેં યા દૃઢ વાસના, પરમાતમ પદ હેત;
ઈલિકા ભ્રમરી ધ્યાન ગતિ, જિનમતિ જિનપદ દેત ... (૨૭)

ભારે ભયપદ સો હિ હૈ, જિહાં જડકો વિશ્વાસ;
જિનસું ઓ ડરતો ફિરે, સો હિ અભયપદ તાસ ... (૨૮)

ઈન્દ્રિયવૃત્તિ નિરોધ કરી, જો ખિનુ ગલિત વિભાવ;
દેખે અંતર-આતમા, સો પરમાતમ ભાવ ... (૨૯)

દેહાદિકથેં ભિન્ન મૈં, મોથેં ન્યારે તેહુ;
પરમાતમ-પથ દીપિકા, શુદ્ધ ભાવના એહુ ... (૩૦)

ક્રિયા-કષ્ટભી નહુ લહે, ભેદજ્ઞાનસુખવંત;
યા બિન બહુવિધ તપ કરે, તોભી નહિ ભવઅંત ... (૩૧)

અભિનિવેશ પુદ્ગલ વિષય, જ્ઞાનીકું કહાં હોત ?
ગુણકો ભી મદ મિટ ગયો, પ્રગટત સહજ ઉદ્યોત ... (૩૨)

ધર્મક્ષમાદિક ભી મિટે, પ્રગટત ધર્મસંન્યાસ;
તો કલ્પિત ભવભાવમેં, ક્યું નહિ હોત ઉદાસ ... (૩૩)

રજ્જુ અવિદ્યા-જનિત અહિ, મિટે રજ્જુકે જ્ઞાન;
આતમજ્ઞાને ત્યું મિટે, ભાવ અબોધ નિદાન ... (૩૪)

ધર્મ અરૂપી દ્રવ્યકે, નહિ રૂપી પર હેત;
અપરમ ગુન રાચે નહિ, યું જ્ઞાની મતિ દેત ... (૩૫)

નૈગમ નયકી કલ્પના, અપરમ-ભાવ વિશેષ;
પરમ-ભાવમેં મગનતા, અતિ વિશુદ્ધ નયરેખ ... (૩૬)

રાગાદિક જબ પરિહરી, કરે સહજ ગુણખોજ;
ઘટમેં ભી પ્રગટે તદા, ચિદાનન્દકી મોજ ... (૩૭)

રાગાદિક પરિણામયુત, મન હિ અનન્ત સંસાર;
તેહિ જ રાગાદિક રહિત, જાને પરમ-પદ સાર ... (૩૮)

ભવપ્રપંચ મન-જાળકી, બાજી જૂઠી મૂળ;
ચાર પાંચ દિન ખુશ લગે, અંત ધૂળકી ધૂળ...(૩૯)

મોહ બાગુરી જાલ મન, તામેં મૃગ મત હોઉ;
યામેં જે મુનિ નહિ પરે, તાકું અસુખ ન કોઉ ... (૪૦)

જબ નિજ મન સન્મુખ હુએ, ચિંતે ન પર ગુણ-દોષ;
તબ બહુરાઈ લગાઈએ, જ્ઞાનધ્યાન રસ પોષ...(૪૧)

અહંકાર પરમેં ધરત, ન લહે નિજ ગુણગંધ;
અહંજ્ઞાન નિજ ગુણ લગે, છૂટે પરહી સંબંધ...(૪૨)

અર્થ ત્રિલિંગી પદ લહે, સો નહિ આતમરૂપ;
તો પદ કરી ક્યું પાઈએ, અનુભવગમ્ય સ્વરૂપ...(૪૩)

દિશિ દાખી નવિ ડગ ભરે, નય પ્રમાણ પદ કોડિ;
સંગ ચલે શિવપુર લગે, અનુભવ આતમ જોડિ...(૪૪)

આતમગુણ અનુભવતભી, દેહાદિકથેં ભિન્ન;
ભૂલે વિભ્રમ-વાસના, જોરે ફિરે ફિરે ખિન્ન...(૪૫)

*દેખે સો ચેતન નહિ, ચેતન નાંહિ દેખાય;*
*રોષ તોષ કિનસું કરે, આપ હિ આપ બુઝાય...(૪૬)*

*ત્યાગ-ગ્રહણ બાહિર કરે, મૂઢ કુશલ અંતરંગ;*
*બાહિર-અંતર સિદ્ધકું, નહિ ત્યાગ અરુ સંગ...(૪૭)*

*આતમજ્ઞાને મન ધરે, વચન-કાય-રતિ છોડ;*
*તો પ્રગટે શુભ વાસના, ગુણ અનુભવકી જોડ...(૪૮)*

*યોગારંભીકું અસુખ, અંતર બાહિર સુખ;*
*સિદ્ધ-યોગકું સુખ હે અંતર, બાહિર દુઃખ...(૪૯)*

*સો કહીએ સો પૂછીએ, તામેં ધરિયે રંગ;*
*યાતેં મિટે અબોધતા, બોધરૂપ હુઈ ચંગ...(૫૦)*

*નહિ કછુ ઈન્દ્રિય વિષયમેં, ચેતનકું હિતકાર;*
*તોભી જન તામેં રમે, અંધો મોહ અંધાર...(૫૧)*

*મૂઢાતમસું તે પ્રબળ, મોહે છાંડિ શુદ્ધિ;*
*જાગત હૈ મમતા ભરે, પુદ્‌ગલમેં નિજ-બુદ્ધિ...(૫૨)*

*તાકું બોધન-શ્રમ અફલ, જાકું નહિ શુભ યોગ;*
*આપ આપકું બૂઝવે, નિશ્ચય અનુભવ ભોગ...(૫૩)*

*- પરકો કિસ્યો બુઝાવનો, તૂં પરગ્રહણ ન લાગ;*
*ચાહે જેમેં બૂઝનો, સો નહિ તુજ ગુણભાગ...(૫૪)*

*જબલોં પ્રાની નિજ મતે, ગ્રહે વચન-મન-કાય;*
*તબલોં હિ સંસાર થિર, ભેદજ્ઞાન મિટી જાય...(૫૫)*

*સૂક્ષ્મ ઘન જીરન નવે, જ્યું કપરે ત્યું દેહ;*
*તાતેં બુધ માને નહિ, અપની પરિણતિ તેહ...(૫૬)*

*હાનિ વૃદ્ધિ ઉજ્વલ મલિન, જ્યું કપરે ત્યું દેહ;*
*તાતેં બુધ માને નહિ, અપની પરિણતિ તેહ...(૫૭)*

જૈસે નાશ ન આપકો, હોત વસ્ત્રકો નાશ;
તૈસે તનુકે નાશતેં, ચેતન અચલ અનાશ...(૫૮)

જંગમ જગ થાવર પરે, જાકું ભાસે નિત્ત;
સો ચાખે સમતા સુધા, અવર નહિ જડચિત્ત...(૫૯)

મુગતિ દૂર તાકું નહિ, જાકું સ્થિર સંતોષ;
દૂર મુગતિ તાકું સદા, જાકું અવિરતિ પોષ...(૬૦)

હોત વચન મન ચપળતા, જન કે સંગ નિમિત્ત;
જન-સંગી હોવે નહિ, તાતેં મુનિ જગમિત્ત...(૬૧)

વાસ નગર વન કે વિષે, માને દુવિધ અબુધ;
આતમદર્શીકું વસતિ, કેવલ આતમ શુધ...(૬૨)

આપ-ભાવના દેહમેં, દેહાન્તર ગતિ હેત;
આપ-બુદ્ધિ જો આપમેં, સો વિદેહ પદ દેત...(૬૩)

ભવિ શિવપદ દેઈ આપકું, આપહી સન્મુખ હોઈ;
તાતેં ગુરુ હૈ આતમા, અપનો ઔર ન કોઈ...(૬૪)

સોવત હૈ નિજ ભાવમેં, જાગે તે વ્યવહાર;
સૂતો જે વ્યવહારમેં, સદા સ્વરૂપાધાર...(૬૫)

અંતર ચેતન દેખકે, બાહિર દેહ સ્વભાવ;
તાકે અંતર જ્ઞાનતેં, હોઈ અચલ દૃઢભાવ...(૬૬)

ભાસે આતમજ્ઞાન ધુરી, જગ ઉન્મત્ત સમાન;
આગે દૃઢ અભ્યાસતેં, પથ્થર તૃણ અનુમાન...(૬૭)

ભિન્ન દેહતેં ભાવીએ, ત્યું આપહીમેં આપ;
જ્યું સ્વપ્નહીમેં નવિ હુએ, દેહાતમ ભ્રમ તાપ...(૬૮)

પુણ્ય પાપ વ્રત અવ્રત, મુગતિ દોઉકે ત્યાગ;
અવ્રત પરે વ્રત ભી તજે, તાતેં ધરી શિવરાગ...(૬૯)

પરમ ભાવ પ્રાપ્તિ લગે, વ્રત ધરી અવ્રત છોડી;
પરમ ભાવ રતિ પાયકે, વ્રત ભી ઈનમેં જોડી...(૭૦)

દહન સમે જ્યું તૃણ દહે, ત્યું વ્રત અવ્રત છેદી;
ક્રિયા શક્તિ ઈનમેં નહિ, યા ગતિ નિશ્ચય ભેદી...(૭૧)

વ્રત ગુણ ધારત અવ્રતી, વ્રતી જ્ઞાન ગુણ હોઈ;
પરમાતમકે જ્ઞાનતેં, પરમ આતમા હોઈ...(૭૨)

લિંગ દેહ આશ્રિત રહે, ભવ કો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ, લિંગ-પક્ષ-રત જેહ...(૭૩)

જાતિ દેહ આશ્રિત રહે, ભવ કો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ, જાતિ-પક્ષ-રત જેહ...(૭૪)

જાતિ-લિંગ કે પક્ષમેં, જિનકું હૈ દૃઢ રાગ;
મોહજાલમેં સો પરેં, ન લહે શિવસુખ ભાગ...(૭૫)

લિંગ દ્રવ્ય ગુન આદરે, નિશ્ચય સુખ વ્યવહાર;
બાહ્ય લિંગ હઠ નય મતિ, કરે મૂઢ અવિચાર...(૭૬)

ભાવલિંગ જાતેં ભયે, સિદ્ધ પનરસ ભેદ;
તાતેં આતમકું નહિ, લિંગ ન જાતિ ન વેદ...(૭૭)

પંગુદૃષ્ટિ જ્યું અંધમેં, દૃષ્ટિભેદ નહુ દેત;
આતમદૃષ્ટિ શરીરમેં, ત્યું ન ધરે ગુન હેત...(૭૮)

સ્વપ્ન વિકલતાદિક દશા, ભ્રમ માને વ્યવહાર;
નિશ્ચય નયમેં દોષક્ષય, વિના સદા ભ્રમચાર...(૭૯)

છૂટે નહિ બહિરાતમા, જાગત ભી પઢિ ગ્રન્થ;
છૂટે ભવથેં અનુભવી, સુપન-વિકલ નિર્ગ્રન્થ...(૮૦)

પઢિ પાર કહાં પાવનો, મિટ્યો ન મન કો ચાર;
જ્યું કોલ્હુંકે બેલકું, ઘરહી કોસ હજાર...(૮૧)

જિહાં બુદ્ધિ થિર પુરુષ કી, તિહાં રુચિ તિહાં મન લીન;
આતમ-મતિ આતમ-રુચિ, કાહુ કૌન અધીન ?...(૮૨)

સેવત પરમ પરમાતમા, લહે ભવિક તસ રૂપ;
બતિયાં સેવત જ્યોતિકું, હોવત જ્યોતિ સ્વરૂપ...(૮૩)

આપ આપમેં સ્થિત હુએ, તરુથેં અગ્નિ ઉદ્યોત;
સેવત આપ હિ આપકું, ત્યું પરમાતમ હોત...(૮૪)

યાહિ પરમ પદ ભાવિએ, વચન અગોચર સાર;
સહજ જ્યોતિ તો પાઈયે, ફિર નહિ ભવ અવતાર...(૮૫)

જ્ઞાનીકું દુઃખ કછુ નહિ, સહજ સિદ્ધ નિર્વાણ;
સુખ પ્રકાશ અનુભવ ભએ, સબહિ ઠોર કલ્યાણ...(૮૬)

સુપન-દૃષ્ટિ સુખ નાશથેં, જ્યું દુઃખ ન લહે લોક;
જાગર-દૃષ્ટ વિનષ્ટ મેં, ત્યું બુધકું નહિ શોક...(૮૭)

સુખ-ભાવિત દુઃખ પાયકે, ક્ષય પાવે જગજ્ઞાન;
ન રહે સો બહુ તાપમેં, કોમલ ફૂલ સમાન...(૮૮)

દુઃખ-પરિતાપે નવિ ગલે, દુઃખ-ભાવિત મુનિ જ્ઞાન;
વજ્ર ગલે નવિ દહનમેં, કંચનકે અનુમાન...(૮૯)

તાતેં દુઃખસું ભાવિએ, આપ શક્તિ અનુસાર;
તો દૃઢતર હુઈ ઉલ્લસે, જ્ઞાન ચરણ આચાર...(૯૦)

રનમેં લરતે સુભટ જ્યું, ગિને ન બાનપ્રહાર;
પ્રભુરંજનકે હેતુ ત્યું, જ્ઞાની અસુખ પ્રચાર...(૯૧)

વ્યાપારી વ્યાપારમેં, સુખ કરી માને દુઃખ;
ક્રિયા-કષ્ટ સુખમેં ગિને, ત્યું વાંછિત મુનિ સુખ...(૯૨)

ક્રિયા યોગ અભ્યાસ હૈ, ફલ હૈ જ્ઞાન અબંધ;
દોનુંકું જ્ઞાની ભજે, એકમતિ તે અંધ....(૯૩)

ઈચ્છા શાસ્ત્ર સમર્થતા, ત્રિવિધ યોગ હૈ સાર;
ઈચ્છા નિજ શક્તે કરી, વિકલ યોગ વ્યવહાર...(૯૪)

શાસ્ત્રયોગ ગુન-ઠાણકો, પૂરન વિધિ આચાર;
પદ અતીત અનુભવ કહ્યો, યોગ તૃતીય વિચાર....(૯૫)

રહે યથા બલ યોગમેં, ગ્રહે સકલ નય સાર;
ભાવ જૈનતા સો લહે, વહે ન મિથ્યાચાર....(૯૬)

મારગ અનુસારી ક્રિયા, છેદે સો મતિહીન;
કપટક્રિયા બલ જગ ઠગે, સો ભી ભવજલ મીન....(૯૭)

નિજ નિજ મતમેં લરી પડે, નયવાદી બહુ રંગ;
ઉદાસીનતા પરિણમે, જ્ઞાનીકું સરવંગ....(૯૮)

દોઉ લરે તિહાં ઈક પરે, દેખનમેં દુઃખ નાંહિ;
ઉદાસીનતા સુખ-સદન, પરપ્રવૃત્તિ દુઃખ છાંહિ...(૯૯)

ઉદાસીનતા સુરલતા, સમતારસ ફલ ચાખ;
પર-પેખનમેં મત પરે, નિજગુણ નિજમેં રાખ...(૧૦૦)

ઉદાસીનતા જ્ઞાન-ફલ, પરપ્રવૃત્તિ હૈ મોહ;
શુભ જાનો સો આદરો, ઉદિત વિવેક પ્રરોહ...(૧૦૧)

દોધક શતકે ઉદ્ધર્યું, તંત્ર સમાધિ વિચાર;
ધરો એહ બુધ ! કંઠમેં, ભાવ રતનકો હાર...(૧૦૨)


જ્ઞાન વિમાન ચારિત્ર પવિ, નન્દન સહજ સમાધિ;
મુનિ સુરપતિ સમતા શચિ, રંગે રમે અગાધિ...(૧૦૩)


કવિ જસવિજયે એ રચ્યો, દોધક શતક પ્રમાણ;
એહ ભાવ જો મન ધરે, સો પાવે કલ્યાણ...(૧૦૪)

• • •

## પ.પૂ.આચાર્ય યશોવિજયસૂરિ મહારાજ દ્વારા લખાયેલ પુસ્તકો

- **દરિસન તરસીએ ..... ભા. ૧-૨ (દ્વિતીય આવૃત્તિ)**
  (ભાગવતી સાધનાની સસૂત્ર વ્યાખ્યા)
- **'બિછુરત જાયે પ્રાણ .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ સિદ્ધર્ષિ મહારાજ કૃત જિનસ્તવના પર સંવેદના)
- **'આતમજ્ઞાની શ્રમણ કહાવે .....'**
  (ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫મા સભિક્ખુ અધ્યયન ઉપર સંવેદના)
- **'મેરે અવગુન ચિત્ત ન ધરો .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (કુમારપાળ ભૂપાળ કૃત 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા' પર સંવેદના)
- **ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે .....**
  (શ્રી આનંદઘનજી મહારાજની સ્તવનાઓ પર સંવેદના) (સ્તવન-૧ થી ૫)
- **પ્રભુનો પ્યારો સ્પર્શ**
  (પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર (૧ થી ૪) પરની વાચનાઓ)
- **આત્માનુભૂતિ**
  (યોગપ્રદીપ, જ્ઞાનસાર આદિ ગ્રન્થો તથા પૂ. ચિદાનંદજી મહારાજનાં પદોમાં મળતાં સાધના-સૂત્રો પર વિશ્લેષણ)
- **અસ્તિત્વનું પરોઢ**
  (હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા પર સ્વાધ્યાય)
- **અનુભૂતિનું આકાશ**
  (પૂ. દેવચન્દ્રજી મહારાજની અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય પર અનુપ્રેક્ષા)
- **રોમે રોમે પરમસ્પર્શ**
  (દેવાધિદેવ પ્રભુ મહાવીરની સાડાબાર વરસની લોકોત્તર સાધનાની આંતર કથા)
- **પ્રભુના હસ્તાક્ષર**
  (પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્રનાં કેટલાંક સાધનાસૂત્રો પર સ્વાધ્યાય)
- **ધ્યાન અને કાયોત્સર્ગ (દ્વિતીય આવૃત્તિ)**
  (ધ્યાન અને કાયોત્સર્ગ વિશેનો શાસ્ત્રીય સન્દર્ભો સાથેનો સ્વાધ્યાય)
- **પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે**
  (નવપદ સાધના)
- **એકાન્તનો વૈભવ (તૃતીય આવૃત્તિ)**
  (સ્મરણ યાત્રા)
- **રસો વૈ સઃ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી અભિનન્દન જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **સાધનાપથ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી સુવિધિનાથ જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **પરમ ! તારા માર્ગે (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત પ્રભુ મહાવીર સ્તવના પર સ્વાધ્યાય)
- **પ્રગટ્યો પૂરન રાગ**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત પ્રભુ નેમિનાથ સ્તવના પર સ્વાધ્યાય)






Kirit Graphics-09898490091